
સુવર્ણજયંતી-વર્ષ · અંક ત્રીજો · માર્ચ · ઓગણીસસો તોંતેર · સળંગ અંક ૫૯૧

કુમાર

તંત્રી · બચુભાઈ રાવત



ભાઈનો ભાર (હો વિંગ ચાક કોરિયા) ધી ફોટો આર્ટ ગ્રુપ-દિલ્હી અને એફ-૧૧ કૅમેરાલિસ્ટ-અમદાવાદ-યોજિત આંતરરાષ્ટ્રીય ફોટો-પ્રદર્શનમ
એમના સૌજન્યથી



રાગ વસંત : શૃંગાર રસ જનક ગંભીર પ્રકૃતિનો રાગ. વર્ણ ચંદન અર્ચિત શ્યામ; શ્વેત અને રક્તવર્ણી વસન; એક હાથમાં આમ્રમંજરી ને બીજામાં તાંબુલ ઈત્યાદિ લક્ષણો આ રાગ અંગે વર્ણવેલાં છે. વસંત ઋતુને અનુરૂપ આ લક્ષણો સાથે વસંતોત્સવ કે મદનોત્સવ યા હોલીખેલન વગેરેનું અનુસંધાન પણ સ્પષ્ટ છે. અઢારમી સદીની, ગુજરાતના સીમાપ્રદેશ પરના સીરોહી રાજ્યમાં થએલી આ ચિત્રકૃતિમાં નવ-મંજરીયુક્ત આમ્રવૃક્ષો ને તેમાં ગહેકતા મોર સાથે વસંત રાગ અને ઋતુની લાક્ષણિકતાઓ. સાંકળી લઈ હોલીખેલન-નું પ્રાચીન શૈલીએ સુંદર આલેખન કર્યું છે.

અનુક્રમણિકા

માર્ચ ૧૯૭૩ · અંક ૫૯૧

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમારપ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ.
વાર્ષિકલવાજમ: રૂ. ૧૮-૦૦; પરદેશ: રૂ. ૨૮; યા પા. ૧-૬૦. યા ડૉ.૪ છૂટક નકલ: રૂ.૧-૭૫

વતનથી દૂર / રામચંદ્ર બ. પટેલ

· શિખરિણી સૉનેટ ·

બપોરે ઉનાળુ પવન પર હૈયું તરતું હું
મૂકું, ત્યાં તો આંખે સગપણ થઈ કોક ઊગતું
રહે. ને લોહીનું જગ બધું હિલોળાઈ તરત
ચીખી ઊઠી ફાટે, રજ રજ થઈ સાન્ધ્ય નભ શું

ઢળે. એમાં જાગે ક્ષિતિજતટ બેઠેલ શિવનું
જગે દેરું; ઘેરો વડ, શીતલ છાંયો, મદભર્યો
જમે કૂવો, ઊંડો પથ, વળી વહે નિર્મલ નદી;
નદીકાંઠે વૃક્ષો, વિહગ ઊડતાં જાય હળવે...

પડે અંધારું જ્યાં પૂરવ દિશથી ચંદ્ર ચડતો
ધીરે આવે જાણે અતિથિ ઘરનો; ગામ સઘળું
ઠરે ત્યારે શી તું તુલસીદીપનું ધ્યાન ધરતી!
પછી રહેકી રે'તું કસબ શું બની આંગણું બધું...

અહીં હું શોધું છું ઘડી ઘડી અને ના કશું જડે,
અને આ હૈયાના રુધિર પર ભેંકાર રખડે.

વલોણું / વ્રજલાલ દવે

આકાશનું સમદર વલોણું,
એકલો, અણુથાક તાણે કાળ એનું નેતરું;
શું રત્નના ઊમટી પડે છે ઢગ, ભલા?
કે વજ્રઘંટ્યાં ઘૂમણોના ઠેલથી ઊછળી, છળી,
ફેંકાય છે સૌ શંખલાં ને છીપલાં!

શહેરે લખેલી ગઝલ

ભગવતીકુમાર શર્મા

ટેલિવિઝનમાં હું ચહેરાયા કરું.
ઍરકન્ડીશનમાં તણખાયા કરું.

હું હથેળી જેવડું આકાશ છું,
સ્કાઈસ્ક્રેપરથી ય તરડાયા કરું.

છે અહીં ટ્રાન્ઝિસ્ટરોની આમ્રકુંજ,
ટહુકે ટહુકે તો ય રૂંધાયા કરું.

પુશ-બટન છું, હર ક્ષણે ઇન્સ્ટન્ટ છું,
રિક્ત કૉફીકપમાં છલકાયા કરું.

મીણ્ ઑગળવાની પળ વીતી ગઈ;
માર્ગના આસ્ફાલ્ટમાં પીગળ્યા કરું.

હું ડબલ-ડેકરના જંગલમાં સતત
એવડો ચહેરો લઈ ભટક્યા કરું.

સંસ્કૃતિનું હું તો વનવાગોળ છું;
એક ઊંચા ટાવરે લટક્યા કરું.

ચલો ચરણ / ઇશ્વરભાઈ પટેલ

· પૃથ્વી સૉનેટ ·

ચલો ચરણ ઢૂકડું ઘર હવે: નથી સંધિકા,
ગૃહે દીપ પ્રકાશશે, નવલ લોમ ખૂલી જશે,
ભ્રમે સભર ગામને ઘર હવાની ચંપી હશે,
અને જગત દેગડું દૂધની ધાર હા રેલશે!

બધે તિમિર હા હશે, ઘર હશે મઢ્યું તેજથી.
સમે વિ-લય સૃષ્ટિને જલધિ પે મનુ ના અહો!
ભરેલ સઘળાં બીજે, ઉરગ, ચોપગે, કીટકે.

હશે શુનક દ્વાર પે, બળદ-ડોલતી ઓસરી
જમંત રવ ઝિલ્લીને, છત પરે ગરોળી કીટ
પ્રસુપ્ત, વળી હિંસકો ચૂપકીલી ભરી ફાળને
ધપે મૂષક પૂંઠળે—સઘળું એ હશે, સૌ હશે.
વળી ય શિરમોર શા વટપુટે સૂતા ક્હાન ત્યાં.

થશે નવ પ્રભાત ને ધરતી હા નવોઢા હશે,
લઘુક મનુકુલ આ રત હશે નવા સર્જને.

ચલો ચરણ: શ્રમિત ખેડૂત ખેતરમાંથી સંધ્યા કાળે ઘરે પાછો વળે છે તે સમયના એના મનોભાવોનું નિરૂપણ કરતું સૉનેટ. ત્રીજી પંક્તિમાંની નવીન કલ્પનાથી માંડીને અંત સુધી આ કાવ્યમાં કવિએ ખેડુની સ્મૃતિ દ્વારા ગ્રામગૃહનાં તાદશ્ય અને રમ્ય ચિત્રો ઊભાં કર્યાં છે. ખેડૂતના ઘરનું વાતાવરણ સૃષ્ટિના જળપ્રલય કાળે અનાજના બીજથી માંડી સર્વપ્રકારનાં જીવજંતુ પશુપંખી નોઆહના જહાજમાં જે એકત્વભાવે સમાઈને બચી ગયા એ બાઈબલકથાનું રૂપક ઘરને માટે છઠ્ઠી પંક્તિમાં યોજીને કવિએ ઉરગ (સાપ), કીટક, શુનક (કુરકુરિયું), ઓસરીમાં ડોલતા બળદો, ઝિલ્લીરવ (તમરાંનો અવાજ), ગરોળી, મૂષક પાછળ દોડતી બિલ્લી વગેરેના ચિત્રાત્મક ઉલ્લેખોથી સજીવ કર્યું છે. વટપૂટે સૂતા ક્હાનના ઉલ્લેખ દ્વારા ઘરમાં ઘોડિયે સૂતા બાળકનો નિર્દેશ કરીને તેનો વાત્સલ્યભાવ પણ કવિએ ઉત્તમ રીતે ગૂંથી દીધો છે. અંતે શ્રમિત ખેડૂતની નિજ ઘરમાં શાંત રાત્રિ બાદ ઉષાના ચિત્રથી અને તે સાથે ફરી સર્જનમાં લાગી જવાની તેની ઇચ્છા દ્વારા ઉત્સાહભર પુરુષાર્થનો મહિમા ગાયો છે.

વતનથી દૂર: વતનથી દૂર કાવ્યનાયકની એક ઉનાળુ બપોરે સ્મૃતિ સળવળે છે, અને નાયિકાનો વિરહ એને સતાવી રહે છે. એ સાથે જ નિજ વતનની ગ્રામભૂમિનાં મધુર ચિત્રો —શિવનું દેરું, ઘેઘૂર વડ, ઊંડો કૂવો, નિર્મળ નદી, વિહંગો —એની આંખ સામે તરવરી રહે છે. વળી, એ ચિત્રોના કેન્દ્રમાં તો છે ઢળતી સાંજે તુલસીક્યારે દીપ ધરતી પેલી નાયિકા! એનાથી તો આખું ય આંગણું મહેકી ઊઠે છે. પણ સ્મૃતિનો આ આનંદ સૉનેટની અંતિમ બે પંક્તિઓમાં વિષાદમાં પલટાઈ જાય છે. પ્રથમ બાર પંક્તિઓનાં મધુર ચિત્રોની પડછે વતનથી દૂર રહેલા કાવ્યનાયકનો વિષાદ અધિક ઘેરો બને છે. પ્રાસાદિક બાની, ઊગતા ચંદ્રને 'જાણે અતિથિ ઘરનો' કહેવાની ઉત્પ્રેક્ષા, ટૂંકાં સાહજિક વ્યંગ્યાત્મક શબ્દચિત્રો કાવ્યને વધુ આસ્વાદ્ય બનાવે છે. **વલોણું**: સમુદ્રમંથનનું રૂપક લઈને આલેખેલા આકાશના ચિત્ર દ્વારા માનવીના સંઘર્ષમય જીવનમાં પ્રકટતાં આશાનિરાશાનું નિરૂપણ. **શહેરે લખેલી ગઝલ**: ટેલિવિઝન, ઍરકંડિશન, સ્કાઈસ્ક્રેપર, ટ્રાન્ઝિસ્ટર, પુશ-બટન વગેરેના ઉલ્લેખોથી શહેરનું વાતાવરણ ઊભું કરીને આ ગઝલમાં એ જીવનની વિરૂપતાનાં વિવિધ સ્વરૂપો દર્દથી નિરૂપ્યાં છે.

'મને ચાહતા હો તો મારા કામને ચાહજો'

મોતીભાઈ અમીન

મૂક કર્મયોગી મોતીભાઈ અમીને, વડોદરા રાજ્યના પુસ્તકાલય ખાતામાંથી નિવૃત્તિ લીધી ત્યારે પોતાના સાથીદારોને આ સંદેશો આપેલો; અને ખરેખર, કોઈ પણ મહાન વ્યક્તિના જીવનનો સાચો સંદેશ આ જ હોઈ શકે. એમાં કાર્યપરાયણ મોતીભાઈનું જીવન તો આની સવિશેષ સાક્ષીરૂપ છે.

હજુ યુવાનીને ઉંબરે પગ માંડતા હતા ત્યારે જ એમણે પોતાના કર્મયોગનો આરંભ કરી દીધેલો. એ વર્ષ ઈ. ૧૮૮૮નું. વાચન, મનન અને ચર્ચા માટે એમણે અગિયાર વિદ્યાર્થીઓનો સંઘ સ્થાપ્યો. આ અવિધિસરના સંઘનું નામ આપ્યું 'વિદ્યાર્થી સમાજ'. ચરોતરમાં આવેલા પોતાના વતન વસોમાં નવી નીકળેલી અંગ્રેજી શાળાના બીજા ધોરણમાં એ ત્યારે અભ્યાસ કરતા. એ વખતના હેડમાસ્તર શ્રી મગનભાઈ ચતુરભાઈ અમીને એમનામાં સ્વદેશપ્રેમ, સમયપાલન, વ્યવસ્થા, દઢતા, સત્ય વગેરે ચારિત્ર્યગુણો ખીલવ્યા. વળી, એ જ અરસામાં પોતાના મિત્ર લાલાજીના સાહિત્યપ્રિય પિતાનો તથા તેમના ય મિત્ર મગનલાલ ભટ્ટનો મોતીભાઈને વધુ પરિચય થયો. પરિણામે મોતીભાઈને પણ વાચનનો નાદ લાગ્યો. રજાઓ પડે અને આ વાચનરસિયાઓ નવાં પ્રગટ થએલાં પુસ્તકો શહેરમાંથી લાવે. એ વંચાય ને એની ચર્ચા થાય. શિક્ષણપ્રેમ અને શિષ્ટ વાચનપ્રવૃત્તિનાં બીજ અહીંયાં વવાયાં.

આજથી સો વર્ષ પૂર્વે ઈ. ૧૮૭૩ના નવેમ્બરની ૨૯મી તારીખે પોતાના મોસાળ અલિંદ્રામાં જન્મેલા મોતીભાઈનું ભાવિ આમ સ્વપ્રયત્ને નિર્માણ થતું જતું હતું. વિશાળ દિલના અને હેતાળ મનના પિતા નરસિંહભાઈ પેટલાદની વહીવટદાર કચેરીમાં કારકુન હતા. એમનું મૃત્યુ થયું ત્યારે મોતીભાઈનું આયુ નવ વર્ષનું. હવે કાકા હરિભાઈ અને માતા જીબા તથા અપરમા હરખાબાના હાથમાં એમનો ઉછેર રહ્યો. હરિકાકા દઢાગ્રહી, જીબા દુનિયાદારીથી અલિપ્ત અને હરખાબા વ્યવહારકુશળ. મોતીભાઈમાં આ બધા જ અંશો સમરસ થયા. દુનિયાદારીથી અલિપ્ત પ્રકૃતિના મોતીભાઈ પોતાના સિદ્ધાંતોમાં દઢાગ્રહી હતા અને કામ પાર પાડવામાં વ્યવહારદક્ષ પણ ખરા.

મોટા થયા પછી એમણે બાળલગ્નની જે પ્રથાનો વિરોધ કરેલો તેનો જ પોતે છ વર્ષની વયે ભોગ થઈ પડેલા! છ વર્ષના બાળક મોતીભાઈને સાત વર્ષનાં રૂપબા સાથે પરણાવીને કુટુંબીઓએ લગ્નનો લહાવો લીધો હશે! આઠ વર્ષની ઉંમરે વસોની પ્રાથમિક શાળામાં જવાનું શરૂ કર્યું તે પહેલાં જ પરિણય-શાળાનો એકડો આમ ઘૂંટાઈ ગયો. ઈ. ૧૮૮૭માં એમણે છઠ્ઠા ધોરણની પરીક્ષા આપી. ૧૮૮૮માં નવી અંગ્રેજી શાળામાં 'વિદ્યાર્થી સમાજ'ની સ્થાપના કરીને ભાવિ કારકિર્દીના અજ્ઞાતપણે શ્રી ગણેશ માંડ્યા. ઈ. ૧૮૮૯માં હાઈસ્કૂલના અભ્યાસ માટે એઓ વડોદરા ગયા. ત્યાં કમાટીબાગના ખૂણે આવેલા રામજીમંદિરમાં ધામો નાખ્યો. અહીં પણ એમણે અન્ય છાત્રોને પુસ્તકવાચન માટે પ્રેર્યા. પરિણામે વસોના વિદ્યાર્થીઓએ દર મહિને એક રૂપિયાની બચત કરી તેનાં પુસ્તકો ખરીદી ત્યાં પોતાના 'વિદ્યાર્થી સમાજ પુસ્તકાલય'ની સ્થાપના કરી.

પણ આવી ઈતર પ્રવૃત્તિમાં આગળ પડતા મોતીભાઈ અભ્યાસમાં કાચા પડતા હતા. અંગ્રેજી, સંસ્કૃત અને ગણિત એમને વધુ પરેશાન કરતાં. એથી તો એ મૅટ્રિકમાં બે વાર નાપાસ થએલા! આમ છતાંય એમણે હિમ્મત ગુમાવેલી નહિ. એ નિષ્ફળતાએ એમને નિરાશ કરવાને બદલે મૅટ્રિક પાસ કરવા દઢનિશ્ચયી બનાવ્યા. અને ઈ. ૧૮૯૪માં ત્રીજા પ્રયત્ને એમણે વડોદરા રાજ્યમાં પાંચમે નંબરે મૅટ્રિકની પરીક્ષા પસાર કરી અને રૂપિયા પાંચની શિષ્યવૃત્તિ પણ મેળવી. આમ કુદરતે આપેલી મર્યાદિત શક્તિ પર એમણે પુરુષાર્થનો વિજય કરી બતાવ્યો.

મૅટ્રિકની પરીક્ષા આપવા તેઓ અમદાવાદ ગએલા. રાયપુરમાં આકાશેઠ કુવાની પોળને નાકે એમનો ઉતારો. સામે જ લેડી વિદ્યાગૌરીના પિતા ગોપીલાલ ધ્રુવ રહે. સુધારાવાદી આ કુટુંબની બે બહેનો—વિદ્યાબહેન અને શારદાબહેન—ને કૉલેજમાં અભ્યાસ કરવા જતી જોતાં મોતીભાઈને પણ સ્ત્રીકેળવણીનું રૂડું સ્વપ્ન જાગ્યું, પછીથી તેમણે સ્ત્રીકેળવણીના પ્રયત્નો આદર્યા તેનાં મૂળ આ દશ્યમાં છુપાએલાં હતાં.


મોતીભાઈ મૅટ્રિક પાસ થયા તે જ વર્ષે વડોદરા રાજ્યના શિક્ષણાધિકારી હરગોવિંદદાસ કાંટાવાળાએ વસોની મુલાકાત લીધી. એમના અધ્યક્ષપદે મોતીભાઈએ એક મેળાવડો યોજી, શ્રી કાંટાવાળાના પ્રિય વિષય 'દેશી કારીગરીને ઉત્તેજન' આપવાના હેતુથી એક સમિતિની રચના કરી. આ જ સમિતિએ પછી વસોમાં સાર્વજનિક પુસ્તકાલય સ્થાપવાનો નિર્ણય કર્યો અને તેને અમલમાં પણ મૂકી બતાવ્યો.

મૅટ્રિક તો થયા! પણ હવે? બી. એ. થઈ કોઈ ઉચ્ચ સ્થાને ગોઠવાઈ શકાય તે સમાધાન સાથે હરિકાકાએ મહામહેનતે અનુમતિ આપી અને મોતીભાઈ વડોદરાની કૉલેજમાં પ્રવેશ્યા. પાછા એ જ જૂના રામજીમંદિરમાં વસવાટ. કૉલેજિયન મિત્રો રહે ત્યાં, જમે બહાર. આથી ખૂબ મુશ્કેલી પડતી એટલે મોતીભાઈએ ત્યાં જ કલબ ચલાવવાનું બીડું ઝડપ્યું. અને ઈ. ૧૮૯૫માં રામજીમંદિરના રહીશોની આ કલબ શરૂ થઈ ગઈ. પહેલે જ મહિને સારું ભોજન, સારો વહીવટ અને ઉપરથી રૂપિયા પાંચનો ફાયદો! એમણે આ પાંચ રૂપિયા અલ્પસાધન છાત્રોને સહાય કરવામાં આપી દીધા. યુવાન મોતીભાઈની ઉદારતા, નિઃસ્વાર્થવૃત્તિ, પરોપકારની ભાવના અને સ્વચ્છ વહીવટીશક્તિનું એમાં દર્શન હતું. સહુ સાથે જમતા એટલે એકતાની ભાવના પણ પોષાઈ, પરિણામે ત્યાં રહેતા એ પાંત્રીસ છાત્રો 'ધ થર્ટી ફાઈવ'ને નામે જાણીતા થઈ ગયા.

એમાં પુરોહિત, જીવાભાઈ રેવાભાઈ અને મોતીભાઈની 'ત્રિપુટી' આદર્શ શિષ્યાવસ્થાને લઈને નોખી તરી આવતી. શ્રી પુરોહિતે તો મોતીભાઈની ભાષાશુદ્ધિ અને ઉચ્ચારશુદ્ધિમાં મહત્ત્વનો ફાળો આપેલો. ચરોતરી સમાજમાં ઊછરેલા મોતીભાઈની ભાષા જાડી, ખરબચડી અને અશુદ્ધ. વારેવારે ગાળ બોલવાની પણ કુટેવ. ઉચ્ચારો પણ એવા જ અશુદ્ધ. મોતીભાઈ ગાળ બોલે કે અશુદ્ધ ઉચ્ચાર કરે ત્યાં જ પુરોહિત એમનો હાથ પકડીને કહે: 'એ શું બોલ્યા? ફરી બોલો જોઈએ!' અને મોતીભાઈ શરમાઈ જાય, ધીમેધીમે તેમની ભાષા અને ઉચ્ચારમાં નોંધપાત્ર સુધારો થઈ ગયો. પરિસરમાંથી પ્રાપ્ત થએલી નબળાઈઓ જાતચોકી અને સન્મિત્ર દ્વારા સુધારી શકાય છે તેનું મોતીભાઈ ઉદાહરણ છે.

આ કૉલેજકાળ દરમિયાન એમણે પરાર્થનાં અને સુધારાનાં કાર્યો કરવાં માંડયાં. છપ્પનિયો દુકાળ પડયો ત્યારે મોંઘું અનાજ ખરીદી, તેના રોટલા બનાવી ગરીબોને વહેંચવાની પ્રથા એમણે પાડી, તો બીજી તરફથી બાળલગ્ન, પ્રેતભોજન ને કાણમોકાણ જેવી રૂઢિઓની સામે એમણે સુધારાની શરૂઆત કરી. આ સંસારસુધારાના કાર્યમાં એક વાર એમની કસોટીનો પ્રસંગ આવ્યો. પોતાના મિત્ર સમા પિતરાઈ ભલાભાઈના નાના દીકરાનો વિવાહ હરિકાકાએ મોતીભાઈના મોસાળમાં જ કર્યો. બાળ-

નવા યુગબળને સત્કારનાર, એક કર્તવ્યનિષ્ઠ ને સતત પરિશ્રમશીલ પરોપકારી જ્યોતિર્ધર તથા ગુજરાતની પુસ્તકાલય પ્રવૃત્તિના પુરોધા આત્મા અને પ્રાણ



'ચરોતરનું મોતી'

મોતીભાઈ ન. અમીન

લેખક · ધીરુભાઈ પરીખ

લગ્નનો વિરોધ કરનાર મોતીભાઈ ચૂપ કેમ રહે? લાગલો જ એમણે વિરોધ નોંધાવ્યો. વડીલોએ વ્યાવહારિક તોડ કાઢયો: 'મોતીભાઈ અલિન્દ્રે જઈ વિવાહ ફોક કર્યાની જાહેરાત કરી આવે.' આવી પડયું ધર્મસંકટ! વડીલોને એમ, કે મોસાળમાં જઈ વિરોધ કરવાની હિમ્મત મોતીભાઈ નહિ દાખવે. પણ વડીલોની એ માન્યતા ખોટી પડી. મોતીભાઈએ મોસાળમાં જઈ સહુને સમજાવ્યા. વિવાહ બંધ રહ્યા. મોતીભાઈ આમ સફળ થયા, અને સુધારાનાં કાર્યોમાં વધુ હામ આવી.

આ ગાળા દરમિયાન એમણે ઘણાં અંગ્રેજી તથા ગુજરાતી પુસ્તકો વાંચ્યાં. એવામાં જ બહાર પડેલું આપબળે ઉન્નતિ પામેલા અમેરિકન મહામાનવ 'બૅન્જામિન ફ્રૅંકલિનનું જીવનવૃત્તાંત' એમણે વાંચ્યું. એની અસર એમના પર ખૂબ ઊંડી થઈ. એમાંના 'જાતકેળવણી' નામના પ્રકરણમાંથી તો એમને ચારિત્ર્ય ખીલવવાની ચાવી જ હાથ લાગી ગઈ. બૅન્જામિનની જેમ મોતીભાઈએ પણ પોતાના સદ્‌ગુણ–દુર્ગુણનાં પત્રકો બનાવ્યાં. પોતાના દુર્ગુણની નોંધ નિખાલસ આત્મનિરીક્ષણથી એઓ એક સ્થાને આમ કરે છે: 'નિશ્ચયબળની શિથિલતા, બુઠ્ઠી વાણી, ગાળો બોલવાની ટેવ, મુલતવી રાખવાની ટેવ, ગપ્પાં મારવાની ટેવ, બેદરકારી, ગુસ્સો, આળસ, બીજાનું ભૂંડુ બોલવું, બોલાવ્યા સિવાય બોલવું.' પરંતુ પોતાના દુર્ગુણોની માત્ર યાદી કરીને જ એઓ સંતોષ નહોતા માનતા. એ માટે એમણે સિદ્ધાંત પણ સ્વીકાર્યો હતો: 'ખરાબ ટેવ દેખાય કે તરત તેને ઉખેડી નાખવી એ ઉત્તમ છે. ન્હાનામાં નાની કુટેવ પણ વખત જતાં મોટામાં મોટી બને છે. આવી બાબતમાં આળસ કદી કરવી નહિ. સામાન્ય જનહિત માટે અતિ મહાન કાર્યો કરવાને આપણે શક્તિમાન ન હોઈએ તો આપણા ઉત્તમ ચારિત્ર્યનું દૃષ્ટાંત ખડું કરીને આપણે સંતોષ માનવો.' અને એમણે આ સિદ્ધાન્ત જીવનમાં હમેશાં અમલી બનાવ્યો. સાવ અદના આદમીમાંથી આવી જાતકેળવણી દ્વારા એમણે સમાજને 'ઉત્તમ ચારિત્ર્યનું દૃષ્ટાંત' પૂરું પાડયું છે. એમનો આ વિદ્યાર્થીકાળ એટલે દુર્ગુણો દૂર કરવાનો અને સદ્‌ગુણો વિકસાવવાનો પરમ પુરુષાર્થ.

આખરે છ વર્ષે ઈ. ૧૯૦૦માં મોતીભાઈ બી.એ. થયા. માંહ્યલો ઝંખતો'તો શિક્ષક થવા. આરંભ તો સાનુકૂળ લાગ્યો; કારણ કે વડોદરામાં જ શિક્ષકની કામચલાઉ નોકરી મળી ગઈ. પરંતુ એ મુદત પૂરી થતાં જ નોકરી છૂટી ગઈ. ફરી પ્રયાસ કર્યા. ત્યારે નોકરી ક્યાં મળી? દીવાન-કચેરીમાં. શિક્ષકજીવ જાણે ફાઈલોના ફંદામાં ફસાયો! કચેરીમાં એક દિવસ ભર્યો અને સાંજે એમણે નિર્ણય કરી લીધો–નોકરી છોડી દેવાનો. બીજા દિવસથી જ કચેરીમાં જવાનું બંધ. વડીલો અને મિત્રોને આ ગાંડપણ લાગ્યું. આવી સાહેબશાહી નોકરી છોડી 'પંતુજી'નો માર્ગ પસંદ કરનાર મોતીભાઈને લોકોએ મૂરખ માન્યા. પણ શિક્ષણ દ્વારા ઊગતી પેઢીને સંસ્કારીસિંચન દ્વારા ઉછેરવાની મનોમન ગાંઠ વાળી હતી. મોતીભાઈને માટે એ જ શાણપણનો માર્ગ હતો. પ્રયત્ન કરતાં પાટણમાં રૂપિયા પિસ્તાળીસના પગારે શિક્ષકની નોકરી મળી ગઈ. આમ, ઈ. ૧૯૦૨માં એમણે શિક્ષક તરીકેની કારકિર્દીનો પ્રારંભ કર્યો.

અહીં એમનો શિક્ષકજીવ કૉળવા લાગ્યો. શિક્ષણ ઉપરાંત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસમાં એઓ રસ લેવા લાગ્યા. શાળા છૂટે એટલે વિદ્યાર્થીઓને એકઠા કરે. ચર્ચાઓ કરે. સ્પર્ધાઓ યોજી રમતોમાં રસ જગાડે. વ્યાયામનો શૉખ લગાડે. આનંદપર્યટનો યોજી સંઘજીવનનો લાભ અનુભવાવે, પુસ્તકોની વાતો કરી વાચનભૂખ જગાડે. અભ્યાસમાં કાચા વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય તો કરે જ, પણ વિદ્યાર્થીઓને જરૂરી આર્થિક મદદ પણ કરે. તે સમયે વિદ્યાર્થીઓને મોતીભાઈ પાસેથી પ્રેમાળ વડીલોનું વ્હાલ મળતું.

આ ઉપરાંત સામાજિક ક્ષેત્રે પણ એમણે કામગીરી આરંભી દીધી. પાટણમાં હોળીના તહેવારની બીભત્સ ઉજવણી થતી. તે બંધ કરાવવા આ એક મામૂલી શિક્ષકે અથાક પ્રયત્નો કર્યા અને સફળતાને વર્યા. એક વર્ષે પાટણમાં રેલસંકટ આવ્યું. સૅંકડો ઘર પડી ગયાં. હજારો બેઘર બન્યાં. મોતીભાઈનો જીવ કેમ જંપે? એમણે રાહત માટે ફાળો ઉઘરાવ્યો. લોકોના આશ્ચર્ય વચ્ચે એમણે જ વતનથી દૂર આ નવા પ્રદેશોમાં આશ્ચર્યજનક કામ કરી બતાવ્યું. જેને કામ કરવું જ છે તે તો અજાણી ભૂમિમાં પણ અમૂંઝાતો નથી. આમ, ૧૯૦૫ સુધીમાં તો એમણે પાટણવાસીઓનાં દિલ જીતી લીધાં. ત્યાં જ પેટલાદ બદલી થયાનો હુકમ આવ્યો. પાટણની પ્રજાએ મોતીભાઈની નિર્વ્યાજ સેવાને માનપત્રથી બિરદાવવાનો મનસૂબો કર્યો. પણ આત્મસંતોષ ખાતર કામ કરનાર મૂક કર્મયોગીને વળી માન-મરતબા શા? એવી દઢ વિચારણાવાળા મોતીભાઈ તો આવી પ્રસિદ્ધિ અને પ્રશંસાથી દૂર ભાગતા એટલે એમણે માનપત્રની એ પ્રવૃત્તિનો ઇન્કાર કરી દીધો. જો કે એમનાથી છાની રીતે શુભેચ્છકોએ માનપત્ર છપાવ્યું; અને મોતીભાઈની વિદાય વેળાએ ગાડીના ડબ્બામાં એમનાં પત્ની રૂપબાના ખોળામાં ધરી દીધું પણ નિર્લેપ મોતીભાઈએ એ માનપત્રને કદી દીવાલ પર લટકાવ્યું નહોતું.



વચ્ચે ઊભેલા મોતીભાઈ, ૧૮૯૮માં 'ધી થર્ટીફાઈવ'માંના એક.

પાટણથી હવે પેટલાદ. આ તો પોતાનો જ પ્રદેશ. ૧૯૧૦ સુધી ત્યાં અંગ્રેજી શાળાના હેડમાસ્તર તરીકેની કામગીરી બજાવી. વિદ્યાર્થીઓમાં તો એમનો જીવંત રસ. વિદ્યાર્થીઓની મુસીબતોને એ પોતાની જ મુસીબત ગણતા. આથી બહારગામથી ભણવા આવતા વિદ્યાર્થીઓ માટે એમણે ઈ. ૧૯૦૬ માં એક છાત્રાલય શરૂ કર્યું. નામ આપ્યું 'પેટલાદ બોર્ડિંગ હાઉસ' વળી, પુસ્તકોને પ્રાધાન્ય આપનાર મોતીભાઈએ પેટલાદ રહ્યે રહ્યે એકલે હાથે જ ગુજરાતીમાં 'મિત્રમંડળ પુસ્તકાલયો'ની પ્રવૃત્તિ શરૂ કરી. એવામાં જ સ્વ. અમૃતલાલ સુંદરજી પઢિયારનું 'સંસારમાં સ્વર્ગ' અને ભાવનગર રાજ્યે પ્રગટ કરેલું 'સંગીત નીતિવિનોદ' એમના વાંચવામાં આવ્યાં. આવા શિષ્ટ વાચનનો ફેલાવો પ્રજામાં કરવો જોઈએ એવી દઢ પ્રતીતિપૂર્વક ઈ. ૧૯૦૬માં એમણે વડોદરાની મેઈલ ટ્રેનિંગ કૉલેજના તાલીમાર્થી શિક્ષકો સમક્ષ એક યોજના રજૂ કરી કે તાલીમ પામીને જે શિક્ષક પોતાના ગામ ગયા બાદ ૧૦-૧૫ રૂપિયા મોકલી આપશે તેને ત્યાં પુસ્તકાલય શરૂ કરવા પોતાના તરફથી મોતીભાઈ ૨૦-૩૦ રૂપિયાનાં વર્તમાનપત્રો અને પુસ્તકો મોકલી આપશે. ૫૦ શિક્ષકોએ આ યોજના ઉપાડી લીધી. પહેલે જ ધડાકે આમ ૫૦ ગામોને એમણે નાનકડાં પુસ્તકાલયો પૂરાં પાડયાં. આમ જાણીતી 'મિત્રમંડળ પુસ્તકાલયો'ની પ્રવૃત્તિનો જન્મ થયો. પછી તો એનો વિસ્તાર ૧૫૦ ગામો સુધી પહોંચ્યો. ને આ પ્રવૃત્તિ વિકસતી જ ગઈ.

પરિણામ સુખદ આવ્યું. વડોદરા નરેશ સયાજીરાવ ગાયકવાડ ત્યારે અમેરિકાના પ્રવાસે હતા. ત્યાંની પુસ્તકપ્રવૃત્તિથી એ પ્રભાવિત થયા. પોતાના રાજ્યમાં લોકશિક્ષણની એ પ્રવૃત્તિને સંગીન સ્વરૂપ આપવા ત્યાંની પુસ્તકાલય પ્રવૃત્તિના નિષ્ણાત શ્રી બોર્ડનને એ વડોદરે લાવ્યા અને એમને મદદરૂપ થવા માટે મોતીભાઈ અમીનની મદદનીશ વ્યવસ્થાપક તરીકે ઈ. ૧૯૧૧માં નિમણૂક કરવામાં આવી. આમ તો નિમણૂક એક વર્ષ માટે જ હતી. પણ પછી તો નિવૃત્ત થયા ત્યાં સુધી એ પ્રવૃત્તિમાં જ એમને રોકી લેવામાં આવ્યા. એમની સૂઝસમજ અને સહાયથી શરૂઆતમાં બે વર્ષ દરમિયાન જ વડોદરા રાજ્યમાં લગભગ ૪૦૦ પુસ્તકાલયો શરૂ થઈ ગયાં, મોતીભાઈ આમ સાચી રીતે જ પુસ્તકાલય પ્રવૃત્તિના પિતા બન્યા. અખિલ હિંદ પુસ્તકાલય પરિષદે ઈ. ૧૯૩૨ની બેઠકમાં મોતીભાઈને 'ગ્રંથપાલ કદમ પિતામહ'નું બિરૂદ આપી યોગ્ય રીતે જ નવાજ્યા. એમની પ્રવૃત્તિઓને બિરદાવવા એક અભિનંદન ગ્રંથ પ્રગટ કરવાનું વિચારાયું. પરંતુ માનચાંદથી હમેશાં દૂર ભાગનાર મોતીભાઈએ એવા ગ્રન્થનું પ્રકાશન બંધ રખાવ્યું. ગાયકવાડ સરકારે આપવા ધારેલું માન પણ એમણે ન સ્વીકાર્યું. સાહિત્ય પરિષદના કરાચી અધિવેશનમાં પુસ્તકાલય વિભાગનું પ્રમુખસ્થાન લેવા મોતીભાઈને કહેવામાં આવ્યું. મોતીભાઈએ એ પ્રમુખસ્થાનનો પણ અસ્વીકાર કર્યો. સભાસમારંભો, ભાષણો, ઉદ્‌ઘાટનો અને પ્રમુખસ્થાનોથી સદા દૂર રહી મોતીભાઈએ જે અવિરત સેવાયજ્ઞ કર્યો છે તે આજે પણ કોઈ પણ ક્ષેત્રના 'સેવક'ને માટે ઉમદા દૃષ્ટાંતરૂપ છે.

એમણે જ પ્રજાને શિષ્ટવાચન સસ્તા ભાવે પૂરું પાડવા ચૂંટેલી કૃતિઓનાં સામયિક 'ગદ્યપદ્યસંગ્રહ' પ્રગટ કરવાની પ્રવૃત્તિ શરૂ કરી હતી. 'પુસ્તકાલય સહાયક સહકારી મંડળ લિમિટેડ' જેવી પ્રથમ સહકારી સંસ્થાની શરૂઆત પણ એમણે જ કરેલી. 'વડોદરા રાજ્ય પુસ્તકાલય મંડળ' તથા 'પુસ્તકાલય' માસિક પણ એમને જ આભારી છે. આમ, ગુજરાતની પ્રજામાં શિષ્ટવાચનનો શોખ વધારવાનું ભગીરથ કાર્ય કર્યું.

કેળવણીના ક્ષેત્રમાં એમણે બાલમંદિરથી માંડીને ઉચ્ચ કેળવણીના ક્ષેત્ર સુધી આત્મા રેડયો. વસોના ઉદારચરિત દરબાર ગોપાળદાસનાં પ્રથમ પત્ની પુત્ર મૂકીને મૃત્યુ પામ્યાં. તેને કેળવવા મોતીભાઈએ દરબારને મૉન્ટેસૉરી પદ્ધતિ બતાવી. આ યોજનાનો લાભ ગામનાં બાળકોને મળી શકે એ આશયથી દરબાર ગોપાળદાસે પોતાની હવેલીમાં બાલમંદિર શરૂ કરાવ્યું. આમ, ગુજરાતનું સર્વ પ્રથમ બાલમંદિર ઈ. ૧૯૧૫ના જાન્યુઆરીની ૧લી તારીખે વસોમાં શરૂ થયું એ જ વર્ષે ઑગસ્ટમાં બે બાળવર્ગ અને ચાર પ્રાથમિક વર્ગોવાળી કુલ છ વર્ગની 'નવી ગુજરાતી શાળા' ત્યાં શરૂ થઈ. આ હતી ગુજરાતની સર્વ પ્રથમ મૉન્ટીસૉરી શાળા. એ જ અરસામાં ત્યાં બાલ પુસ્તકાલયનું મકાન પૂરું થયું એના ઉદ્‌ઘાટન વિધિમાં દરબાર ગોપાળદાસ પોતાની સાથે વઢવાણના વકીલ ગિરિજાશંકર ભગવાનજી બધેકાને તેડતા આવ્યા. તે શાળા અને તેનાં સાધનોથી ગિરિજાશંકરભાઈ પ્રભાવિત થયા. એમને બાળકેળવણીમાં રસ જાગ્યો. પ્રજાના વકીલ મટી એ બાળકોની કેળવણીના વકીલ બન્યા. પછીથી બાળકેળવણીના ઝંડાધારી 'ગિજુભાઈ'નું આમ સર્જન કરવામાં પણ મોતીભાઈનો પરોક્ષ ફાળો નાનોસૂનો ન ગણાય. ઈ. ૧૯૧૬માં, પૂનાની 'ડેક્કન એડ્યુકેશન સોસાએટી' પરથી પ્રેરણા લઈ, આણંદ ખાતે 'ચરોતર એડ્યુકેશન સોસાએટી'ની સ્થાપના કરી. અને ચરોતરના વિદ્યાર્થીઓને મુશ્કેલીમાં જરૂરી રકમ લોન તરીકે આપવા 'ચરોતર વિદ્યાર્થી સહાયક સહકારી મંડળ' સ્થાપ્યું, આમ, શિક્ષણની આદર્શ સંસ્થાઓ ઊભી કરી એમણે લોકશિક્ષણનું અદ્‌ભુત કાર્ય કરી બતાવ્યું. આજે શિક્ષણને એક વ્યવસાય તરીકે અપનાવતા 'શિક્ષકો' માટે મોતીભાઈનું શિક્ષકજીવન પ્રેરણાસ્રોત બની શકે તેવું છે.

શિક્ષણક્ષેત્રે આવી પ્રશસ્ય કામગીરી કરી જનાર મોતીભાઈએ સામાજિકક્ષેત્રે પણ સુધારો કરવા બનતા પ્રયાસો કર્યા હતા. એમની જ્ઞાતિના પરઠણ જેવા રિવાજનો પણ એમણે વિરોધ કરેલો. વળી, ત્યાંના સમાજમાં એક એવો રિવાજ કે સ્ત્રીઓથી પગરખાં ન પહેરાય! આથી સ્ત્રીઓને કાણેમોકાણે બહારગામ જવાનું થાય ત્યારે બળબળતા ઉનાળે શેકાતી સડકો પર ઉઘાડે પગે ચાલવું પડે. આ રિવાજને દૂર કરવા એમણે શાંત સક્રિય 'બંડ' કર્યું. વસો અને આણંદ સ્ટેશને એઓ પગરખાંઝોળીઓ લઈ સ્વયંસેવકોને ઊભા રાખે. પેલા સ્વયંસેવકો આ સ્ત્રીઓને રસ્તો કાપવા પગરખાં આપે. અને ગામમાં પ્રવેશતાં એ પગરખાં પાછાં લઈ લે. જાણે એમણે 'પગરખાંની પરબ' શરૂ કરી!

એ કાળે સ્ત્રીકેળવણી નહિવત્. ત્યાં બહેનોને જાહેરમાં આવવાની તો તક જ કયાં હોય? મોતીભાઈ વિદ્યાર્થિનીઓને અર્ધી ફીએ શાળામાં દાખલ કરે, ચર્ચાસંવાદોમાં ઉતારે ને આમ જાહેરમાં આગળ આવવાની તક પૂરી પાડે. ઈ. ૧૯૩૪-૩૫માં 'ચરોતર વ્યાયામવીર સંમેલન' સોજિત્રામાં મળ્યું ત્યારે મોતીભાઈના એક શિષ્યની પુત્રીએ સંવાદમાં રંગમંચ પર ભાગ લીધો. સામાજિક એટવાળા ચરોતરી પટેલોનાં લોહી સમસમી રહ્યાં. ઉગ્ર વિરોધ થયો. પણ મોતીભાઈ તો અડગ જ રહ્યા. આ રીતે સ્ત્રીઓનો સામાજિક મોભો પ્રસ્થાપિત કરવામાં પણ જહેમત ઉઠાવેલી.

પાટીદાર જ્ઞાતિની કુરૂઢિઓ સામે અવાજ ઉઠાવવા એમણે 'પાટીદાર પત્રિકા' શરૂ કરેલી. પોતાની માતાના મૃત્યુ બાદ રૂઢિગત વરસીનો ખર્ચ બંધ કરી તે રકમ ધર્મશાળાના બાંધકામમાં વાપરી. વળી, અપુત્ર એવા મોતીભાઈને ૩૫ વર્ષની ઉંમરે ફરી લગ્ન કરવા વડીલોએ ઘણું સમજાવ્યા, પરંતુ એકપત્નીવ્રતમાં માનનારાં મોતીભાઈએ ધરાર ના પાડી દીધી. રૂઢિચુસ્ત એવા સમાજની અંદર મોતીભાઈ વ્યાવહારિક કુનેહથી

કામ લેતા અને ધીરેધીરે પણ મક્કમ રીતે સુધારા ભણી આગળ વધતા.

એમનો કાળ એ સ્વરાજ્ય માટેની જાગ્રતિનો કાળ હતો. મોતીભાઈએ ભલે એ ઝુંબેશમાં રાજકીય રીતે ઝંપલાવ્યું નહોતું. પરંતુ નવયુગ માટે પ્રજાને કેળવણી દ્વારા તૈયાર કરવામાં એમણે એટલું જ દેશસેવાનું કાર્ય કર્યું હતું. સ્વરાજ્યમાં પ્રજાની જવાબદારી સંપૂર્ણ સભાન (કોઈ પણ સાચો શિક્ષક હોવો જ જોઈએ.) હતા. એક સ્થળે એઓ લખે છે: 'સ્વરાજ્ય તો ઘોડાપૂરે આવી રહ્યું છે. એને ઝીલવા, એનાં મીઠાં ફળ ચાખવા એને પચાવવા પ્રજા તૈયાર નહિ હોય!' મોતીભાઈની આ આગાહી આજે કેવી કરુણ રીતે સાચી પડી રહી છે! આગળ જતાં એઓ લખે છે: 'હું તો એને જોઈ રહ્યો છું, પ્રજા જો તે માટે તૈયાર નહિ હોય તો તેની સફળતા સંપૂર્ણ નહિ દેખાય.' અન્યત્ર એઓ જણાવે છે: 'પેલું સામેનું ઝાડ જેટલું સ્પષ્ટ મને સ્વરાજ્ય દોડતું આવતું દેખાય છે, પણ જ્યારે એ આવીને ઊભું રહેશે ત્યારે વહેલું આવ્યું લાગશે. કારણ કે ભગુ ઋષિની તપશ્ચર્યાથી ગંગાજી સ્વર્ગમાંથી તો ઊતર્યાં પણ શિવાજી જેવા જટાધારી એને ઝીલનાર મળ્યા ન હોત તો એનો પ્રવાહ પાતાળ તોડી નાખત. તેમ સ્વરાજ્યને ઝીલનારી પ્રજા જો તૈયાર કરી નહિ હોય તો સ્વરાજ્ય માગનારી પ્રજા જ સ્વરાજ્યના તેજથી અંજાઈ જશે અને એ જ પ્રજા સ્વરાજ્યને વગોળી આવેલા સ્વરાજ્યને વેડફી પણ નાખશે.'

એમના આ શબ્દોમાં કોઈને પણ આર્ષદર્શન જણાયા વગર નહિ રહે એમની આ ધગશ આજે પણ પ્રજાઘડતર કરનાર શિક્ષકવર્ગને જરૂર ધડો લેવા જેવી છે.

સ્વદેશીના પણ એઓ ચુસ્ત આગ્રહી. પોતે તો જીવનભર સ્વદેશી પોશાક પહેર્યો જ; પરંતુ પોતાના વિદ્યાર્થીઓ અને મિત્રો માટે પણ એવો જ આગ્રહ રાખતા. એક વાર પેટલાદની શાળાના વિદ્યાર્થીઓ માટે 'ગણવેશ' નક્કી કરવાનું ઠર્યું. ગણવેશ કેવો રાખવો તેનો નિર્ણય વિદ્યાર્થીઓએ જ કરવાનો હતો. એવામાં સાક્ષરવર્ય બ. ક. ઠાકોર અને એમનો નાનો પુત્ર તે શાળાની મુલાકાતે આવ્યા. કોટ-પાટલૂનનો એમનો પોશાક. વિદ્યાર્થીઓને ગણવેશ માટે તે જ પોશાક પસંદ પડી ગયો! મોતીભાઈએ છાત્રોને સમજાવ્યા: 'આપણને એવો વેશ જોઈએ જેવડે આપણે બોર્ડિંગના વિદ્યાર્થી છીએ એવું તરત ઓળખાઈ જાય...બોર્ડિંગમાંથી ઘેર જઈ આપણે લોકોની સેવા કરવાની છે, તે માટે આપણે લોકોએ આપણે વિષે શ્રદ્ધા ઉત્પન્ન કરવી જોઈશે. તેથી આપણે લોકોનો જ વેશ પહેરવો જોઈએ, અને તે સ્વદેશી જ હોવો જોઈએ.' વિદ્યાર્થીઓને દલીલ ગળે ઊતરી ગઈ. સ્વદેશી કાપડનો સફેદ લાંબો કોટ, કાનપુરી ટોપી અને કછોટાબંધ ધોતિયું એ ગણવેશ બની ગયો.

પ્રવૃત્તિમાં ગળાબૂડ હોવાં છતાં ય એમની માનવતા ક્યારેય બધિર બની નહોતી. વડોદરાના પુસ્તકાલય ખાતામાં એઓ હતા ત્યારે ત્યાંની મેઇલ ટ્રેનિંગ કૉલેજના એક શિક્ષકને લઈને કોઈ ભાઈ એમની પાસે ગયા. પેલા શિક્ષકભાઈને સૌરાષ્ટ્રમાં પોતાને વતન જવા પૈસાની જરૂર હતી. વાત જાણી લીધી. પછી પોતાના ખિસ્સામાં હાથ નાખતાં બોલ્યા: 'તમારા નસીબમાં હશે તે નીકળશે.' રૂપિયા નીકળ્યા પંદર! 'તમે એ રકમ પાછી આપવાની ઉતાવળ કરશો નહિ. નોકરી પર ચઢો ત્યારે ધીમે ધીમે એ રકમ પરત આપશો જેથી એમાંથી તમારા જેવા બીજા કોઇ ભાઈને મદદ થાય.' એમ કહીને પેલા શિક્ષકને એ રૂપિયા આપી દીધા.

વતન વસોમાં 'હરિયા' નામની કોઈ વૃદ્ધા મોતીભાઈને ત્યાં પાણી ભરતી, એ નિરાધાર અને અ-નિકેત માજીનો ખયાલ આવતાં જ, એ વૃદ્ધા મોતીભાઈના જે ઘરમાં રહેતી હતી તે એને લખી આપ્યું! આવી ઉદારતાનું પ્રદર્શન નહિ થવા દેવામાં જ એમણે એનું ગૌરવ જાળવ્યું હતું.

આવા મોતીભાઈ આદર્શવાદી છતાં ય જડ નહોતા. હૃદયમાં ભારોભાર મૃદુતા હતી. મક્કમતા પણ એવી જ. વાણી, વતન અને વેશમાં એ પૂરેપૂરા નિરભિમાની અને નિરાડંબરી. એમના પ્રત્યેક કાર્યની પાછળ નિષ્ઠાપ્રેરિત નીડરતા હતી. કિશોરકાળથી જ જીવનની દિશા નક્કી કરી એમણે તે તરફ દૃઢ પગલાં માંડ્યાં હતાં. ધ્યેયશુદ્ધિ અને નિશ્ચયબળ એમની પ્રત્યેક પ્રવૃત્તિને સફળ બનાવતાં. ઈ. ૧૯૩૫માં નિવૃત્ત થયા પછી પણ એમણે પ્રવૃત્તિનો ત્યાગ કર્યો નહોતો. પત્ની રૂપબાએ એમને આ સકલ પ્રવૃત્તિમાં અનુકૂળતા કરી આપી હતી એ ઋણ પોતે ક્દાપિ ભૂલ્યા નહોતા. પતિ તરીકે પ્રેમાળ છતાં ય નિસ્પૃહી, વ્યક્તિ તરીકે નિખાલસ, શિક્ષક તરીકે આદર્શ અને વહીવટકાર તરીકે દક્ષ એવા અઠંગ કર્મયોગી મોતીભાઈનો ઈ. ૧૯૩૯ના ફેબ્રુઆરીની પહેલી તારીખે અમદાવાદની વાડીલાલ સારાભાઈ હૉસ્પિટલમાં કૅન્સરની બીમારીથી દેહવિલય થયો ત્યારે ગુજરાતે એક તપસ્વી શિક્ષક અને સાધુ પુરુષ ગુમાવ્યાનો અપાર ખેદ અનુભવ્યો. 'શિક્ષણકાર' અને 'સમાજસેવક'નો અંચળો ઓઢ્યા વગર જ આજીવન સાચા ભેખધારી બની પોતાનું કર્તવ્ય બજાવવામાં જ એમણે 'સ્વધર્મે નિધનં શ્રેયઃ' માન્યું હતું, ગાંધીજી જેવા માનવપારખું ઝવેરીએ એમને 'ચરોતરનું મોતી' કહીને એમની પ્રવૃત્તિઓને જ બિરદાવી હતી. એમના આ જન્મ-શતાબ્દી વર્ષમાં એમને પ્રિય પ્રજાઘડતરનાં શિક્ષણકાર્યો અને પુસ્તકાલય પ્રવૃત્તિ ઓર વેગથી આગળ વધે એ જ એમનું સાચું તર્પણ હો! □

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨૬

અનિદ્રા - અલ્પનિદ્રા

નિદ્રાનાશ એ વર્તમાન સમાજનો એક વ્યાધિ છે. રોજ ગોળી લીધા પછી જ ઊંઘ આવે એવી સ્થિતિ આજકાલ સામાન્ય થઈ પડી છે. આયુર્વેદના મતે વાતવૃદ્ધિને કારણે અનિદ્રા લાગુ પડે છે. આજનું ધમાલિયું જીવન, કામનો વધુપડતો ઢસરડો કે ખોરાકમાં પોષક તત્ત્વોના અભાવને કારણે ઓછી ઊંઘની ફરિયાદ શરૂ થઈ જાય છે. વૃદ્ધો માટે તો આ એક રોજની પીડા છે.

ચિકિત્સા

૧) તેલ માલિશ આનો શ્રેષ્ઠ ઈલાજ છે. ચંપી કરાવનારને જ્ઞાન હશે કે એનાથી તુરત જ ઊંઘ આવી જાય છે. તલના તેલનું આખા શરીરે રોજ સારી પેઠે માલિશ કરવું જોઈએ. તેમાં ખાસ કરીને પગને તળિએ તથા માથે સારી પેઠે તેલ ઘસવું જોઈએ.

૨) આયુર્વેદમાં શિરોધારા—એટલે કે, માથાના વાળ ટૂંકા કરાવી કે બિલકુલ સફાચટ કરાવી માથે તેલની ધારા કરવી તે ઉત્તમ નિદ્રાપ્રદ ગણી છે. તેલ મોંઘું પડે તો છાશની ધારા કરવી; નહિ તો છેવટ ઠંડા પાણીની ધારા પણ ચાલે.

૩) ટબબાથ કે તરવાથી પણ નિદ્રા લાવવામાં મદદ થશે.

૪) રાત્રે સૂતી વખતે અર્ધો શેર ભેંસનું દૂધ ગરમ કરી અંદર થોડી ખાંડ અને ચપટી ગંઠોડાનો ભૂકો નાખી પીને સૂઈ જવું. પીપરીમૂળના ગંઠોડાને સ્વતંત્ર રીતે મધમાં ચાટવાથી લાભ થશે.

૫) અશ્વગંધા પણ નિદ્રા લાવવા માટેનું એક નિર્દોષ ઔષધ છે. તેની બનાવટ અશ્વગંધારિષ્ટ દિવસમાં બે વાર બે તોલાની માત્રામાં પાણી સાથે પીવાથી અવશ્ય લાભ થશે.

૬) ભાંગ અને અફીણની બનાવટો નિદ્રાપ્રદ છે, પણ તેનાથી શરીરને ટેવ પડી જાય છે અને નુકસાન પણ થાય છે.

૭) સૂતી વખતે હાથ, પગ, મોં ધોઈને સૂવાની ટેવ પાડવી જોઈએ. સૂવાનું સ્થળ સ્વચ્છ વાતાવરણમાં હોવું જોઈએ. પથારી વગેરે પણ પૂરતાં સ્વચ્છ જોઈએ. સૂતી વખતે ઓછામાં ઓછાં અને ખૂલતાં વસ્ત્રો પહેરવાં જોઈએ.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

संगीत-समज-२४

રાગ ખમાજ

સાધુરામ ન્યા. ચોધ્ર

'**સાં**વરિયા રે કાહે મારે નજરિયાં...'

ફિલ્મ 'કાલાપાની'માં રજૂ થએલી આ ઠુમરી વર્ષો પછી આજે યે એટલી જ લોકપ્રિય રહી છે. એ ખમાજ રાગમાં ગવાઈ છે. ખમાજ થાટમાં તેના મુખ્ય-આશ્રયરાગ ઝિંઝોટી પછી ઘણો જાણીતો ને ગીતાઉ રાગ ખમાજ છે. સંગીતગ્રંથોમાં વર્ણવાએલા 'કમ્બોજી' અને 'ખંભાવતી' રાગોનું વર્ણન પણ ખમાજને મળતું છે, છતાં એ અલગ રાગ તરીકે પણ ગવાતા હોઈ, એ મતમતાંતરમાં ન ઊતરતાં પ્રચારમાં જે ખમાજ ગવાય છે તેને જ એક સ્વતંત્ર નિરાળો રાગ માનીને આપણે તેના વિષે જોઈએ.

ખમાજના આરોહમાં ઋષભ (રે) સ્વર વર્જ્ય અને અવરોહ સંપૂર્ણ હોઈ એ ષાડવ-સંપૂર્ણ રાગ છે. એનો વાદી સ્વર ગાંધાર (ગ) અને સંવાદી નિષાદ (નિ) છે. રાત્રિના બીજા પ્રહરમાં ગવાતો આ રાગ મુખ્યત્વે દ્રુત લયમાં ગવાતો હોઈ ખયાલ, ધ્રુપદ વગેરે જેવી વિલંબિત લયની ગાયકી કરતાં ઠુમરી, ગઝલ, દાદરા વગેરેનાં એ વધુ કર્ણમધુર લાગે છે.

સા સા, ગ ગ, મ મ, પ પ. આ સ્વરો ધીમેથી લેતાં જ ખમાજ પ્રકટ થાય છે. તેના આરોહમાં ગ, મ, પ, નિ, સાં સ્વરો જ લઈ ઘણા ગાયકો તેમાંથી ધૈવત (ધ) ટાળવા પ્રયત્ન કરે છે. અલબત્ત, ખમાજમાં ધૈવત વર્જ્ય નથી, પણ તે બહુ અલ્પ પ્રમાણમાં લેવાતો હોઈ દુર્બલ ગણાય છે. ખમાજના અવરોહમાં નિષાદ (નિ) કોમળ લેવાય છે. સાં નિ ધ પ ધ મ ગ એ સ્વરો અવરોહમાં લઈ ગાયક કુશળતાથી ખમાજને સુંદર સ્વરૂપમાં પ્રકટ કરે છે. ખમાજના અવરોહમાં પંચમ (પ) વર્જ્ય નથી, છતાં સાં નિ ધ પ, ધ, મ, ગ, મ ગ રે, સા જેવા સ્વરો વારંવાર લઈને પંચમને વક્ર રૂપ અપાતું જોવા મળે છે. આમ, ખમાજમાં આરોહમાં ધૈવત દુર્બલ અને અવરોહમાં પંચમ વક્ર કરેલો સાંભળવા મળે છે. ખમાજના અંતરામાં ગ મ પ નિ સાં અથવા ગ મ ધ પ નિ સાં નિ નિ સાં એ રીતે વારંવાર લેવાતા સ્વરો સાંભળવા મળશે.

ઝિંઝોટી તથા ખમાજ એ બંને રાગમાં આરોહમાં નિષાદ શુદ્ધ લેવાય છે એ આપણે જોયું. ખમાજમાં કોમળ નિષાદ લેવાતો હોવા છતાં બહુધા શુદ્ધ નિષાદ કેમ લેવાતો સંભળાય છે એવો પ્રશ્ન ઉદ્‌ભવે. આપણા સંગીતમાં એક સામાન્ય પ્રચલિત નિયમ એવો છે કે જેમાં શુદ્ધ ગાંધાર અને કોમલ નિષાદ લેવાતા હોય તેવા રાગોમાં આરોહમાં શુદ્ધ નિષાદ લેવાથી રાગહાનિ થતી નથી. પ્રત્યક્ષ ગાયનથી આ બાબત વધુ સ્પષ્ટ થશે. જો વિલંબિત લયમાં સા રે ગ મ પ ધ નિ સાં એ પ્રમાણે સ્વરો લેવામાં આવે તો કોમલ નિષાદ સરળતાથી સ્વસ્થાન પર લઈ શકાય, પણ જલદ લયમાં આરોહમાં એ રીતે અનુક્રમે સ્વરો લેતાં કોમલ નિષાદ સ્વસ્થાનથી કિંચિત્ ઊંચો લેવાતો જણાશે. જો કે આવા એકાદ શ્રુત્યંતરથી ખાસ ફેર પડતો નથી. વળી, આ જ રીતે તાર ષડ્જ ઉપરથી અવરોહમાં સ્વરો લેતાં પણ કોમળ નિ તેના મૂળ સ્થાનથી કંઈક ઊંચો લાગશે. આમ, પ્રત્યક્ષ ગાયનના હિસાબે ગાયકોએ શુદ્ધ નિષાદનો પ્રયોગ આવા રાગોમાં ક્ષમ્ય ગણ્યો છે. આનાથી રાગની રંજકતા ઘટતી નથી, બલ્કે વધે છે. આમ હોવાથી ઝિંઝોટી અને ખમાજ ઉપરાંત ખમાજ મેલ (થાટ)ના બીજા રાગોમાં બંને નિષાદનો પ્રયોગ અધિક શક્તિદાયક માલૂમ પડ્યો છે. □

રાગ ખમાજ

ચઢત રિખબ નં લગાઈએ કોમલ મ ની વિરાજ
ગ નિ વાદી સંવાદિ તેં કહિયત રાગ ખમાજ.

ખમાજ થાટમાં ઊપજેલો રાગ ખમાજ રાત્રિના બીજા પ્રહરનો રાગ છે. તેના આરોહમાં ઋષભ (રે) વર્જ્ય અને નિષાદ (નિ) કોમળ છે. બાકી સ્વરો શુદ્ધ. આરોહમાં ધૈવત (ધ) દુર્બલ હોઈ બહુ ગૌણ લેખાય છે, જ્યારે અવરોહમાં પંચમ (પ) વારંવાર વક્ર રૂપમાં લેવાય છે. આ રાગમાં નિષાદ કોમળ છતાં આરોહમાં એને શુદ્ધ લેવો ક્ષમ્ય છે. ગ મ પ નિ એ સ્વરો ઉપર જ આ રાગની લાક્ષણિકતા સ્પષ્ટ થઈ જતી હોઈ ગાયકો વારંવાર એ સ્વરો પર જ તાન પૂરી કરે છે.

આરોહ-અવરોહ

સા, ગ મ, પ, ધ નિ સાં   સાં નિ ધ પ, મ ગ, રે સા

પકડ

નિ ધ મ પ, ધ, મ ગ,

ખૂબ સરળ-સાદો ગીતાઉ રાગ હોઇ ખમાજ સહેજે ઓળખાઈ જાય છે. ક્ષુદ્ર અને તેથી ગઝલ, દાદરા, ગીત, ભજન વગેરે જેવા સુગમ ગાનપ્રકારમાં સારી પેઠે પ્રચલિત ને લોકપ્રિય બન્યો છે. એની અનેક ઠુમરીઓ જાણીતી છે. 'સાચી કહો મોસે બતિયાં', 'ના માનુંગી, ના માનુંગી', તનમનકી સુધ બિસર ગઈ', 'બાલમ છેડે મત જા' કે 'સાંવરિયા રે કાહે મારે નજરિયાં' વગેરે તક મળે જરૂર સાંભળવા જેવી ઠુમરી છે.

છાલો-પાલો-મરી-મસાલો] ૭ [કોકમ

દાળશાકમાં ખટાશ લાવવા માટે કોકમ જાણીતાં છે. કાચી કેરીના આમચુર કરતાં એ વધુ ચડિયાતાં ને ગુણકારી ગણાય છે. ચરકે આંમલી કરતાં કોકમને વધુ ગુણકારી કહ્યાં છે. ઘેરા લીલા પાનવાળાં એનાં ઝાડ દેખાવે સુંદર લાગે છે. દક્ષિણભારતમાં એ પુષ્કળ ઊગે છે. નારંગી જેવાં અને રાતા રંગનાં એનાં ફળ 'રતાંબા'નો ગર અને એનું પાણી પણ ખાવા-પીવામાં વપરાય છે. એ ગરની ચટણી ને રસનું શરબત પણ બને છે. આ ફળની સૂકવેલી છાલ તે કોકમ. ઘણા કોકમને બદલે એનાં ફૂલ પણ વાપરે છે. કોકમ પ્રાચીન કાળથી જાણીતાં છે. વૃક્ષામ્લ, તિંતિડીક, ચુક્ર, અમ્લવૃક્ષક એ એમાં સંસ્કૃત નામ છે.

કોકમના બીજનું તેલ મીણ જેવું ઘટ્ટ ને સફેદ હોઈ એને કોકમનું ઘી પણ કહે છે. મલમો તથા મીણબત્તી બનાવવામાં એ વપરાય છે. શિયાળામાં ફાટી જતી ચામડી પર ને હાથપગના ચીરા પર આ ઘીને ગરમ કરી લગાડવાથી સારો ફાયદો થાય છે. હાથપગનાં તળિયાંનો દાહ એનાથી શમે છે. કોકમનું તેલ પુષ્ટિદાયક પણ છે. ક્ષય, ફેફસાંના દર્દો, કંઠમાળ, સંગ્રહણીમાં ફાયદો કરે છે. એ ગરમ કરીને ઠરી જાય એ પહેલાં દિવસમાં બેત્રણ વાર બબ્બે તોલા પીવાથી રક્તાતિસાર (લોહીવાળો મરડો) મટે છે.

રોજિંદા ખોરાકમાં ખટાશ તરીકે કોકમનો ઉપયોગ ગુણકારી છે. ખોરાકનું પાચન કરવા સાથે એ મળને સડતો અટકાવી આંતરડાંને કાર્યક્ષમ રાખે છે. એલચી અને સાકર સાથેની કોકમની ચટણી પિત્ત અને અમ્લપિત્ત મટાડે છે.

કાચું કોકમ ખાટું, ગરમ, વાયુને હણનાર તથા કફ ને પિત્ત કરનારું છે. પાકું, એટલે કે આપણે વાપરીએ છીએ તે કોકમ, ઝાડાને સૂકવનાર, તીખું, તૂરું, ખાટું, રુચિકર, અગ્નિદીપક, કફજ ને વાયુ કરનારું છે, તથા તૃષા, અર્શ, ગ્રહણી, ગોળો, શૂળ, હૃદયરોગ ને કૃમિને મટાડનાર છે.

કોકમને લસોટી, પાણી સાથે મેળવી, સાકર નાખીને બનાવેલું તેનું શરબત પિત્તનો દાહ, તૃષા, વ્યાકુળતા ને અનિદ્રાનો નાશ કરે છે. કોકમનો કાઢો-ઉકાળો ઘીથી થએલા અજીર્ણને મટાડે છે. કોકમને પલાળીને એ પાણી ગાળી, તેમાં જીરું તથા ખાંડ ભેળવીને પીવાથી શીત પિત્ત મટે છે. કોકમનું ચૂર્ણ કે ચટણી દહીં ઉપરની મલાઈ સાથે ભેળવીને ખાવાથી રક્તાર્શ-ફૂઝતા મસા મટે છે.

માધવ મો. ચૌધરી

લલિતકુમાર બક્ષીની વાર્તા

પદ્મા નદીનો માંજી

'સલામ આલેકુમ, લેખોક બાબુ …' બોલનારનો સ્વર એની દાઢી જેવો જ જૈફ હતો. ચહેરા પર દાઢી શું હતી! ભ્રમરોથી નીચે જાણે સફેદ વાળનો ઘટાટોપ ફેલાઈ ગયો હતો. ઉપર માથે ઈંડાની છાલ જેવી કોરી ટાલ હતી. એક પાતળો વાળ પણ ત્યાં ફરકતો ન મળે. ચહેરો કાળો અખનૂસરંગી ને કરચલિયાળો. ઊંડી ઊતરી ગએલી આંખો, પાતળો દેહ, ઉપર પીળું પડી ગએલું, ઠેકઠેકાણે બાકોરાંવાળું ગંજી. ને કમરથી ગોઠણ લગી લાલ-લીલા ચોરસ છાપેલી સસ્તી, સુતરાઉ લૂંગી.

કપોતાક્ષી નદીને કાંઠે અજાણ્યા બોયરા ગામના બજારમાં એક આવી વિચિત્ર વ્યક્તિની મુલાકાત થઈ જશે એવી તો મેં કલ્પના પણ નહોતી કરી. ને તેય વળી એ મને 'લેખોક બાબુ–' (લેખક બાબુ)જેવો બંગાળીમાં સન્માનીય ગણાતો ખિતાબ દઈને બોલાવે!

'સીનતે પારસેન?' ઉચ્ચારણ પરથી સ્પષ્ટ હતું કે એ બાંગ્લાદેશનો વતની હતો. અમારી તરફના બંગાળનો રહેવાસી 'બાંગાલ' ભાષા નથી બોલતો. 'સીનતે' ને 'પારસેન' જેવા ગામડિયા ઉચ્ચાર એની જીભે નથી ચડતા. સફેદ દાઢીવાળો વૃદ્ધ પૂછતો હતો: 'ઓળખાણ પડે છે?'

હું ચૂપ રહ્યો. એક ચકાસતી નજર એના ચહેરા પર ફેરવી વળ્યો. પણ પરિચિતોની લાંબી કતારમાં એનું સ્થાન ક્યાંય નક્કી ન થઈ શક્યું. ઓળખી નથી શક્યો એમ તો ન કહ્યું, પણ મારી નજર એના ચહેરા પરથી લપસીને આસપાસ એ રીતે ફરતી રહી, માનો એણે મને ઉદ્દેશીને નહિ, કોઈ બીજાને ઉદ્દેશીને સલામ આલેકુમ કર્યા હોય. એ વ્યક્તિ કોણ છે એ જાણવાની હું કોશિશ કરી રહ્યો હોઉં. મારી અસ્પષ્ટતાને કારણે વૃદ્ધ બે પળ અસમંજસમાં પડી ગએલો દેખાયો. પછી એની મારા કરતાં ઘરડી છતાં વધુ ચોક્કસ આંખોને ખાતરી થઈ ગઈ હોય કે કોઈ અજાણ્યાને બોલાવવાની ભૂલ નથી કરી, એમ એ મને જોતો સ્મિત વેરતો ઊભો રહ્યો. 'આમીઆબ્દુલ માંઝી! હેલેન્સારકૅમ્પે આપનાર સોંગે દેખા હોયે સીલો.' (હું અબ્દુલ માંજી! હેલેન્ચાના કૅમ્પમાં આપ સાથે મુલાકાત થએલી.)

બાંગ્લાદેશનો નાવ ચલાવનારો માંજી (મલ્લાહ) એની દેહાતી જબાનમાં 'જ' નો 'ઝ' બોલતો હતો ને 'ચ' કે 'છ' નો 'સ'. અને હેલેન્ચા… વ્યથિત, ભયભીત, નિરાશ્રિત સ્ત્રી-પુરુષોનો ત્યાં મહેરામણ ઊમટ્યો હતો—ભાગીને આવેલાં, પીઠ પર લીલા સૉળ લઈને આવેલાં, ખેરવિખેર થઈ ગએલાં, રઘવાયાં થઈ ને એકબીજાને શોધતાં. હેલેન્ચાની સડકો પર દસ દિવસ જૂની, સડતી, સુકાઈ ગએલી લાશો રઝળતી હતી. ત્યાં બાળકો મૂકીને આવેલાં મા-બાપ મળ્યાં હતાં; ને માબાપ ખોઈ આવેલાં બાળકો. હેલેન્ચાનો કાદવ ખૂંદતો, કલમ ને કાગળ હાથમાં લઈ અગણિત કહાણીઓ વચ્ચે હું એક આખું અઠવાડિયું સવાર-સાંજ આથડ્યો હતો. ત્યારે એક અબ્દુલ માંજી મારી સાથે સાથે ફરેલો. શા કારણે એ તો હું નથી જાણતો. સંભવત: એની પાછળ પણ 'લેખોક બાબુઓ' માટેનું સન્માન હોય. એની દૃષ્ટિમાં હર લેખક સ્વર્ગથી ઊતરી આવેલો એક ગુમનામ ફરિસ્તો હતો, જેની પાસે વિશ્વની બધી વિષમતાઓનો ખુલાસો મળી રહે. અબ્દુલે મને ફરીદપુર, ખુલના અને જેસોરનાં ગામડાંમાંથી નાસી આવેલાંની આપવીતી મેળવી આપી હતી. એ પોતે પણ પદ્મા નદીને કાંઠે એનું નાનું બળતું ગામ મૂકીને ભાગ્યો હતો.

એ અબ્દુલ માંજી અહીં? બોયરા ગામના બજારમાં! હેલેન્ચાનો કૅમ્પ તો ક્યારનો ઊઠી ગયો. ખુલના ને જેસોરનાં નિરાશ્રિતો યે પાછાં જતાં રહ્યાં. વરસેક વીતી ગયું. અબ્દુલ માંજી શું કરતો હતો? પાછો પદ્મા નદી પર નાવ…? એનો પરિચય તાજો થયો તો પ્રશ્નો એકી સાથે ઊઠી આવ્યા.

'એખુન આમાય સીનતે પારસેન તો?' (હવે મારી ઓળખાણ પડે છે ને?) કદાચ, એ કળી ગયો હતો કે એનો ચહેરો હવે અપરિચિત નથી. 'ને તમે એ પૂછવા માગો છો કે હું અહીં બોયરાના બજારમાં ક્યાંથી…?' અશિક્ષિત માંજીએ મારા ચહેરા પર નજર દોડાવતાં એ પણ કહી નાખ્યું. આ વૃદ્ધની આંખો ઝડપથી ચહેરો વાંચી લઈ શકતી હતી.

મારી દૃષ્ટિ એના બોખા મોંમાં લટકતા બે દાંત પર ટકી રહી. ન જાણે કેમ મને રમૂજ સૂઝી: 'તારા આ બે દાંત હજી લટકતા રહેવા દીધા છે? એને પડાવી નથી નાખવાના?'

એ ખડખડાટ હસી પડ્યો: 'એઈ તો, લેખોક બાબુ! એખુન બોલલેન! હાંસી-ઠાઠ્ઠા કોલલેન…' (આ-હા! લેખક બાબુ, હવે તમે બોલ્યા! ખુદ્દા સાથે હસી-મજાક કરીને…) ને પછી-'આ બે દાંત પણ મારી જેમ અડીખમ રહી ગયા છે. ખરાબ દિવસ આવ્યા'તાને, એની યાદ છે…'

'દાંતની કહાણી એણે મને હેલેન્ચામાં કહેલી. પંજાબી આવ્યા ત્યારે ભયના માર્યા ગામથી બે-ત્રણ માઈલ ઉપરવાસ નદીતીરની ઊંડી કોતરોમાં એણે નાવ છુપાવી દીધેલી. સાત જન્મારા શોધતા રહેત તો પણ પંજામીને હાથ નાવ ન પડત. એ 'સાલ કાઠેર નાવ' (સાલ વૃક્ષના લાકડાની નાવ) ને કુશળ નાવિક વિના બેઉ તટે છલકાતી પદ્મા પાર કરવી અશક્ય હતી. ગામના 'બિહારીઓએ'—મજીદ ને એના ભત્રીજાએ ઘોખો દીધો. નાવ ને નાવિકો બેઉ એમણે બતાવી દીધાં. પછી તો, સૈનિકોએ બંદૂકના કૂદા મારીમારીને એકેએક નાવિકના દાંત તોડી નાખ્યા. ગામને આગ લગાડી. એમને નદી પાર લઈ જવા જ પડ્યા. પાર ઊતરીને બે-ત્રણ નાવિકને એમણે ફૂંકી દીધા. અબ્દુલ જીવતો બચ્યો એ એનું ભાગ્ય. મોંમાં બે દાંત લટકતા રહી ગયા એ પણ એનું ભાગ્ય. ભયભીત નાવિક એ રાતે પેટના દીકરા જેવી નાવને પદ્માનાં પાણીમાં તરતી મૂકીને આ પાર ભાગી આવ્યો—સીધો હેલેન્ચા.

'કોણ જાણે કેમ, પણ મને હમેશાં લાગતું કે કોઈ ને કોઈ દિવસ 'લેખોક બાબુ' સાથે પાછી મુલાકાત થઈ જશે…'

બોયરાનું નાનું બજાર છે. ગામ પણ નાનું જ છે. જ્યાં બજાર ભરાય છે એની બરાબર પાછળ કપોતાક્ષી વહે છે. અને કપોતાક્ષીને પેલે કાંઠે બાંગ્લાદેશનાં ખેતર આંખ પહોંચે ત્યાં સુધી હિલોળા ખાતાં ઊભાં છે. મુલક એવો તો લીલો કે બસ જોતા જ રહો; આંખ ધરાય જ નહિ.

'બાંગ્લા'ની ક્ષિતિજ પર સૂરજ આથમી રહ્યો હતો. હલકું હલકું અંધારું ખેતરો પર, ને કપોતાક્ષી પર, ને બોયરાના બજાર પર ફેલાતું અમારા ચહેરા સુધી આવી પહોંચ્યું હતું. 'બાંગ્લા'ની માટીમાંથી ઊઠતી ગંધ સાંધ્ય પવનો પર તરતી ને નદીનાં પાણીને અડતીઅડતી જાણે ક્યાંય આગળ ને આગળ વહી જતી હતી. 'ઘણા દિવસે મળ્યા, અબ્દુલ…' મને લાગ્યું મારા સ્વરમાં પણ ભાવુકતા પ્રવેશી રહી છે.

'ઘણા દિવસે મળ્યા' એમ કહેવાનો કોઈ અર્થ નહોતો. એ એક દેશનો વતની હતો; હું બીજા દેશનો. એ નાવિક હતો; હું પત્રકાર. અમારી વચ્ચે રોજિંદી કે નિયમિત મુલાકાતની કોઈ સંભાવના હતી જ નહિ. એક વર્ષ પછી એ મળ્યો તો એટલો સંતોષ થયો કે એ જીવિત છે. અહીં કામસર આવતો જતો રહે છે.

'બોયરાના બજારમાં માછલીઓ વેચવા આવું છું, ને પાછો જાઉં છું ત્યારે તમાકુની ગાંસડીઓ નાવમાં ભરીને લઈ જાઉં છું. મારી નાવ-'એણે મોં ફેરવી પીઠ પાછળ રમતી કપોતાક્ષીને કાંઠે ઊંડા ખોડેલા ખીલે બાંધેલી

અર્ધો ડઝન નાવમાંથી એક ભણી નિર્દેશ કર્યો.—'મુજીબની સરકારે નવી આપી છે. મતલબ કે, હવે જિંદગી ફરી શરૂ થઈ છે...'

'લેખોક બાબુ, આ બે વર્ષમાં અમે કેટલી આસમાની સુલતાની જોઈ નાખી! ઘણી વાતો સમજમાં નથી આવતી. અહીંથી ત્યાં ગયા પછી પણ ઘણું એવું બન્યું છે, બનતું રહ્યું છે—મારા જેવા સામાન્ય માણસની જિંદગીમાં પણ બનતું રહ્યું છે, કે એવું કેમ બની શકે એ જ સમજાતું નથી. અમારે ત્યાં તો કોઈ સમજાવી શકતું નથી. સમજાવી શકે એવા હતા એમને યાહિયાએ મારી નાખ્યા. માટે જ મને એમ થતું કે એક ને એક દિવસ તમારી મુલાકાત થઈ જશે. તમે કહી શકશો...'

એ મારી સામે એવી આશાભરી નજરે જોઈ રહ્યો માનો હું સર્વજ્ઞ હોઉં ને એ એક અબૂઝ. એની સમજમાં ન આવતું બધું જ હું સમજાવી શકવા શક્તિમાન હોઉં. એના દેશમાં ને 'આ પાર'ના બંગાળમાં પણ વિદ્વાનો અને સાહિત્યકારો પ્રતિ સામાન્ય સ્તરના લોકોને આવી વિશ્વાસભરી નજરે જોઈ રહેતા મેં જોયા છે. એટલે એનું તો મને બહુ આશ્ચર્ય ન થયું. પણ એ જે પ્રકારનો વિશ્વાસ મારામાં મૂકતો હતો એ વિશ્વાસને હું ખરેખર લાયક હતો કે કેમ એની મૂંઝવણ મને અકળાવી રહી.

મેં એક વાર ફરી આસપાસ નજર ફેરવતાં કહ્યું: 'હવે અંધારું ઘેરું થઈ ગયું છે...' બજારમાં બત્તીઓ સળગી હતી. અમે ઊભા હતા ત્યાંથી થોડે દૂર જ લૅમ્પ-પોસ્ટ હતો. એનો પીળો પ્રકાશ અમારા સુધી પહોંચ્યો. વૃદ્ધનો ચહેરો માંદલા પ્રકાશમાં વધુ શ્યામ દેખાયો, વધુ અસ્પષ્ટ, જાણે એક લબગોળ વર્તુળ, ને વર્તુળ ફરતા ઢગલાબંધ સફેદ વાળ. મારી દિલચસ્પી માંજીમાં એટલી નહોતી જેટલી એની મારામાં હતી. અંધારું થયાની યાદ દેવડાવીને હું છુટકારો મેળવવા ઇચ્છતો હતો.

અચાનક એણે મારો હાથ પકડી લીધો; જે એને નહોતું સમજાતું એ સમજાવ્યા વિના જ હું ભાગી છૂટવાનો હોઉં એ ભયથી જાણે. એની વૃદ્ધ પકડમાં જોશ નહિ, પણ આગ્રહ હતો. એટલો બધો આગ્રહ કે અનાયાસ મારાથી પુછાઈ ગયું: 'શું નથી સમજાતું? શું કેમ બની શકે...?'

શબ્દોનો ભાર હાથ પરની પકડમાં ઉતારતો હોય એમ એણે મારા કાંડા પર ધરડી આંગળીઓ વધુ જોરથી દાબીને કહ્યું: 'ક્યારેક એવું નથી બનતું, લેખોક બાબુ, કે આપણા પર થએલા અત્યાચારોનો બદલો લેવાની પળ અણધારી હાથ આવી જાય છે, ને તો પણ આપણે કશું નથી કરી શકતા—હેવાન બની જ નથી શકતા. એ શું કમજોરી છે?'

'કમજોરી' તો મારું ભાષાંતર છે, જે બંગાળી શબ્દ એણે વાપર્યો એનું પર્યાયવાચી ગુજરાતી 'નપુંસકતા' જ થાય.

'જીવનમાં કદી એવું તમારી સાથે પણ–' એનો સ્વર વિચિત્ર રીતે ઠરડાયો. કંઈક ગુનો કર્યો હોય ને એવો ગુનો તો કોઈનાથી પણ થઈ જાય એવું એક આશ્વાસન શોધવા મથતા માણસનો અપરાધી સ્વર. એની વાત મને બરાબર સમજાઈ નહોતી એટલે હું એની સામે ચૂપચાપ જોઈ રહ્યો. પણ જે રીતે એ કહી રહ્યો હતો એથી એમ સમજાતું હતું કે જરૂર પાછળ કોઈ ઘટના છે જે એને અંદર ને અંદર કોચી રહી છે. જેને કારણે એ પોતાની જાતને અપરાધી મહસૂસ કરી રહ્યો છે:

'હું મજીદના છોકરાને મારી નાખી શકત. બાર તેર વર્ષનો દૂબળો છોકરો મારી સામે શું કરતો? મારા હાથમાં તો જાડું હલેસું હતું. એને હલાલ કરી દેતો. ને લાશને નદીમાં ફેંકી દેતો. કોઈને ખબર પણ ન પડત.'

એ જેટલો મારી સાથે વાત કરી રહ્યો હતો એટલો જ પોતાની જાત સાથે કરી રહ્યો હોય એમ લાગ્યું:

'ફરીદપુર પાસેના એક ગામથી એ મારી આ નાવમાં બેઠો...' એણે પીઠ પાછળ નાવ ભણી આંગળી ચીંધી. 'હું એને જોતાં જ ઓળખી ગયો. કોઈ પણ બિહારીને હું જોતાં જ ઓળખી જાઉં છું. એ લોકો અમારા જેવું બંગાળી ક્યાં બોલે છે? ને આ તો મજીદનો છોકરો. ન ઓળખું એવું બને જ શી રીતે? મજીદે અમને ધોખો દીધો હતો...નાવમાંના બીજા મુસાફરો બામુનઘાટ ઊતરી ગયા. છોકરો ત્યાર પછીના ગામે ઊતરવાનો હતો. એણે ભાડાના પૈસા ચૂકવી દીધેલા. નાવમાં માત્ર એ અને હું બે જ જણ હતા. ને એ તો મારી તરફ પીઠ કરીને બેઠો હતો. પદ્માનાં પાણીમાં ઊછળતી માછલીઓ જોઈ રહેલો...'

માંજીનો ઊંડો શ્વાસ આથમી ગએલી સાંજની છેલ્લી ઉદાસી જેવો બોજલ હતો. થોડી પળો એ ચૂપ થઈ ગયો. મારી સામે એ જોઈ રહ્યો. હું જોઈ શકતો હતો કે એ મને જોઈને ય નહોતો જોતો. એ પદ્માનાં પાણી જોતો હતો, ને પાણી પર તરતી નાવ જોતો હતો, ને નાવમાં માત્ર બે જ જણ હતા—એક વૃદ્ધ માંજી ને બીજો બાર-તેર વર્ષનો છોકરો.

'મારો હાથ ધ્રૂજતો હતો. છોકરાને તો કશી ખબર નહોતી. નિરાંતે બેઠો હતો. એ મારી નાવમાં ન ચડ્યો હોત તો સારું થાત. એને ક્યાં ખબર હતી કે હું એનો દુશ્મન છું. એને કદાચ એ પણ ખબર નહોતી કે એના બાપે અમને ધોખો દીધો હતો. એ રાતે કેટલા માર્યા ગએલા? મનાન, મહેશ, નજીમ...જાડા હલેસાનો એક ઘા બરાબર છોકરાની ખોપરી વચ્ચોવચ મારું તો એ બેહોશ થઈ જાય. ખૂનનો ફૂવારો ઊડે. ગરદન તોડી નાખેલું બતક હોય એમ છોકરો નાવના પાટિયા પર ઢળી પડે. શ્વાસ રહ્યો-સહ્યો ચાલતો હોય તો ગળું દૂબાવીને પૂરો કરી નખાય. મરતાં પહેલાં એ ખૂનનો એક કોગળો મારી નાવનાં પાટિયાં પર ચાંકી નાખશે. થોડો સમય ખૂન પાટિયાં પર જામેલું રહેશે. હું એને પદ્માનાં પાણીથી ધોઈ નાખીશ. કોઈ બીજો મુસાફર આવશે ને ડાઘો જોશે તો કહીશ કે લાલ ટેનમાં તેલ ભરતી વખતે થોડું ઢોળાઈ ગએલું એનો ડાઘ છે...

'મને આખા શરીરે પસીનો છૂટી રહ્યો હતો. હલેસાનો દાંડો મારા હાથમાંથી છૂટી-છૂટી જતો હતો. મને કંઈ સમજાતું નહોતું. મને એ જ સમજાતું નહોતું કે મારે એને મારી નાખવો જોઈએ કે નહિ. પછી મને એમ પણ થયું કે હું તે કોઈ હીચકારો ખૂની છું? મજીદનો છોકરો એકલો હાથમાં આવી ગયો માટે એને મારી નાખું? હું નાવનો માંજી છું. એ મારો મુસાફર છે. એણે ભાડું ચૂકવ્યું છે. હું એની હત્યા શી રીતે કરી શકું? ને આ છોકરાની હત્યા કરવાથી વળશે શું? શું વળશે? ના, હું ખૂની થવા નથી માગતો...'

એનો અવાજ ભારે થઈ ગયો હતો. એ બોલતાં બોલતાં ચૂપ થઈ ગયો ત્યારે જાણે બાયરાના બજારમાં તરતા બીજા અવાજો પણ ચૂપ થઈ ગયા. એક વિચિત્ર સન્નાટો છાઈ ગયો હતો. આકાશ કાળું થઈ ગયું હતું. ને કપોતપક્ષીને પેલે પાર ઊભાં ખેતર હવે લીલાં નહિ, કાળાં દેખાતાં હતાં.

'એ પણ એક આવી જ સાંજ હતી. ને સૂરજ પદ્માનાં પાણી પર ઢળતો જતો હતો. છોકરો એકાએક મોં મારી તરફ ફેરવીને બોલ્યો: "ચાચા, આજ સૂરજ કેવો લાલ છે—છે ને?" મૂરખ છોકરો! હું એનું ખૂન કરવાના મનસૂબા ઘડી રહ્યો હતો; એ સૂરજ લાલ છેની વાત કરતો હતો. આથમતો સૂરજ લાલ ન હોય તો શું કાળો હોય? આખી સફર દરમ્યાન એ માત્ર એટલું જ બોલેલો. એનું ગામ આવ્યું ત્યાં સુધી પાણીમાં ડૂબતા સૂરજને જોતો બેઠો રહ્યો.

આકાશમાં તારા ચમકવા લાગ્યા હતા. કૃષ્ણ પક્ષની રાત હતી. જોતજોતાંમાં તારાનાં ઝુંડનાં ઝુંડ નીકળી આવ્યાં. નીચે જમીન પર પીળી બત્તીઓ, ટમટમતી હતી. વૃદ્ધ બોલતો જતો હતો. એના સ્વરમાં લાચારી હતી: 'બદલો લેવાની આવી સરસ પળ આવી તો પણ હું કશું ન કરી શક્યો...' વૃદ્ધનો સ્વર ખૂબ ધીમો પડી ગયો. અમારા બે સિવાય કોઈ ત્રીજું સાંભળી ન જાય એટલો ધીમો—'લેખોક બાબુ, આજે પણ મને લાગે છે કે હું હત્યા નહિ કરી શકું. એ મારી નાવમાં એકલો હોય ને મારા હાથમાં હલેસું હોય તો પણ...' (અનુસંધાન પૃષ્ઠ ૮૬)

ઝવેરચંદ
મેઘાણીનું
જીવનચિત્ર
૮

કસુંબલ રંગ

લેખક
કનુભાઈ જાની

જડયાં જીવનસાથી ને જીવનકાર્ય

'બાલમિત્ર'માંની કૃતિઓ, 'કુરબાનીની કથાઓ', 'ડોશીમાની વાતો'—એટલું જ યાદ કરીએ તો ય બગસરાના એ નવદસ જ માસના ગાળામાંમેઘાણીભાઈનીલેખનપ્રવૃત્તિએઠીકઠીકવેગસાથેઆરંભકરીદીધો કહેવાય. આ વેગનું કારણ આત્મશ્રદ્ધા—સ્વકીય વિત્તની આરંભે જ થઈ ગએલી પ્રતીતિ. એમણે ૧૯૨૧માં લખવા માંડયું, ૧૯૪૭માં આંખ મીંચાઈ ગઈ; માત્ર ૨૭ વર્ષની લેખન કારકિર્દી. એમાં ૯૨ જેટલાં—ને તે ય અનેક ભાતિનાં—પુસ્તકો લખ્યાં! કલમે આરંભથી જ વેગ પકડયો.

છતાં લેખનને વ્યવસાય બનાવવાનો વિચાર નહોતો. વ્યવસાય અંગેનું મંથન પણ વેગથી ચાલતું હતું. મૂંઝવણનો પાર નહોતો. ચિત્ત ફરી ફરીને આટલા વિકલ્પોમાં જ ચકરાવો લેતું: ખેતી, સ્વદેશી ચીજોનો વેપાર, ખાદી અને છેવટે માસ્તરું. નિર્ણય લેવાતો નહોતો. પોતે જ કહ્યું છે: '...હું દિશાશૂન્ય હતો. કલકત્તાની નોકરી છોડીને કાઠિયાવાડમાં આવ્યો હતો. સ્થિર થવું હતું. ખેતીના ઉધામા ચડયા. વ્યાપારી સ્વજનો વ્યાપાર તરફ ખેંચવા લાગ્યા. દેશી રજવાડાંની નોકરી પણ બહુ દૂર નહોતી. સહુ કોઈને ભાંગ્યાના ભેરુ જેવી શિક્ષણની નોકરી તો સામે જ ઊભી હતી.' ('ઝ. મે. સ્મરણાંજલિ' પૃ. ૪૩–૪૪) સનાતન ધર્મ હાઈસ્કૂલે ફરી કહેણ મોકલેલું.

બગસરામાં જ એક મિત્ર શ્રી લાલચંદ વોરાએ ખાદીભંડાર કાઢયો હતો. મેડીએ શાળ પણ નાખેલી, ત્યાં વણાટ પણ ચાલે. મેઘાણીભાઈ ત્યાં રોજ બેસવા જાય. એ પ્રવૃત્તિમાં પડવા જેવું લાગે. લાલચંદભાઈના હિસાબો તપાસી ગણતરી કરે. કામ ગમે. યોજના ઘડે, લાલચંદભાઈ સાથે ચર્ચે. કો'કવાર કહે: 'આપણે રોજ એક–એક ઘર ઢૂંઢીએ અને રેંટિયાનું રહસ્ય સમજાવીએ તો કંઈક કામ થાય ખરું.' લાલચંદભાઈ કહે: 'મને ભાષણો, ખાદીફેરી અને પ્રચાર ગમે, પણ ઘેર ઘેર જઈ સમજાવવાની કળા ન આવડે. તમે અહીં સ્થાયી થાઓ. પછી એ માટે કાંઈક કરીશું.' ('ઝ. મે. સ્મ.' પૃ. ૬૨ અને 'ઊર્મિ' મે ૧૯૪૭, પૃ. ૬૧)

પણ કાઠી રાજ્ય, અને તેમાં ય બગસરામાં તો રહેવાની ઇચ્છા નહિ. એ કરતાં વડોદરા રાજ્યનું કોઈ ગામ હોય તો કામની વધારે સ્વતંત્રતા રહે. એ દૃષ્ટિએ એમને કેરાલા પસંદ પડેલું. હરિશંકર જોષી ત્યાં હતા. એમની જમીન હતી. 'ત્યાં મેઘાણીભાઈ વારંવાર જતા. એક વાર તો લાગલાગટ સાત આઠ દિવસ રોકાયા. ત્યારે રોજ ખેતરે જાય, ફરીને આસપાસની જમીન જુએ, ખેડૂતોને પૂછીપૂછીને બધી માહિતી મેળવે. હરિશંકરભાઈ જોડે ચર્ચા કરે. હિસાબ માંડે. કાંઈ ગડ ન બેસે. પાછા બગસરે આવીને લાલચંદભાઈ જોડે ચર્ચા કરે. એમની પોતાની યોજના બારસો રૂપિયાની મૂડીમાં ખેતી કરવાની હતી. પણ એનો મેળ જ ન ખાય.' ('ઊર્મિ', મે ૧૯૪૭, પૃ. ૬૧) ઢોર–ઢાંખર, નીરણ–પૂળો મહેનત–મજૂરી, બધો વિચાર કરીને પોતે માંડેલો હિસાબ વંચાવે ને કહે: 'આ ખેતીનું કાંઈ સરાડે ચડે તેવું નથી. કેવળ ખોટનો ધંધો છે. બે પાસાં સરખાં થાય તેવું નથી.' ('ઝ. મે. સ્મ.', પૃ. ૬૨) પણ ખેતીમાં ખોટ જાય એ વાત ખટકયા કરે. કહે: 'ભાઈ, ખેતી સિવાયનો ધંધો, એને તો હું આપઘાત સમજું છું.' લાલચંદભાઈ કહે: 'જુઓને, ખાદીમાં ય કમાણી કયાં છે? એ ય લગભગ ખોટનો ધંધો જ છે ને?' એટલે જવાબ દે: 'પણ ભાઈ, તમને નથી લાગતું કે દરેક ઉત્પાદક શ્રમ



પગભર–સ્વાશ્રયી–બનવો જોઈએ?' વાત સાચી હતી. પણ એવી પરિસ્થિતિ સર્જાતાં સમય કેટલો લાગે? સર્જે કોણ?

હડાળા વારંવાર જાય. ત્યાં પણ બાપુ સાથે આ ચર્ચા ચાલે. એક નમૂનારૂપ આદર્શ ગામ જ ઊભું કર્યું હોય તો એની અસર પડે. બાપુએ એવા ખયાલથી ગોકુળપરું નામે એક ગામ વસાવેલું. મિત્રોએ એને સાચું ગોકુળ બનાવવાની યોજના કરી. એ ગામના વહીવટદારો સંયુક્ત રીતે આશ્રમી ઢબે જીવે. મિત્રો સાથે સાદું ને સાત્વિક છતાં રસભર્યું જીવન જીવવાનો આનંદ મળે ને લોકકલ્યાણ થાય. પ્રવૃત્તિ ગમે એવી હતી. વાજસુર વાળા, ગિરધરભાઇ દેસાઈ, ગુલાબચંદભાઈ અને ઝવેરભાઈ ચારે ય ગાઢ મિત્રો હતા. ઘર જેવો નાતો હતો. સાથે જીવવું મીઠું લાગે એમ હતું. હડાળાથી થોડે દૂર નદીકાંઠે આશ્રમ માટેની જમીન પસંદ કરી લીધી. યોજનાને સ્વરૂપ આપવા બેઠા. ગોકુળપરાને ઘડવાની પ્રવૃત્તિમાં કોણ શું સંભાળે તે નક્કી કર્યું. એમાં પસંદગી ને શક્તિ બન્નેનો વિચાર થયો. ઝવેરભાઈ ખેતી ને સાહિત્યની પ્રવૃત્તિ કરે, ગિરધરભાઈ વેપાર સંભાળે, ગુલાબભાઈ કેળવણીનું કામ કરે અને એ ત્રણેને પૂરક સંયોજનનું કામ વાજસુર વાળા કરે. ચારે યે ભેળા રહેવાનું. આખી યોજના કાગળ ઉપર પણ ઉતારી ને સ્પષ્ટ રીતે આંકી લીધી. નફોતોટો પણ અંદાજ્યો. ખેતીમાં ખોટ જશે એ નિશ્ચિત લાગ્યું, છતાં મિત્રો મક્કમ રહ્યા. આશ્રમ કાઢવો જ એ નક્કી કર્યું.

મેઘાણીભાઈની સામે મોંએ પડાવેલી, જોનારની સામે મંડાતી સ્થિર દૃષ્ટિવાળી એક છબી છે, જોઇ છે? એમની આંખો, આવરવા મથતાં પોપચાંને અવગણીને જાણે જાગતાં સ્વપ્નો જ ન ઊપસી આવ્યાં હોય એવી નથી લાગતી? પેલો પ્રસંગ જાણો છો, મુંબઈમાં અંધ ગાયક કે. સી. ડે અને મેઘાણી મળેલા તે? મેઘાણીને સાંભળ્યા પછી ડે એમને ભેટી પડતાં બોલેલા: 'મેઘાનીજી, મૈં આપકી બડી બડી આંખે દેખ સકતા હૂઁ.' અંતરનાં અરમાનોના ભારથી ઢળેલાં પોપચાંવાળી આ આંખોસ્વપ્નશીલ, સ્વભાવની દ્યોતક નથી લાગતી? ગોકુળપરાની કલ્યાણગ્રામી યોજનામાં સૌથી વધુ હિસ્સો વાજસુર વાળા અને મેઘાણીભાઈનો હતો.

સ્વપ્નદ્રષ્ટાઓનો એકે ય આશ્રમ આ નક્કર ધરતી પર ટકેલો કોઇએ જોયો છે? એટલે શું સ્વપ્નો ખોટાં? ગોવર્ધનરામના સરસ્વતીચન્દ્રને, નાનાલાલના જયન્તને, રમણલાલના અનેક માનસપુત્રોને, દર્શકને, શેલી શેક્સપીઅર–કાલિદાસને, ગાંધી–અરવિંદ–ટાગોર જેવા સંતોને આદર્શ વસવાટો, આદર્શ સમાજો ઊભા કરવાના ઓરતા ઊઠયે જ ગયા છે. એની નિષ્ફળતા માટે એ સ્વપ્નોને દોષ નહિ દઈ શકાય. કેટલાક પ્રયત્નો હજારો વર્ષે ય ફળે. કોઈ સાચું સ્વપ્ન ફળ્યા વિના રહેતું નથી.

આ સ્વપ્ન પણ ઘડીભર વિફળ ગયું લાગે. એ ગામ માંડ પચીસેક વર્ષ ટકયું. (અલબત્ત, રેવન્યુને ચોપડે એ નામ કદાચ હજી ચાલુ હશે!) એ ગોકુળમાં જ એક બહારવટીઓ પાકયો, જેને ખેડૂતોએ પૂરો કર્યો. ભૂપતના વખતમાં એ ગામ ભાંગ્યું! એ સ્વપ્ન જાણે આવ્યું–ના'વ્યું ત્યાં તત્ક્ષણ ઊડી ગયું. કારણોની ખોજમાં મોજ લેનારને લાગે કે અમુક ભાઇ એજન્સીમાં જોડાયા એ કારણે યોજના વિફળ થઈ, કે તમુક કામમાં



દમયન્તીબહેન અને મેઘાણી

ઢીલ કરી, કે બાપુ પાસે વહીવટી કુશળતા નહોતી; ઊતરતાં પૂરે ય કાંઠે ઓસાણ મૂકતાં જાય છે. સાકાર ન બનતાં સ્વપ્નો સમેટાતાં નથી, જીવનનાં અનેક કાર્યોમાં અસંપ્રજ્ઞાતરીતે ભળીને કાર્ય કરે છે. અમસ્તું ય, સ્વપ્નશીલતા એ જાતે જ વરદાન નથી?

આ સ્વપ્નશીલતા સાથે કુટુમ્બકલેશની ભડક પણ હશે. એટલે લગ્નની વાત નીકળતાં જ મેઘાણીભાઈ પહેલેથી ના પાડતા. લાલચંદ-ભાઈ લખે છે: 'ઝવેરભાઈ હાઈસ્કૂલ પસાર થયા પછી તેમનાં માગાં આવવા માંડયાં, પણ ઝવેરભાઈ જાતે જ ના પાડતા. એક સારા કુટુંબનું માગું આવેલું તે પણ તેમણે પાછું વાળેલું. ઝવેરભાઈએ કહેલું: હું તો ખેતી કરવાનો છું; મારે તો ખેતરે ભાત લઈ ને આવે એવી વહુ જોઈએ.' ('ઝ૦ મે૦ સ્મ૦', પૃ. ૭૨). પિતાના ઓરતા વળી જુદા હતા: 'બગસરા-ના આ પ્રથમ મૅટ્રિક્યુલેટ, પ્રથમ ગ્રૅજ્યુએટ, ઇંગ્લૅન્ડ રિટર્ન્ડ, પાંચમાં પુછાય એવા પુત્ર માટે તો 'સાત ઘરનાં નાળિયેર આવે, સાત કન્યાનાં મા-બાપ માગાં નાખતાં આવે, એમાંથી જે ઉત્તમ લાગે એને જ પસંદ કરું; છ પાછાં વાળું'. (શ્રી કપિલભાઈ કૃત અપ્રસિદ્ધ મેઘાણીચરિત્ર, પૃ. ૭).

મિત્રો સમજાવે. કલકત્તા ગયા ત્યાં પણ માગાં આવેલાં. જેતપુર-વાળા શિવલાલભાઈ ગોસલિયાના પુત્ર નૌતમભાઈ ત્યારે કલકત્તામાં. એમની મસિયાઈ બહેન દમયન્તીબહેન માટે કહેણ નાખેલું. પણ 'બેચાર વર્ષ પછી' એમ કહીને ઝવેરભાઈ પાછું જ ઠેલે. નજીકના સાથે દલીલ કરે: ઘરમાં માતાની સાથે આગંતુક વહુને કજિયો થાય એના કરતાં ન જ પરણવું સારું. કાળિદાસભાઈ અને ચોળીમા મિત્રોને કહ્યા કરે કે એને સમજાવો. પણ એણે તો જવાબમાં સો વાતનો એક મોટો નનૈયો જ રાખેલો. પણ શિવલાલભાઈના મનમાંથી આ મુરતિયો નહિ ખસેલો. કોઈ કે કહ્યું કે 'ગુલાબચંદ માથે લે તો થઈ જાય.' શિવલાલભાઈ એટલે લીધું પાર પાડયા વિના રહે નહિ. સમજાવ્યા ગુલાબભાઈને.

પછીની વાત ગુલાબચંદભાઈને મોઢેથી મેં સાંભળી તેવી જ મૂકું તો? "મેં પેલી વિલાયતવાળી વાત કહેલી ને? એમાં પેલી ચાર છોકરીઓવાળી રમૂજી ઘટના નહોતી?—સ્ટીમર પર કોઈ ચાર છોકરીઓને એને પરિચય થયાનું એણે લખ્યું'તું ને, એ? એ વિગતનો મેં હવે બુદ્ધિયુક્ત ઉપયોગ એનાં લગ્ન કરાવવામાં કર્યો... મેં એની સાથે દલીલ કરી: 'તારે પરણવું તો છે જ ને?' એ કહે: 'યોગ્ય પાત્ર જોઈએ ને?' મેં કહ્યું: 'પેલી સ્ટીમર વાળી છોકરીઓમાંથી કોઈના પ્રત્યે તારું આકર્ષણ ખરું?' એ કહે: 'હોય તો ય શા ખપનું?' મેં કહ્યું: 'ભલે બધાયનો વિરોધ હોય પણ એમાં ય હું તારી પડખે ઊભો રહેવાનો.'

આમ વાતચીતથી એના મનની કેટલીક વાતો મેં જાણી લીધી. પછી મેં એને વાત કરી. જેતપુરમાં એક કન્યા છે. મુંબાઈમાં ભણી છે. અંગ્રેજી ફિફ્થ-સિક્સ્થ જેટલું. પિતા મુંબાઈમાં કાપડના મોટા વેપારી છે. વેપાર અંગે ચીન-જાપાન જઈ આવેલા છે: મણિલાલ શાહ. કન્યાનું નામ દમયન્તી. છે સત્તરેક વર્ષની. અંગ્રેજી પણ જાણે છે. એના માસા એટલે સર હરિલાલ ગોસલિયાના ભત્રીજા શિવલાલ પુરુષોત્તમ ગોસ-લિયા; કાઠિયાવાડ એજન્સીના એક ઊંચા દરજ્જાના અમલદાર છે. હાલ જેતપુરમાં એક દરબારના કારભારી છે. કન્યા હાલ એના માસાને ત્યાં છે. જોવા જઈ શકાય." (તા. ૧૦-૧૦-'૫૮ ને શુક્રવારે શ્રી ગુલાબચંદ-ભાઈએ રાજકોટમાં એમને ઘેર મને આપેલી મુલાકાતને આધારે.)

આ જ વાત મિત્ર ગિરધરભાઈ દેસાઈએ પણ કરી. વળી ગોસલિયા એટલે દરબાર વાજસુર વાળાના સંબંધી. એમણે પણ ઇશારો કરેલો. અને શિવલાલભાઈ ઠીકઠીક જાણીતા. પહેલે જ દડે જામ રણજીની દાંડી ખેરવીને એમની પાસેથી ઈનામમાં ઘડિયાળ મેળવેલું એવી વાયકાથી રમતપ્રિય જુવાનોમાં જાણીતા, તો એક સુશિક્ષિત, કરડા છતાં કુશળ વહીવટકર્તા તરીકે પણ એમની નામના.

મેઘાણીભાઈએ પોતે ૧૯૪૬માં 'પરકમ્મા'ના 'ગણજો ગોરી...'એ પ્રકરણમાં શિવલાલભાઈનું જે શબ્દચિત્ર આલેખ્યું છે તે, કાળવ્યુત્ક્રમ-દોષ માથે ચડાવીને, અહીં યાદ કર્યા વિના રહેવાતું નથી:...'ભાદરકાંઠે જેતપુર ગામ. બિલખાનો દરબારી ઉતારો. માસાજી શિવલાલ ગોસળિયા એ રજવાડાના સરકાર-નીમ્યા હાકેમ. હોકો પીતા પીતા, ઊંચા મોટા મેજ ઉપર રેંટિયો મૂકીને કાંતતા, હાકેમી કરતા—'૨૨ના રાજદ્વારી વિપ્લવયુગને ખરે મધ્યાહ્નને. ગોરા પોલિટિકલ હાકેમોની મોટરગાડીઓ દરવાજે ઊભી રહેતી, છતાં ગોસળિયાનું કાંતણ ચાલુ રહેતું. ખાદીનો પોશાક અણઢાંક્યો ધારણ થતો. એક ચડ્ડી ને પહેરણભેર બહાર જઈ ગોરા ઉપરીઓને મળતા પણ ખરા.... ટ્રેઈનમાંથી ઊતરી અધરાતે જઈ ઊભો રહું ત્યારે ઉઘાડી ડેલીમાં બેઠુંબેઠું ધીરા વિશ્રંભટોકા કરતું શિવ-લાલભાઈ-સાંકળીબાઈનું નિત્ય-નવરસવંતુ મૌઢ જોડલું. મારા માટે ટાણું-કટાણું કદી ન વિચારતો એ યુગલનો સત્કાર. શરમિંદા મહેમાનની સાં-પટ સમજતી ગૃહિણીએ ડેલીએ આણેલું બાજરાના પાતળા રોટલા પર ઘીના દડબાનું વાળુ. અને પછી તો અણખૂટ વાત-ધારા. લેણાદેણી પણ પૂરી હતી ના! ખાદીધારી, રેંટિયો કાંતતા, પાકા સ્વમાની અને ડાંખરા શિવલાલ ગોસળિયા વર્ષો સુધી જેમને કલેજે ખટકતા હતા તેમણે છેવટે એમની ૩૦ વર્ષની જબ્બર નોકરીને એક ઝટકે ખૂંચવી લીધી—કારણ કે: એ અમને, '૩૦ના બેએક રાજકેદીઓને પોતે સાબરમતી જેલે માત્ર વ્યવહારના કામસર પાંચ મિનિટ મળવા આવ્યા હતા! જરાક દિલગીરી દેખાડે એટલી જ હાકેમોને રાહ હતી—જરાક જ દિલ-ગીરી! પણ આખા શરીરમાં નાક હમેશાં 'જરાક' જ હોય છે, ખરું ને? શિવલાલભાઈ નાક સમુકા જ સંસાર છોડી ગયા.'

એ શિવલાલભાઈને ત્યાં જેતપુર કન્યા જોવા મેઘાણીભાઈ ગયા ૧૯૨૨ના એપ્રિલ કે મેમાં. ગુલાબભાઈ કહે છે: "બેરાંમંડળમાં કન્યા બેઠેલી, એ કુટુમ્બની જ એક બીજી દીકરીની જોડે. જોડેવાળી ઠસ્સાદાર ને ધ્યાન ખેંચે એવી; ને આ તંદુરસ્ત છતાં મૂળ એકવડિયા હાડની, ને

પ્રમાણમાં ઊંચી એટલે વધુ દૂબળી લાગે. શાન્ત, નીચું જોઈને બેઠેલી... ઝવેરચંદની સાથે હું એકલો જ. ઝવેરચંદ મને કહે: 'જે કાંઈ તમારે પૂછવું હોય એ તમે પૂછજો, હું કાંઈ નહિ બોલું.' આખરે ન છૂટકે મારે જ કન્યા સાથે વાતચીત કરવી પડેલી. કાંઈક એવું યાદ છે કે મેં એમ પૂછેલું: 'આ ઝવેરભાઈ તો ખાદી પહેરે છે ને તમે મિલનાં કપડાં. તે તમને ખાદી ગમશે?' અને એણે જવાબ દીધેલો: 'હા. એ તો સારું. દેશપ્રેમની વાત છે. એ મને ગમે.' કાંઈક આવું કહેલું.

ત્યાર પછી અમે અમારે ઘેર આવ્યા. આખે રસ્તે હું ચૂપ રહ્યો. એ ય ન બોલ્યો. હું નોકરીએ ગયો. પાછો આવ્યો. ઝવેરચંદ કહે: 'હું બગસરા જાઉં છું.' મેં કહ્યું: 'આપણે શિવલાલભાઈને કાંઈક ચોખ્ખો જવાબ તો દેવો જ જોઈએ ને?' એ સંકોચાતો લાગ્યો. મેં કહ્યું: 'તો કાંઈ નહિ. આપણે એમને ના કહેવડાવી દેશું.' ત્યારે અચકાતાં અચકાતાં કહે: 'હા ...ના એમ તો નહિ...પણ પેલી બાજુમાં બેઠેલીની બાબતમાં જો વાત હોય તો...' મેં કહ્યું: 'એ તો કેમ બને? વાત આની છે. વળી એ તો આનાથી નાની છે. આનું કર્યા પછી જ એના કુટુમ્બવાળા એનો વિચાર કરે ને?'... ત્યારે તો કાંઈ જવાબ આપ્યા વિના ઝવેરચંદ ગયો.

ઘેર લાભુબહેન માંદાં હતાં. ક્ષય રોગ. મરણપથારી જ ગણો ને! ઝવેર એની બહુ ચાકરી કરે. બેયને સારી માયા. માંદગી વધી ગએલી. સૌએ આશા મૂકી દીધેલી, એવી સ્થિતિ. એમાં આ આમ પાછો આવ્યો. એ વાત જાણીને સૌને દુ:ખ થયું. લાભુબહેન કહે: 'ભાભીનું મોં જોઈને જાઉં. મને વચન આપ.' ઝવેરચંદે વચન આપ્યું.

ફરી મને મળ્યો. મેં ચોખવટ કરી: 'તે દિ' દમયન્તીની એવી સ્થિતિ હતી કે એ થોડીક અસ્વસ્થ હોય. તું વિચાર કર કે છોકરીની શી સ્થિતિ? એની સગાઈ એક વાર તૂટી ચૂકી છે, તું જાણે છે?' કહે: 'હા, વાંકાનેરમાં અમુક કુટુમ્બમાં થએલી, પણ અંદરોઅંદરનું સગપણ અને કન્યાની માતાનો જ એમાં વિરોધ એટલે મુકાયું.' 'તો પછી? આ બીજી વાર આ રીતે પરીક્ષામાંથી પસાર થવું પડે એની દહેશત એના મનમાં ન હોય કે?...ને એ બધાંની વચમાં એ બીચારી શું બોલે? તું ક્યાં બોલ્યો-'તો? એટલે જો તારી ઇચ્છા હોય તો જેતલસર ને જેતપુરની વચ્ચેની વાડીમાં તું-હું ને એ મળીએ, એમ ગોઠવી શકાય.'

પણ પછી બધું સીધું ઊતર્યું. મને લાગે છે કે ગિરધરભાઇએ પણ એની સાથે ચર્ચા કરેલી. એટલે માન્યો. એક દિવસ ગિરધરભાઇનો પત્ર આવ્યો કે તેઓ ચૂંદડી–નાળિયેર લઈને જાય છે. સગાઈ થઈ. લગ્ન લેવાયાં.

લગ્ન પહેલાં એ કહેતા કે બધું સાદાઈથી પતાવવું છે. સામૈયું વગેરે કશું ન જોઈએ. મેં કહ્યું: 'એ મારા હાથની વાત નથી. એ વચન તો સામાવાળા પાસેથી લેવું જોઈએ.' જો કે પછી તો બધું ઝીણામાં ઝીણી વિગતસર જ થએલું. ને તે પછી એ કહેતા કે આપણી આવી પ્રત્યેક વિધિ પાછળ પણ કાંઈક રહસ્ય રહેલું છે એ હું પહેલી વાર સમજી શક્યો."

લગ્ન ક્યારે થયાં? એક ઉલ્લેખ મેઘાણીભાઈએ 'પરકમ્મા'માં (આવૃત્તિ બીજીના પૃષ્ઠ ૭૦ પર) કર્યો છે. 'ગણજો ગોરી...' એ ગીત ઉતારનારને યાદ કરીને લખ્યું છે: એ 'અક્ષરો એક ઓચિંતાની ચિરવિદાય લઈ ગએલા હાથના છે. એ હાથની ઉષ્માને આસ્વાદી હતી ચોવીસ વર્ષ પૂર્વેના જેઠ વદ નોમની રાત્રિએ.' 'પરકમ્મા'નું આ લખાણ ૧૯૪૬નું. એની ૨૪ વર્ષ પૂર્વેની એટલે ૧૯૨૨માંની જેઠ વદ નોમ. પંચાંગ જોતાં સંવત ૧૯૭૮માં જેઠ વદ નોમ બે હતી–૧૯૨૨ના જૂનની ૧૮મી ને રવિવારે અને ૧૯મીને સોમવારે.[૧] એ હિસાબે તો એ બે દિવસોએ લગ્ન થયાં.

એ લગ્નમાં શામિલ થનાર બીજા મિત્ર કપિલભાઈ કહે છે: 'બગસરાથી કુંકાવાવ સ્ટેશનેથી ટ્રેઈન દ્વારા જેતપુર જવાનું હતું. ગુલાબભાઈએ લખ્યું કે કુંકાવાવથી તમે જોડાજો. ઝવેરચંદે લખેલું કે 'સાદાઈથી પાંચ–સાત માણસો જાનમાં જવાનાં છીએ. કશી ધામધૂમ કરવી નથી. ત્વરાથી લગ્ન ઉકેલી પાછા ફરવું છે. લાભુબહેનની તબિયત ચિંતાજનક છે.' છતાં ભાવનગરથી અમે બે ત્રણ મિત્રો નીકળ્યા ને કુંકાવાવ જોડાયા. વરરાજાના પોશાકમાં ગુલાબી સૂતરાઉ સાફો અને ગુલાબી ખેસ સિવાય બીજો કોઈ ફેરફાર નહોતો. વરરાજા ઉલ્લાસમાં હતા. જેતપુરમાં વરઘોડો નીકળતાં, ઘોડા પર દમામથી બેઠા. એમને ત્યાંની રૂઢિ મુજબ ઘોડે ચડી માંડવે પહોંચ્યા. અદાથી ઊતરી, ઝડપી પગલે મુખ્ય દ્વાર પાસેના ઓટલે ચડી તોરણ તોડચું. બનતી ઝડપે લગ્નવિધિ પતી. જાનને ત્રીજે દિવસે વળાવી.'

એ છેલ્લા પ્રસંગ વિષે ગુલાબચંદભાઈ કહે છે: 'છેલ્લી વિધિ વળાવવાની. અમે ગામની સીમે નદીએ ગયાં. ગાડીમાં દમયન્તીને બેસાડેલી. હજી સામેવાળાં આવ્યાં નહોતાં. નદીએ મિત્રોએ આગ્રહ કર્યો. મેં દમયન્તીને પૂછ્યું: 'સાંભળવું છે, વરરાજા કેવું ગાય છે એ?' ને ઝવેરચંદને ગાવા કહ્યું: એણે ગાયું: 'હાં રે દોસ્ત! હાલો દાદાજીના દેશમાં."

દરબાર સાહેબ લખે છે: 'તેઓ પરણવા ગયા ત્યારે અહીંથી–આ હડાળાના પાદરમાંથી નીકળેલા. સાથે તેમના મિત્રો હતા. પાછા ફર્યા ત્યારે કુંકાવાવ સ્ટેશને અમારી મોટર એમને લેવા ગએલી ને આ પાદરમાંથી એ પસાર થતાં ઊભી રહી હતી. ઝવેરભાઈ અને દમયન્તીબહેન બંને જણાં મને વંદન કરવા આવેલાં. ઝવેરભાઈએ એ વખતે ભરત ભરેલી ટોપી પહેરી હતી. મેં કહ્યું: 'એલા, આ તે શું? લગનના અવસરમાં આ ટોપી કાં પહેરી?' પછી એમને અહીં ગુલાબી રંગની પાઘડી-શેલું મેં બંધાવેલું. એ વખતે પણ અહીં એમણે એકબે ગીતો ગાએલાનું યાદ આવે છે.' ('ઝ૦ મે૦ સ્મ૦' પૃ. ૭૬).

ગામમાં આવ્યાં. બે ઘોડાની ફેટનમાં વરઘોડિયાં નીકળ્યાં. શ્રી ગિરધરલાલ દેસાઈ લખે છે: 'બગસરાના તેઓ પ્રથમ ગ્રૅજ્યુએટ અને એમાં ય સુધારક ગણાય, એટલે એ ગ્રૅજ્યુએટનો ગામમાં વરઘોડો નીકળ્યો ત્યારે ગામ જોવા નીકળેલું. બધાંને હતું કે આ ભણેલગણેલ વહુને ખુલ્લે મોઢે લાવશે, પણ ઝવેરભાઈએ સૌની ધારણા ખોટી પાડી. કેટલીક બાબતોમાં ઝવેરભાઈ બહુ આગ્રહી અને જૂના વિચારના હતા. તેઓ દમયન્તીબહેનને લાજ કઢાવતા; ઉપરાંત કુટુંબમાં ઘણા જૂના રીતરિવાજોને વળગી રહેતા.' (ઝ૦ મે૦ સ્મ૦', પૃ. ૭૨-૭૩)

બહેનને આપેલું વચન ભાઈએ પાળ્યું. પણ બહેનની સ્થિતિ ગંભીર હતી. વાતાવરણ ગમગીનીભર્યું હતું. પિતાની સમૃદ્ધિ અને માસાની હાકેમી વચ્ચે, સુખમાં, લાડકોડથી ઊછરેલી ઊર્મિલને તેથી જ કદાચ સ્વભાવે કોઈને ક્યારેક તીખી લાગતી, છતાં પરિચિતોએ જેને સીધીસાદી, ભોળી કહીને ઓળખાવી છે એવી, હજી તો કૈશોર્ય ને યૌવન વચ્ચેનો સંક્રાંતિકાળ પણ જેણે માંડ વટાવ્યો હતો એવી એ નવયૌવના લગ્નને માંડવેથી સીધી આ ગંભીર વાતાવરણવાળા, સાંકડા, અંધારિયા સીધી સીડીવાળા ઘેર આવી ત્યારે ત્યાં એને કેવું લાગ્યું હશે? પિયરથી પહેલી જ વાર ગમે તેટલે સમૃદ્ધ સાસરે આવતી કન્યાને ય કેવું થતું હોય છે? ત્યારે આ વાતાવરણમાં આને ગોઠચું હશે ખરું? અધૂરામાં પૂરું એક અઠવાડિયામાં જ લાભુબહેને દેહ છોડચો. વહાલી બહેનના એ મૃત્યુની ઘેરી અસર પણ આ આદર્શવાદી પતિ પર ત્યારે ઘેરી થઈ.

લગ્ન પછી આઠ વર્ષે ૧૯૩૦માં, જેલમાં રહ્યે રહ્યે પોતાની જન્મતિથિએ મેઘાણીભાઈએ એ આઠ વર્ષના ગાળાને માટે કેવા શબ્દો વાપર્યા છે!

'ભૂલું કયમ ઉરના ઊંડા રોગ?

*

મેં દીધાં વિષદંશ ત્યાં, સખી, સીંચી તેં અમીધાર;
તેં ય કર્યા કદી ઘાવ,–કાળ મુજ બનિયો રૂઝણહાર!

૧ જુઓ જેચંદ તલકશી પ્રકાશિત '૧૨૫ વર્ષનું પંચાંગ', પૃ. ૧૯૦.

સંઘર્યાં નથી લેશ સંતાપ,
નથી નથી મનમાં રાખ્યાં પાપ;
દોષ મમ સ્મરી સ્મરી પશ્ચાત્તાપ
રડયો છું, સળગ્યો છું ઉરતાપ.

*

આપણા નહોતા પ્રીતિવિવાહ,
ભિન્ન હતા જૂજવા રાહ;
મૂઢ હું, તું ભર ઊર્મિપ્રવાહ;
ઘેર મુજ આવી—કોડઅથાહ.
કરમાયાં તુજ કુસુમ, વેલડી, નવ ભાવેલાં નીર;
જીવન-જળ શોષાયાં'તાં મુજ, ન રહી તુજને ધીર!'

એ આઠ વર્ષની તો જાણે ચકવાકની રૈન હતી! તે ગઈ.

'પૂરી થઈ ચકવાકની રૈન.'

*

આઠ વર્ષના રૂંધાયા'તા શક્તિપ્રવાહ;
બંધ તૂટતાં ધોધ વછૂટયા,...

કેવું ઊર્મિની સચ્ચાઈ વાળું આત્મકથન છે!

બંને પોતાની રીતે ઊર્મિલ હતાં: એકની ઊર્મિ ઉત્કટ બનીને ઊભરે ત્યારે ક્યારેક તીખાશનું રૂપ લેતી હશે, અધઝાઝેરી તો અંતરનો ચચરાટ જ બનતી હશે. બીજાની ઊર્મિ ખામોશીમાં ભંડારાતી હશે; ક્યારેક પશ્ચાત્તાપ કે મંથનનું રૂપ લેતી હશે. એકને ઘરની સીમમાં ને વ્યવહાર-લોકમાં રહેવાનું હતું; બીજાને આદર્શલોક ને શબ્દલોક સુધી વિહરવાનું હતું. પણ ખરેખર એ બંનેનાં ચિત્તમાં શું શું હશે—નહિ હોય એની કલ્પના છોડીએ. જે થયું, દેખાયું, સંભળાયું એથી વિશેષ નિકટવર્તી બહિર્જનો પણ ક્યારે ય જોઈ શકે છે ખરા? કોઈનું યે ચિત્ત પકડી-ચીતરી શક્યું છે કોઈ? માત્ર સાધાર અનુમાનો થઈ શકે.

ગમે તેમ; એ નવાગંતુકાને આ નવપ્રદેશે ગમગીનીનો અનુભવ થયો હશે. તેમાં બહેનનું મૃત્યુ! લગ્નજીવનના આરંભે જ વિધાત્રીએ મૃત્યુપાત દ્વારા કઈ ડ્રામૅટિક આયરની કરવી ધારી હશે? જેના જીવનમાં લગ્ન દ્વારા વિધાત્રીએ કળાયલ મોરલો કોતર્યો એનું જ શું થયું!

કલેજા વચાળે એણે કોર્યો એક મોરલો,
બાઈ! મેં તો અધૂરો ત્રોફાવી દોટ મારી રે,
કાળજડાં કોરાં રિયાં હો જી!

પણ—હજી લગ્નની વાત કરતાં જ આ મરસિયા કાં ફૂટયા!! જવા દો. તૂટેલી વાત આગળ વણીએ.

હવે તો વ્યવસાયની શોધનો વેગ વધારવો જ પડે. કાંઈક નક્કી કરી લેવું પડે. એ ચિન્તા સાથે મિત્રો-સ્નેહીઓને મળતા. એક વાર લાલચંદભાઇ મળ્યા. કહે: 'ભાઈ, તમે પકડાઈ ગયા છો.' 'હેં! ક્યાં? શેમાં?' 'જુઓ, આ'-કહીને એમણે 'સૌરાષ્ટ્ર' સાપ્તાહિકમાંનું એક લખાણ બતાવ્યું.

'આમાં તો "મળેલું" એવું મથાળું છે.'

'પણ એની ભાષા પરથી અછતું નથી રહેતું કે કોનું છે.'

બનેલું એવું કે "પોતે વક્તા ને વિચારક હતા.... કલકત્તા અને પશ્ચિમનાં શહેરો જોઈ લીધેલાં. એટલે ગામડાંની રચના, જૂની સંસ્કૃતિની ખૂબી, એ વિષયોની એક ખાસ વ્યાખ્યાનશ્રેણી બગસરામાં ગોઠવેલી. એનો સારભાગ પ્રથમ વાર 'મળેલું' એ મથાળે 'સૌરાષ્ટ્ર'માં પ્રગટ થએલો." ('ઝ૦ મે. સ્મ૦' પૃ૦ ૬૩ અને 'ઊર્મિ' મે ૧૯૪૭, પૃ૦ ૬૨)

એવી જ એક બીજી ઘટના બની. એ 'ભાવનગર ગએલા. ત્યાંથી પાછા ફરતાં માર્ગમાં કેટલાક કાઠી-ગરાસિયા સાથે વાતો થઈ. એના ઉપરથી અહીં (હડાળે) આવીને 'મોતીની ઢગલીઓ' નામનો લેખ તેમણે 'સૌરાષ્ટ્ર'માં મોકલ્યો.' (દરબાર વાજસુર વાળા, 'ઝ૦ મે૦ સ્મ૦', પૃ૦ ૭૭)

ત્રીજી એક ઘટના બની. 'મોતીની ઢગલીઓ' લખ્યા પછી બીજે કે ત્રીજે અઠવાડિયે, પાછા, ભાવનગરથી હડાળે થઈને એમનાં માસીને ત્યાં તોરી ગામે ગયા. ત્યાં ચૉરા પર વાતો થતી તે સાંભળી. લખી લીધી. મથાળું કર્યું 'તોરી ગામનો ચૉરો.' ('ઊર્મિ' મે ૧૯૪૭, પૃ૦ ૬૨). દરબારસાહેબ કહે છે તેમ 'એ લેખ નહોતો, પણ શ્રી અમૃતલાલભાઈ ને ઉદ્દેશીને લખેલો કાગળ હતો.' ('ઝ૦ મે૦ સ્મ૦', પૃ૦ ૭૮) શીર્ષક તો પાછળથી કદાચ અમૃતલાલભાઈ એ આપ્યું હશે.

એ લખાણ મળ્યું એ વિષે અમૃતલાલભાઈ કહે છે: પત્ર 'વાંચ્યો અને હું સ્તબ્ધ થઈ ગયો! ચૉરો એ જાણે કોઈ જીવતું જાગતું માનવી હોય અને ધ્રુસકે ધ્રુસકે રોતું પોકાર કરતું હોય, એવું ચિત્ર એ લેખકે જાણે ખડું કર્યું હતું! એવું જીવન્ત લખાણ મેં કદી જોએલું કે વાંચેલું નહિ. મેં એમને તુરત જ તાર કર્યો અને મળવા બોલાવ્યા.... એમનો 'ચૉરાનો પોકાર' એ જાણે એમના આત્માનું પ્રતિબિમ્બ જ હતું... મને જ્યારે એ પહેલા મળ્યા ત્યારે તેમણે મને કહેલું કે હડાળાના દરબાર શ્રી વાજસુર વાળા એમને પોતાની પાસે રાખવા માગે છે, અને બીજી બાજુ ભાવનગરની સનાતન હાઈસ્કૂલમાં શિક્ષક તરીકેની જગ્યા તેમને આપવાની માગણી થઈ છે.... પણ હું તો એમના લેખ ઉપર મુગ્ધ થઈ ગયો હતો. એટલે વર્તમાનપત્ર રૂપી વિશાળ શાળામાં શિક્ષક બનવાનો મેં તેમને સફળ આગ્રહ કર્યો." ('ઊર્મિ', એપ્રિલ ૧૯૪૭, પૃ૦ ૩૩-૩૪)

એ મેઘામૃતમિલનનો દિવસ શ્રી ભીમજીભાઈ 'સુશીલ'ને યાદ છે: "ઉનાળાની બપોર હતી. તાપ ધોમધખતો હતો. એક ઓશરીમાં ભાંગીતૂટી ખાટલી પર જમીને હું સૂતો હતો. મેઘાણીભાઈ આવ્યા ને અમૃતલાલ શેઠ સાથે થોડી વાતચીત કરીને ચાલ્યા ગયા. મને તો ખાતરી હતી કે, શક્તિશાળી ને પ્રતિભાશાળી માણસ આવાં ધૂડિયાં ઝૂંપડાંમાં જીવન ગુજારવાનું પસંદ નહિ જ કરે. વખારોમાં જ અમે તે વખતે રહેતા હતા.

થોડા દિવસે કાગળ આવ્યો કે 'હું રાણપુર આવું છું. જાણે માતાની ગોદમાં રહેતો હોઉં એટલો મને આનંદ થાય છે.'—અને ખરેખર, મેઘાણીભાઈ આવીને અમારી વચ્ચે બેસી ગયા ત્યારે મારા આશ્ચર્ય અને આનંદનો પાર ન રહ્યો.' ('સ્ત્રીજીવન' જૂન ૧૯૪૭, પૃ૦ ૪૯૫)

રૂપિયા પંચોતેરને પગારે એ 'સૌરાષ્ટ્ર'માં જોડાયા—ઈ. ૧૯૨૨ના જુલાઈના અરસામાં, લગ્ન પછી લગભગ એકાદ માસે. (ચાલુ)

અનુસંધાન] **પદ્મા નદીનો માંજી** [પૃ. ૯૨થી

એની ઘરડી આંખો મને એ રીતે જોઈ રહી માનો પૂછતી હોય: 'આ મારી કેવી કમજોરી છે?'

હવાની એક ઠંડી લહર અમને બંનેને થોડાથોડા કંપાવી ગઈ. એનો શો ખુલાસો અપાય કે કેટલાક કેમ હેવાન જ હોય છે, ને કેટલાક બની જ નથી શકતા? એ પ્રશ્ન ત્યાર પછી ઘણી વખત મારી સામે ઊઠયો છે, ને હું નિઃશબ્દ રહ્યો છું—જેવો કે, એ રાતે અબ્દુલ માંજી સમક્ષ રહ્યો.

'લેખક બાબુ, તમને આ વાત કહી તો મન કેટલું હળવું થઈ ગયું. અત્યાર સુધી હું એકલો જ આ બોજ ઊંચકતો હતો. હવે તમારી સાથે વહેંચી લીધો. વહેંચી લઇને મન હલકું થઈ ગયું... સોત્થી, લેખક બાબુ, સોત્થી! ખૂબ ભાલો હોલો જે આપનાર સેંગે દેખા હોલો!' (ખરેખર, લેખક બાબુ, ખરેખર! ઘણું સારું થયું કે તમારી મુલાકાત થઈ!) એણે કહ્યું.

ને પછી, કાફી વાર સુધી માંજી મારી સામે એ રીતે જોતો રહ્યો માનો એ એક બોલતો-ચાલતો માનવી નહિ, કાળા આરસમાંથી તરાશી કાઢેલું એક પૂતળું હોય. □

કેમ્બોડિયા [ખ્મેર પ્રજાસત્તાક]નું નૃત્યનાટ્ય રામાયણ

ચન્દ્રવદન મહેતા અને સુનીલ કોઠારીની જુગલબંધી-૯

લાફાયેત ઍવેન્યુમાં બ્રૂકલિન ઍકેડમી ઑવ મ્યૂઝિક. ત્યાં પ્રતિ વર્ષે મૅડમ નીનૉન ચલૉ કાર્લવિસ 'આફ્રો-એશિયન ફેસ્ટિવલ' યોજે.* આ ફેરા તેમણે કૅમ્બોડિયાના ક્લાસિકલ ખ્મેર બાલેને નિમંત્રણ આપેલું. છેલ્લે દિવસે ભારતના ડાગર બંધુઓના સંગીતનું આયોજન પણ કરેલું. તે ઉપરાંત, સિંગાલિસના નૅશનલ ડાન્સ કંપની, મૉરૉક્કો અને ઈરાનના અંગકસરતના પ્રયોગો બતાવનારને તેમજ આફ્રિકામાં વાયવ્ય ખૂણે આવેલા સીએરા-લીઓનના નર્તકોને પણ નિમંત્રેલા. તેમાંથી મને કમ્બોડિયાનાં નૃત્યો તથા રામાયણના કેટલાક અંશો જોવાની તક મળી.

કૉપનહેગનમાં પ્રોફેસર મોગેન્સ હોલેસ્ટેડે નોમપેન્હના રાજમહેલના નર્તક દળની સ્લાઈડો બતાવી હતી. વળી કૉપનહેગનના નાના થીએટર મ્યૂઝિયમમાં વેશભૂષા ને પોશાકો વગેરે જોએલાં અને અંકોરવાટનાં મંદિરોની દીવાલો પરનાં ભાસ્કર્યોથી તો કોણ પરિચિત ન હોય? એ ભાસ્કર્યોની નૃત્યાંગનાઓ જાણે સદેહે રંગમંચ પર ફરવા લાગી! ઝાકઝમાળ સુવર્ણ પોશાકો, અલંકારો, મુગટો, મણિમેખલાઓ વગેરેથી વિભૂષિત લગભગ પચાસ નર્તક-નર્તકીઓના એ દળે જ્યારે આરંભનું વંદના-નૃત્ય રજૂ કર્યું ત્યારે પ્રેક્ષકો જાણે આ મર્ત્યલોકમાંથી સ્વર્ગમાં જઈ પહોંચ્યા હોય તેવી ભ્રાંતિ થઈ! ઓહોહો! શી કમનીય હસ્તછટા, હંસાસ્ય મુદ્રા, અંજલિ હસ્ત, ગ્રીવાનાં મંદ ચલનો, પગના ઋજુ ઠેકા! આપણાં શિલ્પોમાં ગરુડપ્લુતમ્ કરણમાં ઊડવાની ક્રિયાના સૂચનરૂપે પગને પાછળ અધ્ધર કરી બે હસ્ત ફેલાવી ઊભા રહેવાના જે સ્થાનનો નાટ્યશાસ્ત્રે ઉલ્લેખ કર્યો છે તે આ નૃત્યોમાં હજી ય પ્રચલિત છે. ભારતની હિંદુ સંસ્કૃતિ કૅમ્બોડિયા વગેરે વસાહતોમાં પ્રસર્યાનો, વિકસ્યાનો અને હજી ય અવશેષ રૂપે ટકી રહ્યાનો ઇતિહાસ તો સુવિદિત છે. વળી, રામાયણની પરંપરા ત્યાંની તળભૂમિમાં નિજી સ્વરૂપે જળવાઈ રહી છે. તેની જાળવણીમાં રાજવીઓનો ફાળો પણ નાનોસૂનો નથી. ઉપરાંત, એ નૃત્યોમાં જે વૈભવશાળી રજૂઆત જોઈ શકાય છે તે ઉચ્ચ રસવૃત્તિ, પોશાકોની જ ઝાકમઝોળ અલંકારોની વિપુલતા અને મંથર ગતિ વગેરે એ રાજ્યાશ્રયને આભારી છે.

આ બાલેનો ઇતિહાસ લગભગ ૧૪૦૦ વર્ષ જૂનો હોવાનું મનાય છે. આ અપ્સરા-નૃત્યાંગનાઓ આશરે ૯મી શતાબ્દીથી કૅમ્બોડિયાની પ્રજાના માનસમાં, હિંદુ સંસ્કૃતિની અનેક કથાઓમાંની અપ્સરાઓ તરીકે વસી ચૂકી હતી. પછી રાજ્યાશ્રય હેઠળ આ નૃત્યકળાની જાળવણી અણીશુદ્ધ રહેવા પામી. છેક હમણાં સુધી આ નૃત્યો માત્ર રાજમહેલમાં જ રજૂ કરવામાં આવતાં. જો કે અગાઉ એકવાર ઈ. ૧૯૦૮માં પારી(સ)માં એક નર્તક દળે આ નૃત્યો રજૂ કરેલાં અને તે જોઇને વિખ્યાત શિલ્પી રોદાં પોકારી ઊઠેલો કે 'માનવીની અવસ્થા આનાથી ઉચ્ચ કક્ષાએ લાવવી અશક્ય છે. આ નૃત્યો દ્વારા, તેની અંગભંગિ દ્વારા આપણે સ્વપ્ને પણ ન દીઠાં હોય તેવાં સનાતન સૌંદર્યો સાકાર થાય છે.' નિઃશંક આ નૃત્યોનું સૌંદર્ય આપણને આશ્ચર્યથી અભિભૂત કરી દે છે! ન્યૂ યૉર્કમાં રજૂ થયાં તે પહેલાં સુરકર્તામાં સર્વ પ્રથમ અખિલ વિશ્વ રામાયણ નૃત્ય-સમારોહ યોજાયો એ વેળા આ નર્તકોને પણ ભારતનાં પરંપરા-નૃત્ય જોવાની તક મળી હતી. ત્યાં તેઓ કથકલી તેમજ છાઉ કલાકારોને પણ મળ્યા હતા. એ સમારોહમાં ભાગ લેવા ગએલાં રુક્મિણી એરૂંડેલ અને બાલાસરસ્વતીને પણ તેઓ મળ્યા હતા, અને હવે ૧૯૭૪માં ભારતમાં ફરી તેવો નૃત્ય-સમારોહ યોજાવાનો છે તેમાં ભાગ લેવા તેઓ આવવાના છે. કાર્યક્રમ પત્યે અમે તેમને મળવા ગયા ત્યારે રાવણનાં, હનુમાનનાં, રાક્ષસોનાં, વાનરોનાં એમ અનેક મ્હોરાં, પોશાક, અલંકારો વગેરે જોવા મળ્યાં. તેમ-



અંકોરવાટનાં ભાસ્કર્યોની નર્તકીઓ અને......

......એમને સજીવ કરતી ખ્મેર નર્તકીઓનું સામ્ય

ની મુદ્રાઓ, પદચલન વગેરે આપણા જ નૃત્ય-વારસામાંથી ઊતરી આવ્યાં છે તેની તેમણે સપ્રયોગ સમજૂતી આપી અને અમારો રસ જોઈ અન્ય પ્રયોગો જોવા ફરીથી નિમંત્ર્યા. કૅમ્બોડિયા તો જવા મળે ત્યારે ખરું, પણ અહીં ન્યૂ યૉર્કમાં ઘેર બેઠાં ગંગા આવ્યા જેવો મોકો મળતાં મારા આનંદનો પાર ન રહ્યો! બીજા પ્રયોગમાં મણિમેખલાનું નૃત્ય, મકર નૃત્ય, છાયા નૃત્ય વગેરેના પ્રયોગો જોયા.

બ્રૂકલિન ઍકેડમી ઑવ મ્યૂઝિકની જેમ ન્યૂ યૉર્કનું સિટી સેન્ટર થીએટર એટલે પણ નૃત્ય જગતનો અડ્ડો. વેસ્ટ ૫૫મી સ્ટ્રીટમાં તેનું થીએટર. ત્યાં આજે, અમેરિકન નૃત્ય જગતમાં પોતાની આગવી પ્રતિભા અને ખંતથી તનતોડ મહેનત તથા આ-મરણ નિષ્ઠાથી ડંકો વગાડનાર નૃત્ય સંકલનકાર રૉબર્ટ જ્યૉફ્રેની મંડળી આપણને હેરત પમાડે અને કોઈ નવા જ અનુભવોની સૃષ્ટિમાં લઈ જઈ ગતિના નવા જ વ્યાપાર-વિનિયોગ બતાવે છે. ઈ. ૧૯૬૮ના માર્ચમાં જ્યૉફ્રેએ ચંદ્રલોકની દેવીની પુરાણકથા પર આધુનિક શૈલીમાં 'એસ્તાર્તે' નામે જે બાલે રજૂ કર્યું તેનાથી દુનિયાભરમાં ચકચાર જાગી હતી. નૃત્ય નૃત્ય મટી 'ટોટલ થીએટર' બની રહ્યું! પૂર્વે રોમાન્ટિક બાલેની કથાઓમાં પરીઓની રાણી આવે ને સ્વપ્નસુંદરીઓ આવે; લોકોનો વહાલસોયો રાજકુમાર આવે; બેય સાથે રમે, સાથે હરેફરે; કોઈ દાનવ આવી એમને છૂટાં પાડે; વળી દાનવને ડારી તથા હણી રાજકુમાર રાજકુમારીનું પાણિગ્રહણ કરે ને પછી એ...ય ને બેય જણ ખાય પીએ ને રાજ કરે—એવી કથાથી ક્યાંય દૂર, વર્તમાન પ્રસંગોનાં નવલાં નિરૂપણ, અર્થઘટન, સાંપ્રત સમયની ઝલક વગેરે બધું એનાં નવાં નૃત્યોમાં જોવા મળે. ગઈ કાલનાં નવાં વહેણવળાંક આજ જૂનાં થાય, આજનાં ઊગે, પ્રજાનાં મનમાં વસે અને લોકનાડની પકડ જમાવે ત્યાં તો વળી બીજાં અવનવાં ઊભાં થાય. દિમાગને, બુદ્ધિ બહેર મારી જાય, ઇન્દ્રિયો નવું અનુભવે અને તેની કળ વળે ત્યાં બીજા અજાણ્યા અનુભવો માટે તૈયાર થવું પડે એવી આ નૃત્ય (અનુ. પૃ. ૧૦૦)

*નવેમ્બરમાં તેમણે મૃણાલિની સારાભાઈ તથા નર્તકવૃંદને નિમંત્રેલાં.

ડૉ. મધુસૂદન પારેખની લેખમાળા

અંગ્રેજી સાહિત્યનું આચમન

વિભાગ બીજો: ૫ · બૅલાડ્ઝ (Ballads) નું સાહિત્ય

જાગૃતિ પૂર્વેના મધ્ય કાળના કવિઓની રચનાની ચર્ચા આ અગાઉ થઈ ગઈ, પરંતુ મધ્ય કાળના આરંભથી તે સોળમા સૈકા સુધી પ્રેમશૌર્યની કેટલીક એવી પણ ગીતગાથાઓ રચાઈ છે જેમના નિશ્ચિત કર્તાનો કે સમયનો તાગ કાઢવો અશક્ય છે. એક છે લોકસાહિત્યનો એક પ્રકાર[1] મધ્ય યુગમાં ગીતગાથાઓ સ્કૉટલૅન્ડ, ઇંગ્લૅન્ડ, ફ્રાન્સ તથા અન્ય પ્રદેશોમાં પ્રચલિત હતી. અંગ્રેજીમાં ગીતગાથા માટે 'બૅલાડ' (Ballad) શબ્દ છે. આ શબ્દનું મૂળ 'બૅલર' (Baller)માં છે. બૅલર એટલે નૃત્ય. બૅલડ પ્રકારની કવિતા સાથે આમ નૃત્ય-સંગીત જોડાએલાં છે. ધ્રુવપદ એ એનું એક આગવું અને આવશ્યક લક્ષણ ગણાય.

બૅલડ્ઝ એટલે કે ગીતગાથાની રચના કોણે કરી હશે? એમાં એકનું કર્તૃત્વ હશે કે અનેકનું? એ કોઈ સમાન શીલવાળી જાતિનો, લયબદ્ધ નૃત્ય કે ગતિ સાથેનો અનાયાસ ઊર્મિઉદ્‌ગાર નહિ હોય? આવા અનેક પ્રશ્ન થયા છે. પરંતુ એકીસાથે, અનાયાસ ઉદ્‌ગારરૂપે બૅલડનો ઉદ્‌ભવ થયાની કલ્પના વાસ્તવિક નથી લાગતી. તેમ છતાં કવિત્વની બક્ષિસવાળો કોઈ ગાયક પોતાના સમુદાય માટે આવી ગીતગાથા રચતો હોય, શ્રોતાએ સમક્ષ તે ગાઈ બતાવતો હોય અને દરેક કડીને અંતે આવતું સચોટ આકર્ષક ધ્રુવપદ શ્રોતાવૃંદ ઝીલતું હોય એવી કલ્પના સંભવિત લાગે છે. એક વાર ગીતગાથા રચાઈ જાય પછી બીજા ગાયકો- શ્રોતાઓ–આપમેળે તેમાં સુધાર વધારો કરતા રહ્યા હોય એ બનવાજોગ છે.

આખરે તો બૅલાડ એ પ્રજામાં કંઠોપકંઠ ઊતરી આવેલી રચના છે. કોઈક વિવેચકે કહ્યું છે તેમ 'Oral transmission is the very essence of balladry.' આ કવિતા લોકોની સ્મૃતિમાં અને હોઠ પર જળવાતી, એટલે લોકસ્મૃતિ તેમાં થતી વધઘટ અથવા તેમાંના સુધારા-વધારામાં હિસ્સેદાર ગણાય. આ રીતે બૅલાડમાં કર્તા અને શ્રોતાનું સહિયારું કર્તૃત્વ કેટલાક વિદ્વાનોએ સ્વીકાર્યું છે. આ પ્રકારની ગીતગાથા કંઠોપકંઠ પ્રવાસ કરતી—પ્રસાર પામતી હોવાથી તેનું મૂળ સ્વરૂપ ઘણી વાર પલટાઈ જાય, એમાં નવા વળાંક દાખલ થઈ જાય અને ખરબચડતાને સ્થાને મુલાયમતા પ્રવેશી જાય એ સ્વાભાવિક છે. એટલે બૅલાડની અસલ છાપ તો આજે ભાગ્યે જ મળે. બૅલાડની ખરી લિજ્જત એ ગવાય ત્યારે મળે. ધીમે ધીમે ગીત ઊંચકાતું આવે અને આસ્તે આસ્તે તેની લયગતિ વિકસતી જાય તેમ તેની કડી શ્રોતાના હૃદયમાં અંકિત થતી જાય. અને ધ્રુવપદ એના અંતરમાં કોતરાઈ જાય. બૅલાડ વાંચવા માટે છે જ નહિ.

ગ્રંથસ્થ બૅલાડ, એક વિવેચકે કહ્યું છે તેમ, મ્યૂઝિયમના નમૂના જેવા છે. એ જોવાં ગમે તેવાં સુંદર અને રસપ્રદ ખરાં, પરંતુ એની મૂળ પ્રકૃતિનો અમુક જ અંશ એમાં પ્રગટ થાય. આમ બૅલાડની વિશિષ્ટ આકૃતિ ઘડવામાં સમયનો ફાળો છે, રચનાકૌશલનો નહિ. વિવેચક લગવીએ સાચું જ કહ્યું છે કે 'It is time rather than the mode of their making which gives ballads their special character.'

બીજાં કાવ્યોથી બૅલાડ જુદું એ રીતે જ પડે છે: એને આપણે કદી મૂળ રૂપે પામી શકતા નથી. પ્રો. આર્નલ્ડના મતનું અહીં સ્મરણ કરવા યોગ્ય છે: જે સૌથી વહેલું ઝડપાઈને મુદ્રણમાં જડાઈ ગયું હોય તે બૅલાડ ઉત્તમ. (The ballad is at its best when it is early caught and fixed in print.' અંગ્રેજી સાહિત્યમાં પ્રાપ્ત થતાં બૅલાડ્ઝમાં કેટલાંકમાં મૂળની થોડીક ખરબચડતા જળવાઈ રહી છે; પરંતુ બિશપ પર્સી (Percy) અને વિલિયમ સ્કૉટ (Scott) જેવા સંપાદકોએ મૂળ કૃતિમાં વારંવાર અનુચિત સુધારા કર્યા છે. પર્સીએ તેના 'પ્રાચીન કવિતાના અવશેષો.' (Reliques of Ancient Poetry)માં બૅલાડમાં કાવ્યનો રંગ ઠીકઠીક ભેળવ્યો છે. સહેજ માત્ર સુધારાવધારાથી નવીન આકર્ષક અર્થ નીપજી રહેતો હોય ત્યારે નીતિચુસ્ત બનીને મૂળની તુચ્છ પંક્તિઓને વળગી રહેવાનું તેણે મુનાસબ માન્યું નથી.

વિલિયમ સ્કૉટે પર્સીના સંગ્રહ પરથી પ્રેરણા પામીને ઈ. ૧૮૦૧માં 'બૉર્ડર મિન્સ્ટ્રલ્સી' (Border Minstrelsy) નામનો બૅલાડનો સંગ્રહ પ્રગટ કર્યો. વૉલ્ટર સ્કૉટે કેટલાંક બૅલાડની અનેક હસ્તપ્રતો ભેગી કરેલી; અને એમાંની ઉત્તમ કડીઓ, અર્ધી કડીઓ અથવા કેટલીક પંક્તિઓનાં પાઠાંતરોમાંથી એ પોતાનું નવું આગવું પાઠાંતર તૈયાર કરતો. અભિવ્યક્તિમાં અને પ્રાસમાં પણ આમતેમ સુધારા કરી લેતો; અર્થ પૂરો કરવા માટે તે નવી કડી પણ રચી લેતો, બૅલાડનું સંપૂર્ણ રૂપ સિદ્ધ કરવાની લાલચમાં અને પોતાના પૂર્વજોની કવિતાને ન્યાય આપવાની ધગશમાં તેણે મૂળ કૃતિ સાથે અનુચિત છૂટ લીધી; પરિણામે મૂળ કૃતિની સાહિત્યિક ગુણવત્તા વિષે ગેરમાર્ગે દોરે તેવાં વિચારવમળ તેણે પેદા કર્યાં. પણ ડેવિડ ડેચીઝ આ બાબતમાં ચુસ્ત નથી. એ માને છે છે કે બૅલાડનું સ્વરૂપ પરિવર્તન પામવાનું જ. એમાં popular corruptions પણ રહેવાનાં અને literary polishing પણ થવાનું. એ એનું નિર્માણ છે.

બૅલાડનાં મુખ્ય લક્ષણો

બૅલાડનું એક આવશ્યક પ્રયોજન રસભર્યા તથા આશ્ચર્ય, ભય, શૌર્ય, કરુણ જેવી અંતરની ઊંડી વૃત્તિને ઉત્તેજે તેવા વાર્તાકથનનું છે. એમાં પાત્રચિત્રણનું મહત્ત્વ નથી. નાટ્યાત્મક પરિસ્થિતિ ખીલવવા પૂરતો જ તેમનો ખપ છે. બૅલાડ ભલે ગવાય કે તેનો મુખપાઠ થાય, પરંતુ તેમાં કોઈ ને કોઈ વાર્તાવિષય તો હોય જ. એક જ મહત્ત્વની ઘટના રજૂ કરનારો આ કાવ્યપ્રકાર એનું પ્રયોજન સિદ્ધ કરવા માટે, સંગીત—મૌખિક કે વાદ્ય—ના આશ્રય લઈ ને, તથા સમૂહમાં ઝીલી શકાય તેવા આકર્ષક ધ્રુવપદ વડે શ્રોતાના અંતરમાં ઊર્મિનાં આંદોલન જગાડવા શક્તિમાન બને છે. એમાં વાર્તાની રજૂઆત નાટ્યાત્મક હોય, એ વાર્તા કેટલીક વાર ટૂંકાં દશ્યો દ્વારા પણ વર્ણવાઈ હોય. એમાં ભાવની પરાકાષ્ઠા ઘણી વાર સંક્ષેપમાં રજૂ થઈ જાય છે; અથવા એ સૂચિત પણ હોય છે શબ્દોની અતીવ કરકસર તેમાં ખાસ ધ્યાન ખેંચે છે એક પ્રસંગ પરથી બીજા પર ત્વરિત નાટ્યાત્મક ગતિએ થતું એમાંનું પ્રમાણ ચકિત કરી નાખે છે. એમાં પ્રસંગપલટાના નિર્દેશની પણ તમા રાખવામાં આવી ન હોય એમ બનતું હોય છે.

બૅલાડમાં કવિપ્રતિભા અદશ્ય જ રહેવાની. બૅલાડ એ વ્યક્તિવિશેષ બનેલા લોકસમુદાયમાં ગવાતું-ઝિલાતું રૂપ છે, એટલે આત્મલક્ષિતાને તેમાં અવકાશ ક્યાંથી? વિવેચક ટી. એફ. હેન્ડર્સને નોંધ્યું છે તેમ–It will always be an expression of the mind and heart of the people as an individual and never of the personality of individual men. The fundamental characteristic of popular ballads is, therefore, the absence of subjectivity and of self-consciousness.

---

૧ ગુજરાતી સાહિત્યમાં લોકસાહિત્યનાં વિવિધ સ્વરૂપનો સૌ પ્રથમ પરિચય સ્વ. રણજિતરામે ને ત્યાર બાદ વિગતે સ્વ. ઝવેરચંદ મેઘાણીએ કરાવ્યો. સૌરાષ્ટ્રની મધ્યકાલીન સંસ્કૃતિનો રસપ્રદ ચિતાર મેઘાણીમાં મળે છે. એ પછી બીજા સંશોધકો પણ એ દિશામાં ગતિ કરી રહ્યા છે.

બૅલાડની રચના ભાવને અનુકૂળ નીવડે તે રીતે સાદી બે અથવા ચાર પંક્તિની કડીમાં થએલી હોય છે. તેમાં બીજી અને ચોથીમાં પ્રાસ રચવામાં આવે છે. તેમાં વિકલ્પે ત્રણ કે ચાર પંક્તિઓ stressed lines હોય છે. કાવ્યના ભાવને ઘટ્ટ કરવા અથવા ચગાવવા માટે કે નાટ્યાત્મક અસર નિપજાવવા માટે બૅલાડમાં આગળની કડીમાંથી એકાદ પંક્તિના–થોડાક શબ્દમાં સુધારાવધારા સાથેના—પુનરાવર્તનની તરકીબ પણ યોજાતી હોય છે. આ તરકીબને ગુમર (Gummere) નામના વિદ્વાને incremental repetition તરીકે ઓળખાવી છે.

બૅલાડના વિષયો

બૅલાડનું વક્તવ્ય મોટેભાગે બધાં રાષ્ટ્રોમાં પ્રચલિત એવા લોકવસ્તુ (folk theme)માંથી મેળવેલું હોય છે. પ્રેમ (પ્રિયતમ-પ્રિયતમાનો, ભાઈ-બહેનનો, માતા-પુત્રનો—એમ વિવિધ રૂપે), વિયોગ, ઈર્ષ્યા, વેર, સાહસ, વફાદારી, ભૂતપ્રેતના ચમત્કાર ઈત્યાદિ તેના મુખ્ય વિષયો છે. પ્રેમમાંથી નીપજતી કરુણતા તરફનું વલણ ઘણી બૅલાડમાં દેખાય છે. સાદી સીધી પંક્તિઓમાં કરુણતાનો નિર્દેશ અકૃત્રિમપણે થઈ જતો હોય છે. જેમ કે 'સર પૅટ્રિક સ્પેન્સ'માં પોતાના પ્રિય સ્વામીની પ્રતીક્ષા કરતી સન્નારીઓ બેઠી છે. પણ એ ફરી કદી તેમનું દર્શન પામવાની નથી.

Wating for thair ain deir lords,
For the'll se thame na mair.

'બૉની જેઈમ્સ કૅમ્પબેલ'માં પણ અશ્વારૂઢ કંથ ગયો, અશ્વ પાછો ફર્યો, કંથ ન આવ્યો--એમ એક સાદી કડીમાં કરુણા સૂચિત થઈ છે:

Saddled and briddled and booted rade he;
Toom hame can the saddle, but never cam he.

બૅલાડમાં એ જે સમયમાં રચાયાં તે સમયનું પ્રતિબિંબ પણ પડે. એ પ્રદેશનો ચિતાર પણ તેમાં આવે. કેટલુંયે બૅલાડ સરહદ પર વારંવાર થતાં ધીંગાણાંનું નિરૂપણ કરે છે. બહારવટિયા પણ બૅલાડમાં શા માટે બાકી હોય? રૉબિન હૂડ અને તેના સાથીદારોનાં શૌર્ય અને દિલાવરીની ગાથા સંખ્યાબંધ બૅલાડમાં નિરૂપિત થઈ છે. રૉબિન હૂડ ગરીબોનો બેલી;૨ સાહસ માટે સદા ય સજ્જ; સરદારો, અમીરો, ધર્મગુરુઓને લૂટીને ગરીબ ને ધન દાનમાં દેનારો; કાયદો હાથમાં લઈને પ્રજાના ઝગડાનો તે જ સ્થળે તત્કાળ સૂઝે તેવો ન્યાય ચૂકવનારો. બૅલાડમાં કથા છે તે પ્રમાણે એલન નામના યુવાનની પ્રિયતમાનાં લગ્ન બીજા પુરુષ સાથે થતાં તે અટકાવે છે અને બે પ્રેમીને પરણાવી આપવાનું પુણ્ય તે હાંસલ કરે છે! એનામાં સ્થૂલ મજાકવૃત્તિ પણ ખરી. નૉટિંગહામના શેરીફ સાથે સદાય તેનો ઝગડો—આવો જંગલમાં મંગલ કરનારો બહારવટિયો. રૉબિન હૂડ ઐતિહાસિક વ્યક્તિ ન હોય તો પણ ઘણી બધી બૅલાડનો વિખ્યાત નાયક છે.

નવજાગૃતિ પૂર્વનાં બે વિશિષ્ટ બૅલાડ તરફ વિવેચક લગવીએ ધ્યાન ખેંચ્યું છે. એક 'શેવી ચેઈઝ' (Chevy Chase) અને બીજું 'ધ નટ બ્રાઉન મેઈડ' (The Nut-brown Maid). વીરકાવ્યરૂપ બૅલાડ (epico-ballad)માં 'શેવી ચેઈઝ' સૌથી પ્રાચીન અને રસપ્રદ કૃતિ છે: એ અર્ધ ઐતિહાસિક તો છે જ. તેમાં પંદરમી સદીના સ્કૉટલૅન્ડના ડગ્લાસ અને નૉથમ્બરલૅન્ડના પર્સી વચ્ચેની લડાઈનો આકર્ષક ચિતાર રજૂ થયો છે. તેમાં યુદ્ધ માટેનો ઉન્માદ તથા દુશ્મન પ્રત્યેની દિલાવરી નોંધપાત્ર તત્ત્વો છે. આ કૃતિનું વિશેષ મહત્ત્વ એટલા માટે છે કે તેમાં સરહદ પરની જિંદગીનો—જ્યાં લડાઈ રોજિંદી ઘટના હતી—વાસ્તવિક ચિતાર છે.

પર્સી દુશ્મનના પ્રદેશમાં શિકાર કરવા ઇચ્છે છે. મૃગ તો નિમિત્ત છે; દાનત દુશ્મનને છંછેડવાની—એની બોડમાં એનું પૂછડું આમળવાની છે. ડગ્લાસ આવી પહોંચે છે ત્યારે જ પર્સીને ખરી લિજ્જત આવે છે. લડાઈ શરૂ થાય છે ત્યાં એકાએક ડગ્લાસ એને સૂચવે છે 'આપણા નિર્દોષ માણસોને શા માટે યુદ્ધમાં સંડોવીએ? આપણે બે જ લડી લઈએ!' પર્સી આ વાત માને તો યે એનો અનુયાયીઓ તે કેમ સ્વીકારે? પોતાનો માલિક લડે ને એ બધા તમાશો જોયા કરે? કેવી શરમની વાત! સામુદાયિક લડાઈ જ થયા છે. યુદ્ધમાં ડગ્લાસ પડે છે એટલે ઘડી વાર પહેલાં યુદ્ધના ઉન્માદથી ઘેલો બનેલો પર્સી એકદમ દુઃખી બનીને ડગ્લાસના મૃત્યુનો શોક કરવા માંડે છે, તેની પારાવાર પ્રશંસા કરે છે.

યુદ્ધનું જોમભર્યું ગીત ગાનારો—ગાયક—યુદ્ધમાંથી નીપજતાં અનિષ્ટ પ્રત્યે સભાન છે. તે ઉદ્ગાર કરે છે કે, વધારે દયાજનક તો એ છે કે હજુ જે જન્મ્યાં નથી તે બાળકો પણ આવી હિંસા શીખશે. વિચારોનો આ પ્રકારનો વિરોધ હોવા છતાં ઊર્મિની સચ્ચાઈ તથા અલંકારોના સંયમને કારણે વિવેચક લગવીને આ કાવ્ય સ્પર્શી ગયું છે. વિવેચક ફિલિપ સિડની આ યુદ્ધવિષયક બૅલાડથી મુગ્ધ થઈને ઉદ્ગાર કરી ગૉ છે કે 'રણશીંગાના નાદ કરતાં પણ આ કાવ્યનો નાદ મારા હૃદયને વિશેષ હલાવી ગયો.' વિવેચક એડિસન પણ તેના પર વારી ગયો છે: 'સુંદર વસ્તુ સરળ હોય છે—beautiful is simple—' તેની તેને એમાં પ્રતીતિ થઈ. રોમૅન્ટિકવાદને પ્રસારવામાં પણ આ બૅલાડનો ફાળો છે. કૉલરિજને તેની રીતિએ 'એન્શ્યન્ટ મૅરીનર' (Ancient Mariner) અને ક્રિસ્ટાબેલ (Christabel) નામની તેની ખ્યાતનામ કૃતિઓ રચવામાં—નવો સંવાદ ઉપજાવવામાં ઠીકઠીક પ્રેરણા આપેલી.

'ધ નટ-બ્રાઉન મેઈડ'માં સ્ત્રીઓ ચંચળ પ્રકૃતિની હોય છે એવા પુરુષોના આક્ષેપનો પરિહાર કરવા માટે એક નારીમુખે આ બૅલાડની કથા રજૂ થઈ છે: અમીરની એક દીકરી છે. તેનો એક પ્રેમી છે. આ યુવતીને એ પ્રેમી પોતાનાથી નીચા કુળનો નબીરો હોવાનો વહેમ છે. એક વાર અચાનક પ્રેમી તેને છેલ્લી સલામ કહેવા આવે છે. તેણે એક માણસનું ખૂન કર્યું છે. હવે તેને લૂંટારાની જેમ જંગલમાં સંતાઈને જીવન વિતાવવાનું છે. યુવતીની નિષ્ઠા પ્રબળ છે એ પ્રેમી સાથે વનવાસ વેઠવા પણ તત્પર છે. પ્રેમી એને જંગલનાં દુઃખો અને જોખમોનો ચિતાર આપે છે, પણ યુવતી પોતાની વાતમાં મક્કમ છે. પ્રેમી તેને નવું રહસ્ય કહે છે—મારે એક બીજી પ્રેમિકા છે! છતાં એ જાણીને પણ આ યુવતી ચંચળ બનતી નથી. પોતાના સાચા પ્રેમને ખાતર ગમે તે પ્રકારનાં કષ્ટ વેઠવાની તે આતુરતા પ્રગટ કરે છે. એના હૃદયની સચ્ચાઈ સમજીને પ્રેમી પોતે પણ ઊંચા કુળનો નબીરો છે એ છૂપી વાત પ્રગટ કરીને તેની સાથે લગ્ન કરવાનું વચન આપે છે.

આ બૅલાડમાં સંવાદપદ્ધતિની યોજના છે. એક કડી પ્રેમિકા બોલે છે બીજીમાં પ્રેમી પોતાના ઉદ્ગાર વ્યક્ત કરે છે. સાચી ઊર્મિનો રણકો તો તેમાં છે જ, ઉપરાંત તાજગીભર્યાં પ્રતિરૂપોની પણ તેમાં કમી નથી. યુવાન-પ્રેમી તેની પ્રેયસી સમક્ષ છેલ્લી વિદાય લેવા આવે છે ત્યારે પ્રેમિકા ઊર્મિલ બનીને ઉચ્ચરે છે: 'ચંદ્રની જેમ કળા બદલાતા આ દુન્યવી સુખનો શો અર્થ? ભર ઉનાળાના દિવસે પણ મારે તો ઘન અંધકાર છે. તું છેલ્લી સલામ કહેવા આવ્યો છે? ના, ના; આપણો વિયોગ આટલો જલદી નહિ થાય. તું આમ કેમ બોલે છે? તું ક્યાં જવા માગે છે? અફસોસ! તારો ગુનો શો છે? તું જઈશ તો મારું સમસ્ત સુખ નિરાશા અને દુઃખમાં પલટાઈ જશે, કારણ સમગ્ર માનવજાતમાં હું તને એકલાને જ ચાહું છું.'

વિવેચક લગવી આ કાવ્યના સંદર્ભમાં નોંધે છે કે આ લોકપ્રચલિત બૅલાડ ના હોય અને કોઈ દરબારી કવિએ તે રચ્યું હોય તો પણ એ જમાનાની શિષ્ટ કવિતા પણ લોકગીતનો કેટલો બધો ઉપયોગ કરતી, તેનાથી કેવી પ્રેરણા પામતી એનો અણસારો તેમાં મળે છે. તેનો અભિપ્રાય છે કે આ કવિતા નિશ્ચિતપણે ઈ. ૧૫૦૨માં છપાએલી અને હેન્રી સાતમાના યુગની છે.

---

૨ મેઘાણીના સોરઠી બહારવટિયાની અનેક રીતે યાદ આપે તેવો.

લઘુકથા

વલોપાત

રમેશ ત્રિવેદી

દશરથલાલ રિક્ષામાંથી નીચે ઊતર્યા અને ભાડું ચૂકવીને લાકડીને ટેકે આગળ વધ્યા. સોસાએટીના ચોકઠામાં રમતાં છોકરાં પાસે જઇને એમના પગ થંભી ગયા. કોઈક પરિચિત ચહેરાને શોધવા મથતી એમની તૃષિત નજર પ્રત્યેક છોકરાના ચહેરા પર ફરી વળી. અંતે કોટના ખિસ્સામાંથી એક કાગળ કાઢી તેના પર નોંધેલું સરનામું જોઈ બબડ્યા: 'બ્લૉક નંબર વીસ...' અને એમણે એક છોકરાને નજીક બોલાવીને પૂછ્યું: 'બ્લૉક નંબર વીસ...' એ વાક્ય પૂરું કરે ત્યાં તો એક ટાબરિયાએ આગળ આવીને પૂછ્યું: 'કોનું કામ છે?...પપ્પાનું?...'

દશરથલાલની સ્નેહાળ આંખો છોકરા પર છવાઈ ગઈ. એમણે છોકરાને નજીક ખેંચ્યો: 'તારા પપ્પાનું નામ શું, દીકરા?'

'રજનીકાન્ત મહેતા!' છોકરાના મુખમાંથી ફૂલ ખરે તેમ શબ્દો ખર્યા.

'રજનીકાન્ત દશરથલાલ મહેતા...' દશરથલાલે પોતાનું નામ ઉમેરીને શબ્દોને મમળાવ્યા. એમનું ઊર્મિતંત્ર અપૂર્વ આનંદથી થનગની ઊઠ્યું. એમની ઊંડી ઊતરેલી આર્દ્ર આંખોમાં છોકરાનું નાનુંસરખું પ્રતિબિંબ ઝિલાઈ રહ્યું. નિબિડભાવે એમણે છોકરાને માથે હાથ ફેરવ્યો: 'ચાલ બેટા, મારે તારે ત્યાં જ આવવું છે.'

છોકરો આંખોમાં હસ્યો. એણે આજુબાજુ ઊભેલા છોકરાઓ સામે ગર્વભરી નજર કરી અને દશરથલાલની આંગળી પકડીને એ હસતો કૂદતો આગળ વધ્યો. દશરથલાલે પગ ઉપાડ્યા ને એમનું ચિત્ત ચગડોળે ચડ્યું.

...વરસો પહેલાં એમનો એકનો એક પુત્ર અપર મા સાથે ઝગડીને ઘરમાંથી ચાલી નીકળ્યો હતો. એને શોધવા લાખ વાનાં કર્યાં પણ કંઈ જ ન વળ્યું. વરસો વીતી ગયાં. પુત્રવિયોગથી એમનું હૃદય ઝૂરવા લાગ્યું. હવે જ્યારે એ જીવનને આરે આવીને ઊભા હતા ત્યારે અણધાર્યા જ દૂરના એક સંબંધીએ પુત્ર અંગેની માહિતી મોકલી. અને...

મકાન આવી ગયું. છોકરાએ દોડીને બારણું ખોલ્યું. એ નાચી ઊઠ્યો: 'પપ્પા!'... દશરથલાલ ઝડપથી બારણા આગળ પહોંચી ગયા. એમની આંખો ખંડમાં દોડી ગઈ. હાથમાં પુસ્તક લઈને બેઠેલા પુત્રને એમણે જોયો. પત્નીની ગોદમાં પહેલી જ વાર પુત્રને જોતાં જે પરિતોષ એમણે અનુભવ્યો હતો, તે કરતાં પણ અદકા આનંદની ભરતી અત્યારે એમના હૃદયમાં ઊમટી આવી. રજનીએ પિતા સામે જોયું. એ ઊભો થઈને દોડ્યો અને પિતાનાં ચરણોમાં નમી પડ્યો. દશરથલાલના ધ્રૂજતા હાથ પુત્રના મસ્તક પર ફરી રહ્યા. ઊંડો સુખભર્યો શ્વાસ ખેંચીખેંચીને એમણે પુત્રને ઊભો કર્યો. યુગયુગથી રામના વિયોગમાં ભટકતા દશરથનો આત્મા આજે જાણે એમના ખોળિયામાં પ્રવેશીને પુત્રને પ્રગાઢ આલિંગન આપી રહ્યો હતો.

...અને બીજે દિવસે દશરથલાલે વિદાય લીધી. પુત્રનો, પુત્રવધૂનો અત્યંત આગ્રહ હોવા છતાં એ રોકાયા નહિ.

પાછા ફરતી વેળા એ ખૂબ ઉદાસ બની ગયા. હૃદયનો આનંદ કણકણ બનીને વેરાઈ ગયો. એ જાણતા હતા કે વરસો પહેલાં જ્યારે રજની ઘરમાંથી ચાલ્યો ગયો હતો ત્યારે એની અપર માએ દિવસો સુધી કેટલો વલોપાત કર્યો હતો. પુત્રવિયોગમાં એ ઊભી સુકાઈ ગઈ હતી. અને આજે રજનીએ એ સ્વર્ગસ્થ માના ન તો ખબર પૂછ્યા કે ન તો એના નામનો ઉલ્લેખ સરખો પણ કર્યો! □

બૅલાડ સ્કૉચ પ્રજાનાં જ હોય એવો એક ભ્રમ, સ્કૉચ સંપાદકોએ પોતાના જ પ્રદેશનાં ઉદાહરણો પ્રગટ કર્યાં તે ઉપરથી પેદા થયો હતો. પણ ઇંગ્લૅન્ડ, જર્મની અને યુરોપના ઘણા દેશોમાં બૅલાડ પ્રચલિત છે. ડેવિડ ડેચીઝના અભિપ્રાયે ઇંગ્લૅન્ડમાં ઈ. ૧૯૦૦ પૂર્વે હસ્તપ્રત રૂપે કે પ્રસિદ્ધ એવાં ઇંગ્લિશ બૅલાડ બહુ ઓછાં—ચૌદ જેટલાં—છે. સત્તરમા સૈકામાં વધુ બૅલાડ પ્રાપ્ત થવા માંડે છે અને અઢારમા સૈકામાં એના સંપાદનની અભિરુચિ વિકસેલી જણાય છે. બૅલાડના નિશ્ચિત સમય વિષે અભિપ્રાય આપવો મુશ્કેલ છે; તેમ છતાં ચૌદમા સૈકામાં તે હતાં, પંદરમા સૈકામાં તે લોકવ્યાપક બન્યાં અને સોળમા-સત્તરમા સૈકામાં તે વિપુલ સંખ્યામાં પ્રાપ્ય થવા માંડયાં.

બૅલાડ ભલે શિષ્ટ સાહિત્ય નથી, તેમ છતાં એમાં કેટલીકવાર સરળતા અને ચાતુરીનું મિશ્રણ, અભિવ્યક્તિની છટા તથા લયનું પ્રભુત્વ, શિષ્ટ કાવ્ય (art poetry)માં પણ વિરલ ગણાય તેવાં, વિવેચકોએ નિહાળ્યાં છે. અને, સૌથી વિશેષ તો એ કે બૅલાડના સાહિત્યપ્રકારે કૉલરિજ જેવા અનેક કવિઓની કલ્પનાને સતેજ કરી અને રૉમૅન્ટિક પ્રવૃત્તિના પ્રસારણમાં કીમતી ફાળો આપ્યો. એ રીતે ડેવિડ ડેચીઝ યોગ્ય રીતે જ નોંધે છે: 'It is the last literary species to draw nourishment from what might be called the anthropological past. It was this element in it that stirred the imagination of Coleridge and so helped to fertilize Romantic and later poetry.' (ચાલુ)

જુગલબંધી (અનુસંધાન પૃ. ૯૭થી) સૃષ્ટિ! શક્તિ યૌવન, તનતોડ મહેનત, સંગઠન, નવા કળાકારોનાં ખંત તથા નવું કરવાની તમન્ના, અગોચરના સીમાડા તાગવાની તાલાવેલી આ બધું અમેરિકાના નર્તકોને, સંકલનકારોને આજે નૃત્ય જગતમાં મોખરાનું સ્થાન અપાવે છે.

'એસ્તાર્તે'માં તો રૉબર્ટે ગજબ કરી છે. રંગમંચ પર એક મોટો અનેક ઘાટવાળો પરદો. તેના પર સ્લાઈડ દ્વારા નૃત્ય કરનાર એસ્તાર્તેની ભૂમિકા ભજવતી બાલેરિનાનું અતિકાય દર્શન બતાવાય. બન્ને જણ-પુરુષ અને સ્ત્રી-નૃત્ય કરે તે જ ગતિ અને ચલનોની રંગીન ફિલ્મ પણ પેલા સ્ક્રીન પર જોવા મળે! તખ્તા પરનાં પાત્રો અને પરદા પરના પ્રોજેક્શનથી એકસાથે બે ગતિ જોતાં આશ્ચર્ય અનુભવાય. ઘણી વાર એ દેવી જાણે પુરુષને ગળી જતી હોય તેવું લાગે. આની સાથે સાઇકેડેલિક પ્રકાશયોજના, કાન ફાડી નાખે એવું સંગીત, પાંપણ ઉઘાડબંધ કરતાં જોઇએ ત્યારે જેવું દેખાય તેવું બધું રંગમંચ પરનું આ ધમસાણ! રંગમંચનો પરદો ઊપડે અને આપણને પુરુષ નર્તક ૫૯મી સ્ટ્રીટમાં જતો દેખાય! તે જ ઘટના પાછી ફિલ્મ દ્વારા પેલા પરદા પર પણ બતાવાય. આમ એક જ સમયે એક ઘટનાનાં બે નિરૂપણો જોતાં આ મલ્ટીમીડિયા- એટલે કે એક કરતાં વધુ માધ્યમો દ્વારા રજૂ થતી સમગ્ર-પ્રક્રિયાને નૃત્યમાં વણાતી જોવાથી એક તદ્દન નવો જ અનુભવ થાય. આ નૃત્ય સંકલનકાર (કોરીઓગ્રાફર) તેની કળાની અનેક નવી સરહદો આંબે છે અને તેનું પોતાનું 'વિઝન'-પોતીકું આગવું આંતરદર્શન રજૂ કરે છે. (ચાલુ)

અનુસંધાન] **ગંગનાથ વિદ્યાલય** [પૃ. ૧૦૧થી

ઉત્તમ દોસ્ત થયા. આગળ જતાં એ રામકૃષ્ણ પ્રભુ મુંબઈના જાણીતા અંગ્રેજી રાષ્ટ્રવાદી દૈનિક 'બૉમ્બે ક્રૉનિકલ'માં કામ કરતા થયા. એમણે ગાંધી તત્ત્વજ્ઞાનનો પણ ઉત્તમ અભ્યાસ કર્યો હતો. મુંબઈના એ સમયના લોકો હજી એમને 'મુખદુર્બલ પણ કલમ-બહાદર' તરીકે ઓળખે છે.

એમ. ગોવિંદ પૈ અને રામકૃષ્ણ પ્રભુનું સ્મરણ આ નિમિત્તે એકીસાથે થયું એટલે એમને આટલી શ્રદ્ધાંજલિ આપી મારા ગુજરાત પ્રવેશના પ્રારંભ ઉપર ફરી વાર આવું છું. (ચાલુ)

ગંગનાથ વિદ્યાલય

મારો ગુજરાતપ્રવેશ



હેલીનો ધૂમકેતુ △ છેક ઈ.સ. પૂર્વે ૨૪૦ વર્ષથી એ નિયમિત દેખાતો રહ્યાની નોંધ મળતી હોઈ એ એક અતિ વિખ્યાત ધૂમકેતુ બની રહ્યો છે. સો વર્ષથી ઓછા ગાળામાં દેખાતો આ એક જ ધૂમકેતુ છે અને દર ૭૬ વર્ષે એનું પુનર્દર્શન થતું હોઈ હવે ૧૯૮૬માં એ ફરી દેખાશે. છેલ્લે જ્યારે એ દેખાયો ત્યારે પૃથ્વી એની પૂછડીમાંથી પસાર થવાની હોઈ પ્રલયની આશંકાએ લોકો અતિશય ફફડતા હતા.

જે દિવસે મુંબાઈથી વડોદરા જવા નીકળ્યો એ દિવસ મને બરાબર યાદ છે. રાત્રે ઊપડ્યો. ટ્રેઈનમાં ભીડ હતી, લોકો મને બેસવા માટે એક વેંત જેટલી જગ્યા પણ આપે નહિ. મારા સ્વભાવ પ્રમાણે લોકો સાથે લડીને મેં જગ્યા મેળવી હોત. પણ મનમાં વિચાર આવ્યો. જે પ્રાંતના લોકોની સેવા કરવા હું ઊપડ્યો છું એમની સાથે લડીને જ પ્રારંભ કરવો એ સારું નહિ. એના કરતાં એક રાત ઊભાંઊભાં મુસાફરી કરી નાખીએ તો શું ખોટું? અને ખરેખર એ આખી રાત મેં ટ્રેઈનમાં ઊભા રહીને જ પૂરી કરી. પરિણામે મારે ડબ્બાના દરવાજા પાસે જ ઊભા રહેવું પડ્યું. તેથી બારી બહાર આકાશ કેવું દેખાય છે એ હું જોવા લાગ્યો. અને શું આશ્ચર્ય! એક લાંબી પૂંછડીવાળો ધૂમકેતુ આકાશમાં દેખાયો! હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે જ્યોતિષ (ખગોળ) ઉપરની એક અંગ્રેજી ચોપડી અમારાં પાઠ્યપુસ્તકોમાં હતી. એટલે આકાશના સૂર્યચંદ્ર ઉપરાંત તારાઓ વિષે સહેજસાજ હું જાણતો હતો. એમાં ધૂમકેતુનાં વર્ણનો અને ચિત્રો જોયાં પણ હતાં. પણ પ્રત્યક્ષ ધૂમકેતુ એની લાંબી પૂંછડી સાથે આજે જ જોયો. એ અદ્ભુત દૃશ્યનો આનંદ મનમાં માય નહિ. રાત કેમ ગઈ એની ખબરે ન પડી.

આગળ જતાં ગુજરાતમાં જ નવસારીમાં ખેતીવાડીનું એક પ્રદર્શન થયું હતું. ગંગનાથ વિદ્યાલયના સંસ્થાપક કેશવરાવ દેશપાંડે ત્યાંના સૂબા. એમની વ્યવસ્થાથી ગંગનાથ રાષ્ટ્રીય શાળાના વિદ્યાર્થીઓ સ્વયંસેવક તરીકે પહોંચી ગયા હતા. એ વ્યવસ્થા ગોઠવવામાં મારો હાથ પૂરેપૂરો હતો. અને એ જ અરસામાં દેશપાંડે સાહેબને મળવા માટે દક્ષિણના એક સાહિત્યપ્રિય વિદ્વાન કવિ શ્રી એમ. ગોવિંદ પૈ નામના આવ્યા હતા. એમની-મારી દોસ્તી થઈ ગએલી. તેઓ મંગળૂર પાસેના મંજેશ્વરના રહીશ. (તેથી જ તેમના નામ પહેલાં તેઓ એમ. લખતા હતા.) એમણે મને આકાશના મુખ્ય મુખ્ય તારાઓ, એમનાં દેશી-અંગ્રેજી બંને નામો સાથે, આકાશમાં બતાવ્યા. ઉપરાંત 'ખગોલ ચિત્રમે' નામની તારાના નકશાની એક ચોપડી બતાવી. પછી તો પૂછવું જ શું? દહાડે એ નકશાઓ જોતો જાઉં, એમાં આપેલી માહિતી કોઈ કવિતાના રસથી વાંચું અને રાત્રે ગોવિંદ પૈ સાથે આકાશમાં ફેલાએલા અને નવા નવા ઊગતા તારાઓને જોઉં, મોટા મોટા તારાઓના આકાશમાં જે મજાની આકૃતિઓ થાય છે એ અમે એકબીજાને બતાવીએ. આથી તારાઓ અને એમનાં સ્થાનો બરાબર યાદ રહેવા લાગ્યાં. જ્યોતિષાનંદ એ શી વસ્તુ છે એનું કાવ્ય સૌથી પહેલાં નવસારીમાં મેં માણ્યું.

અને મારો સ્વભાવ જ એવો કે જે આનંદ મળે તેની વાતો આસપાસના લોકો આગળ કર્યા કરું, અને એમ એમને પણ એ આનંદ માણવા નોતરું. આથી નવસારીથી વડોદરા પાછા ગયા પછી ત્યાંના કૉલેજના વિદ્યાર્થીઓને ધીરે ધીરે ખબર પડી કે ઘોડદોડ ઉપરના એક મંદિરમાં ચાલતી રાષ્ટ્રીય શાળાના આચાર્ય આકાશના તારાઓ વિષે ખૂબ જાણે છે. એટલે થોડા વિદ્યાર્થીઓ રાત્રે મારી પાસે આવવા લાગ્યા. એમનામાં મુખ્ય તગારે કરીને વિદ્યાર્થી હતા. એ તગારે જોડે આવનાર વિદ્યાર્થીઓમાં વિનોબા ભાવે કરીને એક વિદ્યાર્થી આવવા લાગ્યા. એ રસપૂર્વક તારાઓ વિષે પૂછે, અને હું એમની આગળ મારું બધું જ્ઞાન અને કાવ્ય ઠાલવું. તે વખતે એનું આકર્ષણ એક જિજ્ઞાસુ વિદ્યાર્થી તરીકે જ હતું. અમે બેમાંથી એકેને ક્યાંથી ખયાલ હોય કે આગળ જતાં અમે યુગપુરુષ ગાંધીના આશ્રમના સદસ્ય થવાના છીએ. અને એક વિશાળ આશ્રમના આધ્યાત્મિક સ્વજન થવાના છીએ! પણ અમે તારાઓને કારણે વડોદરામાં મળ્યા હતા એટલું તો બંનેને યાદ રહ્યું છે. પણ આ બધી આગળની વાત.

વડોદરા પહોંચતાંવેંત હું ઘોડદોડની રાષ્ટ્રીય શાળામાં પહોંચી ગયો. ત્યાં ઉનાળાની રજા ચાલતી હોવાથી ઘણાખરા વિદ્યાર્થીઓ ઘેર ગયા હતા, એટલે શાળાના વ્યવસ્થાપકોએ નક્કી કર્યું કે હું જો સાહેબ (દેશપાંડે સાહેબ)ને ત્યાં થોડા દિવસ રહું તો મારી ખાવા કરવાની સગવડ પણ સચવાશે અને સાહેબ સાથે મારો પરિચય પણ કેળવાશે. એ દિવસોમાં સાહેબનાં કુટુંબીઓ સ્વદેશ ગએલાં, એટલે તેઓ ઘરમાં એકલા જ હતા. આમ ગંગનાથ વિદ્યાલયનો મારો પ્રારંભ ત્યાંથી શરૂ કરું.

આટલું લખાતું છું ત્યાં એકાએક યાદ આવે છે કે નવસારીમાં પ્રથમ મળેલા ગોવિંદ પૈના એક મિત્ર સાથે એક વર્ષની અંદર મારી ઓળખાણ થઈ. એમનું નામ હતું શ્રી રામ કૃષ્ણ પ્રભુ. એ ભાઈસાહેબ વડોદરાના મશહૂર 'સયાજીરાવ પુસ્તકાલય'માં 'પુસ્તકાલયવિદ્યા' (લાયબ્રેરીસાયન્સ) શીખવા આવેલા. એમણે લોકમાન્ય તિલકની, આકાશના તારાઓ સાથે ઠીકઠીક સંબંધ ધરાવતી એક ચોપડી Arctic Home in the Vedas ધ્યાનપૂર્વક વાંચી હતી, એટલું જ નહિ પણ એ વિષય પરત્વે પુરાવા ભેગા કરી લેખો લખ્યા હતા. ભારતમાં આવેલા આર્યલોકો મૂળ ક્યાંના?—આ એક મોટો સવાલ દુનિયાના વિદ્વાનો ચર્ચે છે. ભારતના કેટલાક લોકો કહે છે 'અમે સૃષ્ટિના પ્રારંભથી જ હિમાલયના આશ્રમોમાં જ રહેનારા.' વિદ્વાનો એ વાત સ્વીકારતા નથી. કેટલાક કહે છે કે આર્યો મૂળ એક ભૂ-સમુદ્ર–કૅસ્પિયન સમુદ્ર–ની આસપાસ રહેતા હતા. કેટલાક કહે છે, આર્યોનું મૂળ સ્થાન સ્વિટ્ઝરલૅન્ડની આસપાસ હોવું જોઈએ. જ્યારે લોકમાન્ય તિલકે વેદમાં આકાશના તારાઓ વિષે જે ઉલ્લેખો છે તેનો ખરો અર્થ કરી સિદ્ધ કર્યું છે કે આર્યો મૂળે યૂરોપ-એશિયાની ઉત્તરે જેને આપણે ધ્રુવપ્રદેશ કહીએ છીએ ત્યાં રહેનારા. તે વખતે ઉત્તર ધ્રુવ તરફ આજની પેઠે બરફ ભેગો થતો ન હતો. લોકો ત્યાં રહી શકતા હતા. આગળ જતાં સૂર્યની આસપાસ ફરતી આપણી પૃથ્વીની ધરીનો ખૂણો બદલાયો અને આર્યોને ઉત્તર ધ્રુવની ઠંડી અસહ્ય થવાથી એ પ્રદેશ છોડવો પડ્યો. તેઓ ધીમે ધીમે દક્ષિણ તરફ વધતા વધતા કૅસ્પિયન સમુદ્ર તરફ આવ્યા. ત્યાંથી ઈરાન-અફઘાનિસ્તાનને રસ્તે ભારત આવ્યા. આ એમ ચોપડીમાં તિલકે વેદમાંથી તારાઓની સ્થિતિ બરાબર શોધી કાઢી સિદ્ધ કર્યું છે કે વેદકાળના આર્યો પૃથ્વીના ઉત્તર પ્રદેશમાં રહેતા હતા.

આ વિષયમાં મને ખૂબ રસ હોવાથી રામકૃષ્ણ પ્રભુ સાથે મેં ખૂબ ચર્ચા ચલાવી. અને તેઓ પણ મારા ગોવિંદ પૈ જેટલા જ (અનુ. પૃ. ૧૦૦)

આયુ, આહાર, ઔષધ અને આરોગ્ય અંગે ડૉક્ટર શિવપ્રસાદ ત્રિવેદીની સલાહ

૧ દાંતનો સડો સારું પોષણ હોય તો ન થાય એ ખરું?

ઉ. દાંતનો સડો નિવારવામાં પોષણનું પણ મહત્ત્વ છે જ. ચાવેલા ખોરાકના દાંત પર ચોંટી રહેલા કાર્બોહાઇડ્રેટના કણો ઉપર મોંમાં રહેલા જીવાણુઓની ક્રિયા થવાથી ઍસિડ પેદા થાય છે, જે દાંતના એનામલને નુકસાન કરે છે. દાંતનો સડો અટકાવવા ફ્લુઓરાઈડ કામ લાગે છે. એથી ફ્લુઓરાઈડની ઓછપવાળા વિસ્તારમાં પીવાના પાણીમાં ફ્લુઓરાઈડ ઉમેરવાની વ્યવસ્થા કરાય છે. આ ઉપરાંત, ફૉસ્ફરસ દાંતનો સડો અટકાવવામાં મદદ કરે છે. દૂધનાં ફૉસ્ફેટ અને કૅલ્શ્યમથી દાંતના ઍસિડનું ઉત્પાદન ઓછું થવાનું કહેવાય છે. દૂધમાંનું પ્રોટીન પણ આવું રક્ષણાત્મક કામ કરતું હોવાની શકયતા છે.

અલબત્ત, બધા કાર્બોહાઇડ્રેટ પદાર્થોથી સડો થતો નથી; પણ ખાંડથી વિશેષ થાય છે, જ્યારે સ્ટાર્ચથી ઓછામાં ઓછો. જે બાળકો વધારે પ્રમાણમાં ખાંડ ખાય છે તેમને દાંતનો સડો થવાની શકયતા વધારે છે. વળી, ખાવાના બે ટંકની વચ્ચે દાંત પર ચોંટી રહે એવા કૅન્ડી, ચોકલેટ, ટૉફી, મધ વગેરે લીધા કરવાથી સડો થયા વિના રહેતો નથી.

૨ પ્રોટીન માટે કઠોળ ખાવાની ભલામણ થાય છે. કયું કઠોળ શ્રેષ્ઠ છે?

ઉ. ચણા અને તુવેર વધુ પોષણદાયી કઠોળ છે. સોયાબીનમાં પ્રોટીન ઘણું છે, પણ તેમાં દસ આવશ્યક એમાઇનો ઍસિડોમાંનું એક અને શરીરની વૃદ્ધિ તથા સુખાકારી માટે આવશ્યક મિથિયોનાઈન ઓછું છે. વળી તેનું જૈવમૂલ્ય ઓછું હોઈ તે ઓછું પોષણદાયી છે. પ્રાણીજ પ્રોટીન કરતાં કઠોળનાં પ્રોટીનનું મૂલ્ય ૨૦ થી ૪૦ ટકા ઓછું લેખાય છે. કઠોળમાં આવશ્યક એમાઇનો ઍસિડો સરખા પ્રમાણમાં ન હોવાથી તેમનાં પ્રોટીનનું જૈવમૂલ્ય પૂરતું ન હોઈ તેમાં પૂરતાં એમાઇનો ઍસિડો ઉમેરવાની જરૂર રહે છે.

૩ ટ્રાન્કવિલાઈઝર્સની કોઈ માઠી અસર ખરી? ટ્રાન્કવિલાઈઝર્સના જેટલી અને જેવી અસર ધરાવવા સાથે ઓછું હાનિકારક કોઈ આયુર્વેદિક ઔષધ છે ખરું?

ઉ. વૈદકીય ક્ષેત્રમાં ઉપયોગી અને માનસિક ચિકિત્સામાં અનિવાર્ય એવાં ટ્રાન્કવિલાઈઝર ઔષધો ઝેરી સંભાવનાવાળાં હોઈ બેધારી તલવાર જેવાં છે. એનાથી એલર્જી થવા ઉપરાંત સંવેદના અને નૈતિકતાની સુધરે નહિ તેવી ઈજા તથા આત્મહત્યા ભણી પ્રેરે તેવી નિરાશા પ્રાપ્ત થાય છે. આથી ટ્રાન્કવિલાઈઝરના ઉપયોગમાં ડહાપણ ને વિવેક જરૂરી છે. હકીકતે આ દવાઓ માનસિક માંદગી મટાડનાર નથી, પણ લંગડાને બગલઘોડી જેવો ઔષધીય ટેકો છે. આ પ્રકારની કેટલીક દવાઓથી ધાર્યાં પરિણામ આવ્યાં નથી અને કેટલીક ધારીએ એટલી બિનજોખમી પણ નથી.


બ્રાહ્મી, સર્પગંધા, જટામાસી વગેરે આયુર્વેદિક કાષ્ઠઔષધો છે જે ટ્રાન્કવિલાઈઝર જેવા પ્રશાન્તક ગુણ ધરાવે છે.

શતરંજના વિશ્વવિજેતાઓ .... સુરેશ મોદી

અઠ્ઠાવન વર્ષના પીઢ ખેલાડી સ્ટેનિટ્ઝને હરાવીને ઈ. ૧૮૯૪માં ઇમેન્યુઅલ લાસ્કરે ૨૫ વર્ષની યુવાન વયે શતરંજના વિશ્વવિજેતા બની લાગટ ૨૭ વર્ષ સુધી એ પદ જાળવી રાખ્યું હતું. આ પદ પર સૌથી વધુ લાંબા સમય સુધી ટકી રહેનાર લાસ્કર શતરંજના મહાન ખેલાડી ઉપરાંત વિખ્યાત ફિલસૂફ અને ગણિતજ્ઞ હતા.

અન્ય વિખ્યાત ખેલાડીઓ પોતાની અમુક શૈલી માટે જાણીતા હોય છે, પણ લાસ્કર પોતાની રમતની શૈલી સામે રમવા બેસનાર ખેલાડી અને પ્રસંગ પ્રમાણે બદલી શકતા. એમના મત પ્રમાણે શતરંજની દરેક રમત એ એક સંગ્રામ છે અને તેમાં એ પ્રખર લડવૈયા હતા. 'કૉમન સેન્સ ઈન ચેસ' નામના પોતાના એક પુસ્તકમાં તેઓ લખે છે કે—'શતરંજની એક રમત તરીકે ગણના કરવી એ ભૂલ છે .. જો એ કેવળ એક રમત જ હોય તો આમ સદીઓથી એ ટકી ન રહે. કેટલાક ઉત્સાહી ખેલાડીઓએ એનું એક વૈજ્ઞાનિક કે કલામય સ્વરૂપ ઘડ્યું છે એ પણ એનું ખરું રૂપ નથી. પરંતુ એની મુખ્ય લાક્ષણિકતાઓ, જેમાં માનવસ્વભાવ બહુધા વધુ રસ લે છે તે એક સંગ્રામ જેવી રમત છે. અલબત્ત, અણઘડ પ્રકૃતિના માનવીને રોમાંચ કરાવે એ સંગ્રામ નહિ, પણ એ એક એવું સંગ્રામ સ્વરૂપ છે જેમાં વૈજ્ઞાનિક, કલામય અને પૂર્ણતઃ બુદ્ધિયુક્ત તત્ત્વો સાથે નિર્દેશ હારજીતના ઝોલાં લેતી એ રમત છે.'

અહીં આપણે એમની સ્ટેનિટ્ઝ સામેની ઈ. ૧૮૯૯માં લંડનમાં રમાએલી એક રમત જોઈએ.



કાળાં મહોરાં-લાસ્કર • સફેદ મહોરાં-સ્ટેનિટ્ઝ

1 P–K4, P–K4; 2 N–QB3, N–KB3; 3 P–B4, આ 'વીએના ગૅમ્બિટ' તરીકે ઓળખાતી પદ્ધતિનો આરંભ છે.

3..., P–Q4; 4 P–Q3, N–B3; 5 P×KP, QN×P; 6 P–Q4, N–N3; 7 P×P N×P; 8 N×N, Q×N; 9 N–B3, B–KN5.

લાસ્કરે અહીં પોતાની એક જાણીતી સલાહ 'Do not pin the adverse KN before your opponent has castled'ની B–KN5 રમીને અવગણના કરી છે.

10 B–K2, O–O–O; 11 P–B3, B–QB; 12 O-O, KR–K1; 13 P–KR3, B–Q2; 14 N–N5, N–R5!

15..., Q×NP, મ્હાતની ધમકી આપીને ઘોડાને પાછો ફરવાની ફરજ પાડે છે. અહીં 15 B–B3 રમે તો 15..., N×Bch; 16 N×N, B–N6; પછી કાળાની સ્થિતિ સુધરે છે.

15 N–B3, N×P; 16 K×N, B×Pch.

લાસ્કરે પહેલાં ઘોડાનો અને હવે ઊંટનો ભોગ આપ્યો. પણ ઊંટ લેવાય તો સફેદની સ્થિતિ જુઓ. 17 K×B, Q–B4ch; 18 K–N2, Q–N5ch; 19 K–R1, Q–R6ch; 20 K–N1, Q–N6ch; 21 K–R1, R–K5 અને પછી 22..., R–R5ch; 23 N×R, Q–R7થી મ્હાતની ધમકી.

17 K–B2, P–KB3; 18 R–KN1, P–KN4; 19 B×P, હુમલો ધીરો પાડવા સ્ટેનિટ્ઝ મહોરું પાછું આપી દે છે.

19..., P×B; 20 R×P, Q–K3; 21 Q–Q3, B–B5; 22 R–R1, અહીં B×R તેમજ B–K6chની ધમકી હતી.

22..., B×R; 23 N×B, Q–B3ch; 24 B–B3, B–B4; 25 N×P, Q–KN3; 26 Q–N5, P–B3; 27 Q–R5, R–K2; 28 R–R5!, B–N5; 29 R–N5, Q–B7ch; 30 K–N3, B×B; 31 Resigns.

આ રમતને 'બ્રિલિયન્સી પ્રાઈઝ' મળેલું.

કલાવાર્તા


વૃંદાવન સોલંકીનાં ચિત્રો

ગયે વર્ષે માર્ચ માસમાં મુંબાઈમાં, કેવળ કાળી શાહી અને માત્ર રેખા-ટપકાંથી જ કરેલાં પોતાનાં સુંદર ચિત્રોનું વૃંદાવન સોલંકીએ એક પ્રદર્શન યોજેલું ત્યારે 'કુમાર' (અંક ૫૭૯)માં એમાંની થોડી કૃતિઓ સાથે એમનો પરિચય પ્રકટ કર્યો હતો. આ વર્ષે ગયા મહિને એમણે દિલ્હીમાં પોતાનાં ચિત્રો રજૂ કર્યાં.

જૂનાગઢના આ યુવાન કલાકારે અભ્યાસકાળથી જ દિલ્હી, ગ્વાલિયર ને મુંબાઈમાં વિવિધ ચિત્રપ્રદર્શનોમાં ભાગ લેવા માંડેલો. ઈ. ૧૯૬૯માં એમણે મુંબાઈમાં પ્રથમ 'વન મૅન શો' કર્યો ત્યાર પછી એ અવારનવાર અનેક પારિતોષિકો મેળવતા રહ્યા છે. દેશ તેમજ વિદેશમાં એમની કૃતિઓ ખરીદાઈ ને સ્થાન પામી છે.

વ્યવસાયી કલાકાર હોઈ એમના સર્જનનો ફાલ સતત જારી રહ્યો છે. મોટે ભાગે તેઓ માત્ર કાળી રેખાઓ ને ટપકાંઓમાં જ ચિત્રો કરતા હોઈએ એમની ઘાટી બની રહી છે. (પાછળ)







વૃંદાવનઃ સોલંકીની લાક્ષણિક શૈલી દાખવતાં ત્રણ આલેખનો. ઉપર: ગ્રામદૃશ્ય; નીચે ડાબી બાજુ: 'એર ઇંડિયા'ના ન્યૂ યૉર્કના દફતર માટે કરેલું વિશાળ ચિત્ર; અને નીચે એક ગ્રામનારી છટા દાખવતું ત્વરિતાલેખન. ત્રણે એમની દૃષ્ટિકોણની પસંદગી સંયોજનની સૂઝનાં ચિત્રણાશક્તિનાં દ્યોતક છે.







વૃંદાવન સોલકીની કલમની શક્તિ
દાખવતાં ત્રણ ત્વરિતાલેખનો

સૌરાષ્ટ્રની ધીંગી ધરાનાં દશ્યો અને એ ધરતીમાં ઊછરેલાં ગ્રામીણ પાત્રો તથા ઓબડખાબડ મકાનોની એમની રજૂઆત અને એવાં સંયોજનો આગવાં જ રહ્યાં છે. અહીં એમની કેટલીક વધુ કૃતિઓ તથા ત્વરિતાલેખનો આપ્યાં છે. એનાં રેખા-ટપકાંની ઝીણવટ આ નાની છાપમાં બહુ સ્પષ્ટ ન થાય એ સ્વાભાવિક છે, પણ એમની કલા શક્તિની દ્યોતક તો એ છે જ.





ટિકિટસંગ્રહ

ભારતની બે નવી ટિકિટો. પહેલી ટિકિટ શ્રી રામકૃષ્ણ પરમહંસના માનમાં એમની છબિ સાથેની ગઈ ૧૮મી ફેબ્રુઆરીએ બહાર પડી. બીજી ભારતીય સેનાની ડાકસેવાના ખાસ દળની પહેલી જયંતી નિમિત્તે આ માસની પહેલી તારીખે બહાર પડી. (પ્રેષક · ડાહ્યાભાઈ પરમાર)

શબ્દકથા : અશ્વ · હય · ઘોડો

સંસ્કૃત 'અશ્વ'ની સાથે સંકળાએલા અવેસ્તાઈ શબ્દ 'અસ્પ', ગ્રીક 'હિપ્પોસ', લૅટિન 'એક્વુસ' વગેરે ધ્યાનમાં લેતાં 'અશ્વ' સંસ્કૃતમાં ભારત-યુરોપીય ભૂમિકાથી ઊતરી આવ્યો હોવાનું સમજી શકાશે. આર્યોએ ભારતમાં પ્રવેશીને ઘોડાબળે વર્ચસ સ્થાપ્યાનું મનાય છે. 'અશ્વ' પછીથી 'અસ્સ''આસ' રૂપે પ્રાકૃતમાં ચાલુ રહ્યો, પણ ત્યાર બાદ ગુજરાતી વગેરેમાં તે ઊતરી આવ્યો નથી.

ગુજરાતી 'અસવાર', 'સવાર'ના મૂળમાં સંસ્કૃત 'અશ્વવાર' છે એ ખરું, પણ એ સંસ્કૃત શબ્દ જૂની ફારસી 'અસબાર' ઉપરથી બનેલો છે.

આ ઉપરાંત બીજા એક સંસ્કૃત શબ્દમાં 'અશ્વ' શબ્દ તેના અંશ તરીકે છે અને તે શબ્દ ગુજરાતીમાં જળવાયો છે. આપણા છેલ્લા માસનું એક નામ સંસ્કૃતમાં 'અશ્વયુજ' છે. તેના ઉપરથી બનેલું રૂપ 'આસો' આપણે વાપરીએ છીએ. વર્ષા પૂરી થતાં આસો માસમાં પ્રવાસ કે દિગ્વિજય માટે ઘોડા જોડીને નીકળવાનો યોગ હોવાથી તે માસ 'અશ્વયુજ' કહેવાયો હોય. 'અશ્વ' શબ્દનો 'આસો' સાથેનો સંબંધ વ્યુત્પત્તિદૃષ્ટિએ સંસ્કૃત 'આશુ' (= ઝડપી) સાથે હોવાનું જણાય છે.

'અશ્વ'ની જેમ 'હય' પણ જૂનો શબ્દ છે. પ્રાકૃત અને અપભ્રંશ કાવ્યસાહિત્યમાં 'હયથટ્ટ'(= ઘોડાની ઠઠ) અને 'હયહેસિઉ' (= ઘોડાનો–હણહણાટ) જોવા મળે છે. તે પછી 'હયવર' અને 'ગયવર' (= હાથી) ડિંગળ અને ચારણી સાહિત્યમાં 'હૈમર' અને 'ગૈમર' રૂપે ઊતરી આવ્યા છે.

અર્વાચીન ભારતીય ભાષાઓમાં વ્યાપક અશ્વવાચક શબ્દ 'ઘોડો' છે. સંસ્કૃતમાંથી ઊતરી આવેલી ઘણીખરી ભાષાઓમાં તે મળે છે. સંસ્કૃત 'ઘોટક' ને પ્રાકૃત 'ઘોડઅ' પરથી તે થયો છે. 'ઘોટક' લોકભાષાઓમાં 'અશ્વ'ને સ્થાને ઈસવી સન પૂર્વેની બેત્રણ શતાબ્દીઓમાં વપરાતો થએલો.

આ 'ઘોટક' કે 'ઘોડઅ' આર્યેતર મૂળનો હોવાનું મનાય છે. તમિળ 'કુદિરૈ' આની સાથે જ સંકળાએલો હોય. અશ્વશાસ્ત્રના કર્તા 'શાલિહોત્ર'નો પાછલો અંશ 'હોત્ર' પણ એ જ મૂળમાંથી ઊતરી આવ્યો જણાય છે. 'શાલિહોત્ર' શાસ્ત્રવાચક ગણીને તેના ઉપરથી 'શાલિહોત્રી' શબ્દ ઘોડાના વૈદ્યના અર્થમાં વપરાવા લાગ્યો. તેના પરથી ગુજરાતીમાં 'સાલોત્રી'.

સંસ્કૃત સાહિત્યમાં 'તુરગ', 'તુરંગ', અને 'તુરંગમ' પણ મળે છે—ત્વરિત ગતિ કરે તે 'તુરગ.' પછી પ્રાકૃતમાં 'તુરય', તે પરથી 'તુરિય' અને ગુજરાતી 'તુરી.'

મધ્યકાળમાં યુદ્ધની જોરદાર અને ચાલુ પ્રવૃત્તિને કારણે ઘોડો તે ગાળામાં લાંબા સમય સુધી જીવન અને સાહિત્યમાં મહત્ત્વને સ્થાને રહ્યો છે. એટલે તેનાં લક્ષણ, પ્રકાર વગેરે અનુસાર વિવિધ વર્ણનો અને નામ મળે છે. પ્રદેશ ઉપરથી 'કેકાણ', 'ખુરસાણે', 'તોખાર', 'એરાકી' વગેરે. સ્વભાવ પરથી 'ચંચલ', 'તેજી' વગેરે. હેમચંદ્રના સમયની પહેલાંથી જ ઘોડાના રંગ ઉપરથી પડેલી જાતો માટેના ફારસી-અરબી શબ્દોની યાદી કોશ, સાહિત્ય વગેરેમાં પ્રચલિત થઈ હતી. 'ખિંગાહ', 'વોલ્લાહ' વગેરે શબ્દો પરદેશી હોવાનું તેમના સ્વરૂપથી જ જણાઈ આવે છે.

'ચંચલિ ચડી ચાઉદિસિ ચંપઇ' (ઘોડે ચઢીને ચારે દિશાઓ પગ તળે ચાંપે છે) એમ 'રણમલ્લ છંદ'માં ચૌદમી શતાબ્દીમાં 'ચંચલ' શબ્દ વપરાયો છે અને 'તેજીને ટુંકારો' એ કહેવતમાં 'તેજી' આજ સુધી જળવાયો છે.

હરિવલ્લભ ભાયાણી

સાહિત્યસંપર્ક

નવાં પ્રકાશનો

વૉરા ઍન્ડ કું., ગાંધી ચેમ્બર્સ
ગાંધી માર્ગ, અમદાવાદ-૧

કાવ્યાયન : 'સંસ્કૃતિ' માસિકે તેનાં પચીસ વર્ષ પૂરાં કર્યાં તે નિમિત્તે એના તંત્રી ડૉ. ઉમાશંકર જોશીએ એ માસિકનો ૩૦૦મો અંક કવિતા વિશેષાંક તરીકે પ્રગટ કર્યો હતો. તેમાં જગતની જુદી જુદી ભાષાનાં તેમજ ભારતની ભગિનીભાષાઓનાં અનેક કાવ્યોના અનુવાદ અને આસ્વાદ પ્રગટ કરવામાં આવ્યા હતા, તેનું આ ગ્રંથરૂપ છે. પરંતુ અનુવાદકે અનુવાદ માટે હાથ લાગ્યું તે કાવ્ય લઈ લેવું તેના કરતાં તે કાવ્યની પસંદગીમાં પૂરતી કાવ્યસૂઝ અને વિવેક દાખવવાં જોઈએ એવું, ખાસ કરીને તો, ભારતીય ભાષાનાં પસંદ કરાએલાં આમાંનાં કાવ્યો પરથી લાગ્યા વગર રહેતું નથી. કેટલેક સ્થળે તો કાવ્યાસ્વાદને બદલે કવિવિષયક નોંધથી જ અનુવાદકોએ સંતોષ માની લીધાનું લાગે છે. આમ છતાંય, અંગ્રેજી, ફ્રેંચ, જંપાની, ચીની અને બીજી કેટલીક પરદેશી ભાષાનાં કાવ્યો અને કાવ્યાસ્વાદો નોંધપાત્ર છે. એકંદરે આ નૈમિત્તિક પુસ્તક ગુજરાતી વાચકને વિવિધ કવિઓની સૃષ્ટિમાં ઘૂમવાની તક પૂરી પાડે છે. એ ઓછું મહત્ત્વનું નથી. 'સંસ્કૃતિ'–૩૦૦મા અંકની બધી જ સામગ્રી અહીં ગ્રંથસ્વરૂપે પ્રગટ થઈ છે. (સં. ઉમાશંકર જોશી; પાકું પૂઠું; પૃ. ૪૨૮; રૂ. ૧૫-૦૦)

આપણાં સૉનેટ : આપણે ત્યાં સૉનેટનું આકર્ષણ તેના અવતરણકાળથી રહ્યું છે. સર્જક અને ભાવક ઉભયને એણે ખૂબ ખૂબ આકર્ષ્યા છે. આ સંગ્રહમાં છેલ્લી ત્રણ પેઢીની સૉનેટ રચનાઓ સંગૃહીત કરવામાં આવી છે. સૉનેટના સઘન સ્વરૂપે કેવાં નવાં નવાં પરિણામો પ્રગટાવ્યાં છે તેની પ્રતીતિ આ રચનાઓ કરાવી આપે છે. સંપાદકનો ૮૦ પૃષ્ઠોનો ઉપોદ્‌ઘાતમાં સૉનેટના ઉદ્‌ભવ, વિકાસ અને સ્વરૂપની એવી અભ્યાસજન્ય છણાવટ રજૂ થઇ છે કે સૉનેટ રસિકો અને જિજ્ઞાસુઓને એ ખાસ ઉપયોગી થઈ પડશે. આપણી ભાષામાં સૉનેટ લખાવાં શરૂ થયાં ત્યારથી તે આજદિન સુધી એના અંતસ્તત્ત્વમાં કેવાં કેવાં પરિવર્તનો થતાં રહ્યાં છે તેનો પણ સળંગસૂત્ર ખયાલ આ રચનાઓના અભ્યાસથી આવી શકે તેમ છે. પુસ્તકને અંતે, પ્રત્યેક સૉનેટનાં રસસ્થાનો સૂચવતી જે મિતાક્ષરી નોંધ આપી છે તે પણ કાવ્યાસ્વાદમાં ઉપકારક થઈ પડશે. સમગ્ર સંગ્રહ જોતાં સંપાદકનો પરિશ્રમ ને સૂઝ અછતાં રહેતાં નથી. (સંપા. ચંદ્રશંકર ભટ્ટ; પાકું પૂઠું; પૃ. ૧૫૫; રૂ. ૭-૫૦)

આધુનિક કવિતા : ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૬મા સંમેલન નિમિત્તે કવિ-વિવેચક શ્રી નિરંજન ભગતને સર્વશ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ અને ભોળાભાઈ પટેલે પૂછેલા કવિતા અને તેના ઇતિહાસલક્ષી પાંચ પ્રશ્નોના એમણે આપેલા જવાબોની આ પુસ્તિકામાં શ્રી ભગતની બહુશ્રુતતા અને સૂઝ સ્પષ્ટ થયા વગર રહેતી નથી. કવિતા વિષેના પોતાના ખયાલો એમણે સબળતાથી અહીં રજૂ કર્યા છે. કોઈ પણ કવિતારસિકને વાંચવી ગમે તેવી પુસ્તિકા. (કાચું પૂઠું; પૃ. ૬૦; રૂ. ૧-૫૦)

છાંદસી : ગુજરાતી વાચકની કાવ્યભૂખ ને સર્જકની કાવ્ય સિસૃક્ષા આજ વધતાં જાય છે ત્યારે આ પુસ્તકથી છંદશાસ્ત્રનાં આપણાં ગણ્યાંગાંઠયાં પુસ્તકોમાં આવકાર્ય ઉમેરો થાય છે. લેખકે કવિતામાં છંદની મહત્તા, આપણા અક્ષરમેળ–માત્રામેળ છંદો, એનાં પરિમાણો વગેરેની સદૃષ્ટાંત ચર્ચા કરી છે. છંદશાસ્ત્રનો અભ્યાસ કરવા માગનારને ઉપયોગી થાય તેવું પુસ્તક. (લે. કાન્તિલાલ કાલાણી; પાકું પૂઠું; પૃ. ૧૯૪; રૂ. ૬-૦૦)

થોડોક વ્યાકરણવિચાર: ગુજરાતી ભાષાના અભ્યાસ વિકાસની સાથે સાથે ભાષાશાસ્ત્રના વિદ્વાનોનું ધ્યાન ગુજરાતી ભાષાની ચાલી આવતી વ્યાકરણરચના—તે વિષેનાં પુસ્તકો ને ખયાલો પરત્વે દોરાયું છે. તેમાં રહેલી ક્ષતિઓ અને નવાં પ્રસ્થાનો ચીંધાયાં છે. શ્રી

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૪૨] — કરાવનાર • જગન માતરી



શ્રી વલીમોહંમદ લાખાણી

તમાકુના વેપારી હોવા છતાં ઈ. ૧૯૪૫માં ગઝલ ક્ષેત્રે પ્રવેશ કરી, આજ અઢી ઉપરાંત દાયકાથી ગઝલની મશાલ જલતી રાખનારા ભાવનગરના ભાઈ શ્રી વલીમોહંમદ હાજી સિદ્દીક લાખાણીને ગઝલચાહકો 'વલી' લાખાણીના નામે ઓળખે છે.

એમની જન્મતારીખ છે ૭ ડિસેમ્બર ૧૯૨૪. ભાવનગરના પીઢ ગઝલકાર ભાઈ શ્રી કિસ્મત કુરૈશી, વલીના ગઝલ-સંગ્રહ 'અરમાન'ના 'બે બોલ'માં નોંધે છે કે 'હાઈસ્કૂલનું શિક્ષણ પૂરું કર્યા પહેલાં જ તેમણે ધંધામાં ઝંપલાવ્યું પરંતુ એમ કરવા જતાં પોતાની ગઝલસાધનાને તેમનાથી પૂરતો સમય આપી શકાયો નહિ. પરિણામે એ ક્ષેત્રે સિદ્ધિનાં ઉચ્ચ શિખર સર કરવાની ભાઈ 'વલી'ની સફર ધારી મંઝિલે પહોંચી શકી નથી. છતાં જે કાંઈ પ્રવાસ...ખેડયો છે એ એમનાં વ્યાવસાયિક રોકાણોને લક્ષમાં લેતાં અવશ્ય દાદને પાત્ર છે, આદરણીય અને ઉલ્લેખનીય છે.'

શ્રી રજની જોષીના મંતવ્ય મુજબ બજારના ધમાલિયા વિસ્તારમાં તમાકુ ને ગડાકુની ગંધ વચ્ચે બેઠાંબેઠાં પણ વલીભાઈએ કવિતાનાં કુસુમો સતત પમરાવ્યાં છે.

પથ્થરના સહારે સાગર તરવાની ખેવના રાખનારા, પોતાની વેદનાનું અસલમાં ભાન થતાં પોતાને નિષ્ઠુર ગણતા આ પીઢ ગઝલકારના શેરોનો આનંદ લઈએ:

ઘૂઘવતા ઓ મોજા! કરે છે તું શાને
કિનારાથી પટકાઈને આવું ક્રંદન?
છે કોઈ ભાગ્યશાળી ગિરિવરની પુત્રી,
કે જેના વિયોગે તું નિત ટળવળે છે?

આવતા તેઓ હશે મળવા મને તો અબઘડી;
મોત! બે પળ ધૈર્ય ધર, ના કર જીવનની છેડછાડ.
જિંદગી આખીય મારી રગદોળાઈ ધૂળમાં;
કબ્રની માટી હવે ના કર કફનની છેડછાડ.

તમે જેને સમજી રહ્યાં અશ્રુબિંદુ;
ઘણાં મંથને એ મળેલાં રતન છે.

ન પીઉં તો ય 'વલી' મસ્ત હું રહું જગમાં;
મને તો આપની વાતો શરાબ લાગે છે.

ન કંઈ ઉદ્યાન સમજીને, ન કંઈ વેરાન સમજીને,
જીવું છું જિંદગાની એક હું તોફાન સમજીને.
નથી હું દોષ દેતો મારી હાલતનો વિધાતાને,
બધી હાલતમાં જીવું છું વિધિનાં દાન સમજીને.
વ્યથા, આફત જો આવે કે હૃદયને ચોટ લાગે છે,
તો સ્વાગત કરી લઉં છું એને મ્હેમાન સમજીને.
નથી મારે મુસીબતથી હવે ડરવાનું કંઈ કારણ,
જીવન હું જીવી જાણું છું, જીવન આસાન સમજીને.

છિપાશે તૃષા ના હવે કોઈ કાળે,
મિલન પામશે ના મરી અગ્નિઝાળે;
પતંગા! તું શાને ઘૂમે એ શમા પર,
ઇલેક્ટ્રિકબલ્બો નહિ તુજને બાળે!

ઓ સુકાની! ચાલ પાછો લઈ મને મઝધારમાં,
મેં કિનારે બેવફાઈને જ વસતી જોઈ'તી.

જિંદગીના રાહમાં કંટક પડયા છે બેશુમાર,
તે હઠાવાનું કદી પગથારથી બનતું નથી.

ઘણાં જાણ્યાં છે તરણાંથી તરી જનાર સાગરમાં;
'વલી' તરવો છે સાગર મારે પથ્થરના સહારાથી.

આપમેળે કાંઈ પણ બનતું નથી આ વિશ્વમાં;
આગ પણ સળગાવવાને એક તિખારો જોઈએ.

ના કદી પકડી શકાયે છે પવન, તું ખ્યાલ કર!
એ જ રીતે જિંદગીનું છે વહન, તું ખ્યાલ કર!

ખબર શી હતી દિલને દેતાં પહેલાં?
તમે ખુશ રહેશો સતાવી સતાવી!

અરે ત્યાં અભાગણ ઊષા આવી પ્હોંચી;
મઝા જ્યાં સ્વપ્ન કેરી આવી ન આવી.

ત્યારે સમજાયું મને કે કેટલો નિષ્ઠુર છું;
ભાન જ્યારે મુજને મારી વેદનાનું થઈ ગયું.

કોઈ દેખાયે છે કિન્તુ મુજથી પરખાતું નથી;
સોણલું મારું ય મારાથી જ સમજાતું નથી.
હું વ્યથાને પોષી લઉં છું મારા દિલમાં પ્રેમથી;
એટલે મારું વદન ગમગીન દેખાતું નથી.

કાંટા છે બેહિસાબ, મુકદ્દરની વાત છે,
તો પણ છે દિલ ગુલાબ, મુકદ્દરની વાત છે.
આપે અવરને જામ ભરી મુજને એ કહ્યું:
'પીવું નથી શરાબ.' મુકદ્દરની વાત છે!

ભાયાણીએ આ પુસ્તકના ૨૪ લેખોમાં 'થોડોક' વ્યાકરણ વિચાર નવી દૃષ્ટિએ રજૂ કર્યો છે, જે ભવિષ્યમાં ગુજરાતી ભાષાની પ્રકૃતિગત વિશેષતાઓને ધ્યાનમાં લઈ નવું વ્યાકરણ રચાશે ત્યારે ખૂબ મહત્ત્વનો બની રહેશે. મૂળ આ પુસ્તક ઈ. ૧૯૬૯માં પ્રગટ થએલું, તેની બીજી આવૃત્તિ ઈ. ૧૯૭૨માં થાય છે તે ટૂંકા ગાળાને લક્ષમાં લેતાં એ પુસ્તકનું મહત્ત્વ તદ્‌વિદોને કેટલું સમજાયું છે તેનો પુરાવો છે. (કાચું પૂઠું; પૃ. ૧૯૨; રૂ. ૬-૦૦)

જોવી'તી કોતરો ને જોવી'તી કંદરા: પ્રવાસકથા લખવી અને એને એક કલાકૃતિ બનાવવી દુષ્કર કામ છે. શ્રી શિવકુમાર જોષીએ એમની યુરોપની યાત્રાના બે ભાગમાં એવું કાર્ય હોવાનો ઉમદા પુરુષાર્થ કર્યો છે. પ્રસંગો અને વિગતોને રોચક શૈલી અને સર્જક-કલ્પનાના પાશથી મધુર બનાવાયાં છે. બન્ને ભાગનાં ૯૬ પ્રકરણો વાંચતાં વાંચતાં વાચક લેખકની સાથે યુરોપની યાત્રામાં વિહરે છે. ઊર્મિ અને વિચારનું, હકીકત અને કલ્પનાનું લેખકે એવું સુંદર સાયુજ્ય આ કૃતિમાં સ્થાપ્યું છે કે કોઈ નવલકથા વાંચ્યાનો સંતર્પક આસ્વાદ એ આપી રહે છે. (પાકું પૂઠું; બન્ને ભાગનાં કુલ પૃ. ૬૯૮; ભાગ ૧લો રૂ. ૧૦-૫૦; ભાગ બીજો રૂ. ૧૦-૦૦)

મહાપ્રસ્થાન: મૂર્ધન્ય કવિ ડૉ. ઉમાશંકર જોશીનાં સાત પદ્ય નાટકોના સંગ્રહની બીજી આવૃત્તિ. (પાકું પૂઠું; પૃ. ૧૬૦; રૂ. ૪-૫૦)

સુબ્રહ્મણ્ય ભારતીનાં કાવ્યો: તમિળ ભાષાના એ ખ્યાતનામ સ્વર્ગસ્થ કવિનાં ૩૧ કાવ્યોનો સરસ ગુજરાતી અનુવાદ, કરનાર તિ. ફ્રૂ. જયરામન (કાચું પૂઠું; પૃ. ૪૮; રૂ. ૧-૫૦).

મને કેમ વીસરે રે: બાળકો-કિશોરોના જીવનઘડતરમાં ચારિત્ર્યપોષક પ્રસંગો—વાર્તાઓનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. આનંદ સાથે એ અભીપ્સિત પૂરું પાડે છે. આ દૃષ્ટિને કેન્દ્રમાં રાખી શ્રી ગોપાલ નીલકંઠ દાંડેકરે મરાઠીમાં તૈયાર કરેલી ૮ ભાગની આ શ્રેણીનો અનુવાદ કર્યો છે શ્રી મુરલી ઠાકુરે. પુરાણ-ઇતિહાસમાંથી વિવિધ સદ્‌ગુણો અને ભાવનાઓનાં પ્રતીકજેવાં પાત્રો અને પ્રસંગો લઈને બાળભોગ્ય શૈલીમાં તેમની અહીં રસપ્રદ રજૂઆત થવા પામી છે. એકાગ્રતા, આજ્ઞાપાલન, કૃતજ્ઞતા, સાહસ, પરોપકાર, ત્યાગ વગેરે સદ્‌ગુણો અને ભાવનાઓને ટૂંકી ટૂંકી આ શ્રેણી માની અનેક સચિત્ર વાર્તાઓ ઘરમાં અને શાળામાં કિશોરને ઉમદા પ્રકારનું ઇતર-વાચન પૂરું પાડશે. (પ્રત્યેક ભાગનું કાચું પૂઠું; પ્રત્યેક ભાગના રૂ. ૩-૫૦)

અરેબિયન નાઈટ્સ: એ જગતના

વાર્તાસાહિત્યનો અમૂલ્ય ખજાનો છે, દુનિયાની લગભગ બધી ભાષામાં એનાં ભાષાંતરો થયાં છે. અહીં ત્રણ પુસ્તકોમાં લક્ષ્મીનારાયણ કથાઓ એમાંની ચુનંદી વાર્તાઓને સુભગ શૈલીમાં રજૂ કરી છે. પહેલા પુસ્તકમાં સાહસ, પ્રવાસ અને પરાક્રમને પોષતી કથાઓ છે; બીજા પુસ્તકમાં સંવનન, મિલન અને વિરહની પ્રણયવાર્તાઓ છે ને ત્રીજામાં જાદુમંતર અને ભેદભરમની રહસ્યકથાઓ રજૂ કરવામાં આવી છે. (પ્રત્યેકનું પાકું પૂઠું; કિશોરકથાઓની તેમજ પ્રણય કથાઓની કિં. રૂ. ૭-૫૦; રહસ્યકથાઓ કિં. રૂ. ૭

ટીંગાટોળી: શ્રી સુરેશ દલાલનાં બાળકાવ્યોના આ સંગ્રહમાં એમની બાળકાવ્યો લખવાની ફાવટ અગાઉની જેમ ફરી ખીલી ઊઠી છે. કુલ ૨૪ બાળકાવ્યો ગેયતા અને સરળતાની દૃષ્ટિએ પણ બાળકોને ગમી જાય તેવાં છે. (કાચું પૂઠું; પૃ. ૪૦; રૂ. ૧-૫૦)

પાંચ બાળવાર્તાઓ: બાળકોને જ્ઞાન અને ગમ્મત આપતી, સુંદર છપાઈ અને સુંદર ચિત્રોવાળી આ પુસ્તિકાઓ—વાંસળીવાળો, લોભિયો, વાઘ આવ્યો રે વાઘ, ફેરિયો, ઉંદર સાત પૂંછડીઓ—બાળકોને જરૂર વાંચવી ગમશે. (પ્રત્યેકનું કાચું પૂઠું; પ્રત્યેકનો રૂ. ૧-૦૦)

હિંદી પ્રકાશનો
પ્રકાશન વિભાગ
પતિયાલા હાઉસ, નવી દિલ્હી

કમલ ઔર કેતકી: બાળકોને નિર્દોષ આનંદ પૂરો પાડવા માટે વાર્તાનું માધ્યમ ઉત્તમ છે, એ ન્યાયે અહીં ભિન્નભિન્ન રાજ્યોની પ્રસિદ્ધ ૧૩ લોકકથાઓ સચિત્ર રૂપે આલેખવામાં આવી છે. આવી આંતરપ્રાંતીય વાર્તાઓના વાચનથી બાળકોમાં રાષ્ટ્રની એકતા સધાવા સાથે પ્રાંત-પ્રાંતની લોકમાન્યતાઓ, આચારવિચાર, પહેરવેશ વગેરે સાંસ્કૃતિક જ્ઞાનસમૃદ્ધિમાં પણ વધારો થાય છે. (કાચું પૂઠું; પૃ. ૪૪; રૂ. ૧-૫૦)

સંગઠન મેં બલ: વિભિન્ન રાજ્યોની પ્રાણી-પંખીમૂલક લોકકથાઓનો આ બાલોપયોગી સંગ્રહ ઘડાતા નાગરિકોમાં સંગઠનની ભાવના દૃઢમૂલ કરવાના ઇરાદાથી તૈયાર થયો છે. સંગ્રહની વીસે વાર્તાઓ આનંદ સાથે બોધ પૂરો પાડી રહી છે. (કાચું પૂઠું; પૃ. ૫૦; રૂ. ૧ ૫૦)

લદ્દાખ કે વીર: હરીશ નાયકે લખેલી વાર્તાનું મૂળ ગુજરાતીમાંથી રાજગોપાલ માથુરે કરેલું રોચક હિંદી ભાષાંતર. ચીની આક્રમણ સામે જ આપણે જે હેરતભરી ટક્કર ઝીલી તેનું કલ્પનારંગ્યું સુંદર ચિત્ર, આજના માંદલા, પોચટ પ્રણયકિસ્સાઓ નિરૂપતા વાર્તાઓના પૂરમાં આવી શૌર્યપ્રેરક વાર્તાઓ ખૂબ જ આવકાર્ય છે. (કાચું પૂઠું; પૃ. ૧૦૩; રૂ. ૨-૩૦).

અકબર: સમ્રાટ અકબરના આ બાલભોગ્ય સરળ અને સરસ ચરિત્રમાં અકબરના ગુણદોષોની સાથે સાથે એની સિદ્ધિ-અસિદ્ધિઓ તેમજ સામાજિક, રાજકીય, ધાર્મિક સુધારણાઓનો પણ રસિક રીતે ઇતિહાસ બાળકો સહેલાઈથી સમજી શકે એવી શૈલીમાં આપવામાં આવ્યો છે. (લે. ડૉ. આનન્દકૃષ્ણ; કાચું પૂઠું; પૃ. ૯૫; રૂ. ૨-૭૫)

૧૯૨૧ કે અસહયોગ આન્દોલન કી ઝાંકિયાઁ: ભારતની આઝાદીના ઇતિહાસમાં ૧૯૨૧ના અસહકાર આંદોલનનું આગવું ગૌરવ છે. એ વખતના સંજોગો સામે બાથ ભીડનાર અનેક મહાનુભાવો, એમાંથી ફલિત થતા પ્રશ્નો વગેરેની આ પુસ્તકમાં રોચક રજૂઆત કરવામાં આવી છે. માત્ર ઇતિહાસનું શુષ્ક બયાન ન રહેતાં આ પુસ્તક એક પ્રકારનો વાર્તા-આનંદ પણ પૂરો પાડે છે. અને એમાં ભાગ લેનાર મહત્ત્વની વ્યક્તિઓનાં સજીવ રેખાચિત્રો પણ સુલભ કરી આપે છે એમાં વિવિધ લેખકો દ્વારા તે સમયના વિવિધ પ્રશ્નો અને વિવિધ ખયાલોની સમ્યક્ ચર્ચા કરવામાં આવી છે. (કાચું પૂઠું; પૃ. ૨૪૯; રૂ. ૭.)

સચ્ચિદાનંદ સિંહા: ભારતના નવનિર્માણમાં એની આઝાદીની લડતથી જે જે મહાપુરુષોએ ફાળો આપ્યો છે તેમાંના બિહારના ડૉ. સચ્ચિદાનંદ સિંહા પણ એક છે. શિક્ષણકાર, પત્રકાર, સંસ્કૃતિચાહક અને દૂરંદેશ રાજપુરુષ તરીકે એમની નામના ઘણી છે. એ મહાનુભાવનું સંક્ષિપ્ત ચરિત્ર. (લે. વાગીશ્વર પ્રસાદ સિંહા; કાચું પૂઠું; પૃ. ૧૩૬; રૂ. ૩.)

નૅશનલ બુક ટ્રસ્ટ
એ-૫, ગ્રીન પાર્ક, નવી દિલ્હી–૧૬
સોલ એજન્ટ: વોરા ઍન્ડ કં.

બિલ્લી માશીનાં સ્વજનો: વાઘ, સિંહ, દીપડા, ચિત્તા જેવાં બિલાડીવંશનાં જંગલી પ્રાણીઓની આ શિકારકથાઓ ઉત્તર પ્રદેશના ખ્યાતનામ શિકારી શ્રી એમ.ડી. ચતુર્વેદીએ હિંદીમાં લખેલી. તેનો આ ગુજરાતી અનુવાદ શ્રી જયંત બક્ષીએ કર્યો છે. કિશોરોને સાહસાભિમુખ કરે તેવી આ કથાઓ એમને જરૂર વાંચવી ગમશે (કાચું પૂઠું; પૃ. ૬૪; રૂ. ૧ાા).

આપણી રેલવે: આ દેશને આધુનિક યુગની શાન આપવામાં રેલવેનો ફાળો ઘણો મોટો છે. એનો સચિત્ર અને વિગતપૂર્ણ છતાં બાલભોગ્ય રસિક ઇતિહાસ. (મૂ. લે. જગજિત સિંહ; અનુ. ભારતી વૈદ્ય; કાચું પૂઠું; પૃ. ૬૪; રૂ. ૧-૫૦).

કથાભારતી: તમિલવાર્તાઓ: ભારતની વિવિધ ભાષાઓની ચુનંદી વાર્તાઓ પ્રગટ કરતી 'કથાભારતી'ની શ્રેણીમાં અહીં તમિલ ભાષાના અચ્છા વાર્તાકારોની વીસ વાર્તાઓ ચૂંટી આપવામાં આવી છે. વાર્તારસિયાઓને અને વાર્તાના અભ્યાસીઓને આ સંગ્રહ આનન્દ અને ઉપયોગનો થઈ રહેશે. વાર્તાઓને અંતે વાર્તાકારોનો મિતાક્ષરી પરિચય પણ આપવામાં આવ્યો છે. (સં: પી. પા સોમસુન્દરમ્; અનુ. જયન્ત બક્ષી; કાચું પૂઠું; પૃ. ૨૧૭; રૂ. ૯-૫૦).

આગનો દરિયો: ઉર્દૂનાં ખ્યાતનામ લેખિકા કુ. કુરઅતુલએન હૈદરની 'આગ કા દરિયા' નામક મૂળ ઉર્દૂ નવલકથાનો આ ગુજરાતી અનુવાદ કર્યો છે બટુક દેસાઈએ. કુ. હૈદરની રૉમૅન્ટિક શૈલીએ ઉર્દૂ કથાસાહિત્યમાં નવી ભાત પાડી છે તેની પ્રતીતિ આ નવલકથા વાંચતાં પણ થઈ રહે છે. ૫૮ પ્રકરણની આ સુદીર્ઘ નવલકથા વાચકને એના વાર્તાપ્રવાહમાં છેક સુધી નૈસર્ગિક રીતે ખેંચી જાય છે. વિષયવસ્તુ અને નિરૂપણ, પાત્રાલેખન અને ઓછા પણ અમોઘશસ્ત્ર જેવા સંવાદો વાર્તાને વધુ રોચક બનાવે છે. (કાચું પૂઠું; પૃ. ૩૭૭; રૂ. ૮ાા)

સુરદાસ: સુરસાહિત્યના નિષ્ણાત ડૉ. વ્રજેશ્વર વર્માએ આ પુસ્તિકામાં ભક્તકવિ સુરદાસનાં જીવનકવનનો પરિચય આપ્યો છે. (અનુ. એમ. એલ. દેસાઈ; કાચું; પૃ. ૧૨૮; રૂ. ૩ાા)

ચૈતન્ય: મહાપ્રભુ ચૈતન્યની જીવનરેખાની સાથે સાથે એમણે સ્થાપેલ ભક્તિમાર્ગ, તે માર્ગનું સાહિત્ય, કીર્તન સંગીત તેમજ તેની ઐતિહાસિક પાર્શ્વભૂનો આ પુસ્તકમાં ચિતાર આપવામાં આવ્યો છે. (લે. દિલીપકુમાર મુકરજી; અનુ. જી. એન. માંકડ; કાચું; પૃ. ૧૩૮; રૂ. ૪)

બાગનાં ફૂલો: આપણે જાણીએ છીએ કે લોકોની ખીલતી જતી સૌન્દર્યદૃષ્ટિ જુદાંજુદાં ક્ષેત્રોમાં જોવા મળે છે. આજે જેમને અનુકૂળતા છે તેવા લોકો સ્વપ્રયત્ને અથવા માળીની મદદથી પોતાના આંગણામાં ફૂલ-ઉછેર કરે છે. દિવસે દિવસે આ શોખ વધતો જાય છે ત્યારે આપણા દેશમાં કઈ ઋતુમાં કયાં કયાં પુષ્પો સહેલાઈથી ઉછેરી શકાય, કઈ રીતે તેની જાળવણી થઈ શકે વગેરે બાબતોનું અધિકૃત વર્ણન આ પુસ્તકમાં મળી રહે છે. સાથે સાથે પરદેશી ફૂલોનો આપણને અનુકૂળ ઉછેર પણ આમાં વર્ણવવામાં આવ્યો છે. ફૂલોનાં ચલણી નામ, શાસ્ત્રીય નામ વગેરે વિવિધ ચર્ચા પણ અહીં મળી રહે છે. વળી આર્ટ પેપર પર છપાયેલાં સુંદર ચિત્રો પણ આ પુસ્તકની રસમયતામાં ઉમેરો કરે છે. બાગબાનીનો શોખ ધરાવનાર સૌને માટે ખૂબ જ ઉપયોગી પ્રકાશન. (મૂળ લેખક: ડૉ. વિષ્ણુ સ્વરૂપ; અનુ૦ ઈસ્માઈલભાઈ નાગોરી, કાચું પૂઠું; પૃ. ૨૫૨; રૂ; ૭-૫૦)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**

૧ સંસ્કૃત ભાષાના આપ ઊંડા અભ્યાસી છો. સંસ્કૃત સાહિત્યનું વૈશિષ્ટ્ય દર્શાવશો?

ઉ. ભારતની સમગ્ર સંસ્કૃતિ તેના ઉત્સંગમાં જ પોષાઈ છે અને પ્રસરી છે. આ અભિજાત ભાષામાં ભારતની બધી સાંસ્કૃતિક સંપત્તિ ભરી છે. જ્યાં સુધી સંસ્કૃત ભાષાનું ગૌરવ હતું ત્યાં સુધી ભારતના અખિલ વાઙ્મય માટે કહી શકાતું કે જે જાણવા જેવું છે તે સંસ્કૃતમાં છે જ, વા હતું. જૈનોએ અર્ધમાગધી અને બૌદ્ધોએ પાલી જેવી લોકભાષા અપનાવી ખરી, પણ પછી તેઓ પણ સંસ્કૃતમાં આવી ગયા. અણિશુદ્ધ વ્યાકરણ, નવા શબ્દો યોજવાનું સામર્થ્ય, સમાસ-સંધિ જેવી યુક્તિઓથી લાઘવ અને ગૌરવ વધારવાની સરળતા, સ્પષ્ટ શ્રવણ-મધુર અને પ્રાસાદિક લેખનનું આકર્ષણ તથા ધાર્મિક અને દાર્શનિક સાહિત્યની પ્રચુરતાથી તેના પ્રતિનો આદર સ્વાભાવિક છે. આજે અનેક કારણોથી સંસ્કૃતના અભ્યાસને યોગ્ય સ્થાન મળતું નથી એ સમગ્ર સમાજનું દુર્ભાગ્ય છે. હિતચિન્તકોએ આ પરિસ્થિતિ સુધારવી ઘટે.

૨ માઘ આપનો પ્રિય કવિ હોઈ એના સર્જનની રસાત્મકતા સમજાવશો?

ઉ. પાંચ વિખ્યાત મહાકાવ્યોમાં માઘના 'શિશુપાલવધ'ની પણ ગણના છે. કાલિદાસની ઉપમા, ભારવિનું અર્થ-ગૌરવ, દણ્ડીનું પદલાલિત્ય માઘમાં એક સાથે દીપે છે, અલબત્ત, એની ભાષા કંઈક ભારે છે, પણ સમજાય ત્યારે એની અનેકવિધ ચમત્કૃતિ અનુભવતાં ભારે રસાસ્વાદ મળે છે. માઘનો ઘણો ભાગ મેં મુખપાઠ કર્યો હતો, અને તેમાંથી જ મને થોડાં મૌલિક સંસ્કૃત પદ્યો અને અનુવાદો કરવાની પ્રેરણા અને હથોટી મળી હતી.

૩ આપે 'મનુસ્મૃતિ'નું સંશોધનાત્મક સંપાદન કર્યું છે તો એ વિષે કંઈ કહેશો?

ઉ. મનુને શ્રુતિમાં માનવજાતના પિતા કહ્યા છે. સમાજ માટે એણે જે કંઈ કહ્યું છે એ ઔષધ સમાન છે. મનુસ્મૃતિમાં વર્ણ, આશ્રમ, જાતિ, ગુણ તેમજ જન્મથી મૃત્યુ સુધી, જાગવાથી પ્રસુપ્ત સુધીના તમામ ધર્મો–નૈતિક, ધાર્મિક, સામાજિક, રાજકીય, બધાની તેમાં ચર્ચા છે. હિંદુ-સંસ્કૃતિનો એ પાયારૂપ ગ્રંથ છે. દરેક સૈકામાં આરૂઢ પંડિતોએ એના પર ટીકા-ભાષ્યો કર્યાં છે. જે તે કાળના આચારો ઉપર ભાર મૂકતા હોઈ એનું અધ્યયન સામાજિક આચારોનો વિકાસ સમજવામાં ઘણું ઉપયોગી છે. આ છેલ્લું પ્રકાશન પણ તદર્થ છે.

૪ તત્ત્વજ્ઞાન પણ આપનો વિષય છે. એ સંબંધી આપની અંગત વ્યાખ્યા આપશો?

ઉ. તત્ શબ્દ તન્ ધાતુને ક્વિપ પ્રત્યય લાગવાથી થયો છે અને તેનો અર્થ વ્યાપક બ્રહ્મ એવો થાય છે અને એથી જ બ્રહ્મનો નિર્દેશ ઓમ્ તત્ અને સત્‌થી થાય છે. આમ, તત્ત્વ એટલે બ્રહ્મભાવ. જ્ઞાન એટલે માત્ર માહિતી મેળવવી એ જ નહિ, પણ અન્તર્ગતિ સાક્ષાત્કાર થાય અને અનુભવ થાય ત્યાં સુધીનું બધું તે શબ્દમાં સમાવિષ્ટ છે. આ અનુભવ અનેક જન્મોનો પરિપાક હોઈ સરળ નથી. પરમ તત્ત્વના દર્શનમાં ભક્તિ વિરક્તિ અને જ્ઞાન ત્રણે આવશ્યક છે અને તેથી જ 'તત્ત્વજ્ઞાન'ને બદલે આપણે 'તત્ત્વદર્શન' શબ્દનો પ્રયોગ કરીએ છીએ.

૫ ભારતીય વિદ્યાભવન સાથે સંકલિત 'ઍસ્ટ્રોલૉજિકલ સોસાએટી'ના આપ ઈ. ૧૯૪૩થી પ્રમુખ છો. જ્યોતિષશાસ્ત્ર કેટલા પ્રમાણમાં સાચું છે! શું ચઢે–પ્રારબ્ધ કે પુરુષાર્થ?

ઉ. જ્યોતિષ ત્રિસ્કન્ધ છે. ગણિત, ફલ અને સંહિતા. ફલનો આધાર પ્રાણી દેશ સંસ્થા પ્રશ્ન વગેરેના જન્મકાળના નકશા પર, અને તેના સમયની ચોકસાઈ પર અવલંબે છે. જોવાની પણ અનેક પદ્ધતિ છે–નિરયન, સાયન, ગોચર, ડિરેક્શન, હસ્તરેખા, રમલ, પ્રશ્ન વગેરે. આમાં અનુભવ અને સંશોધનનું મૂલ્ય છે. ભારતીય માન્યતા પ્રમાણે પ્રારબ્ધ પૂર્વજન્મનાં કર્મો પર આધારિત છે. સારાં કર્મોથી સંચિત પાપકર્મોનો નાશ કરી શકાય. ક્રિયમાણ કર્મોમાં પુરુષાર્થને અવકાશ છે. છૂટી ગએલા બાણની પેઠે કર્મના નિર્મિત ફળને રોકી શકાતું નથી. ભારતના બધા સેશ્વરવાદો માને છે થઈ ગએલા કર્મનું ફળ કેવું અને ક્યારે આપવું તે પરમાત્માને હાથ છે. આથી ગ્રહો ફળના કારક નથી પણ જ્ઞાપક માત્ર છે.

૬ વર્તમાન ગુજરાતી સાહિત્ય વિષે આપનું શું મંતવ્ય છે?

ઉ. આજના ગુજરાતી સાહિત્યમાં ગદ્ય ઉચ્ચ પ્રકારનું અને વિકસિત છે. પદ્યનો ફાળો પણ સારો છે, પણ તેમાં મહાકાવ્ય લખાયું નથી. નવું પદ્ય સર-રીઆલિઝમ અને અન્ય અસરોથી દુર્બોધ બનતું જાય છે. નાટકમાં રંજન-તત્ત્વ વધ્યું છે, પણ અનુકૃતિ વિશેષ છે.

જયન્તકૃષ્ણ હરિકૃષ્ણ દવે.



શ્રી જયન્તકૃષ્ણ દવે

શ્રી જયંતકૃષ્ણ હરિકૃષ્ણ દવે, એમ. એ; એલ એલ. બી. વિદ્યાવાચસ્પતિ. જન્મ સૂરતમાં તા. ૩૧ ઑગસ્ટ ૧૯૦૯. ભારતીય વિદ્યાભવનના માનદ્ ડાયરેક્ટર, મુંબાઇ યુનિ૦ અને વારાણસી સંસ્કૃત યુનિ૦ની સેનેટના સભ્ય, સર્વતોમુખી લેખક, સંસ્કૃત અને ધર્મશાસ્ત્રના પ્રખર વિદ્વાન હોઈ હિંદુ લૉના અગ્રગણ્ય વકીલ, વાંસવાડા સ્ટેટના ભૂતપૂર્વ ચીફ જસ્ટિસ, સંસ્કૃતના બહુશ્રુત વિદ્વાન અને પ્રખર પુરસ્કર્તા હોઇ એ અંગેની યુનિ૦ના ઉચ્ચ અભ્યાસ તથા અનેક સરકારી સમિતિઓ સાથે સંકલિત. ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૨ વર્ષ સુધી ભૂતપૂર્વ મંત્રી, 'ભવન્સ જર્નલ,' 'ભારતીય વિદ્યા', 'ભારતી,' 'સંવિદ્' વગેરે સામયિકોના મૅનેજિંગ એડિટર. ૧૯૭૦માં ધર્મ અને શાંતિ અંગે જાપાનમાં યોજાએલી વિશ્વપરિષદમાં ભવન્સના પ્રતિનિધિ તથા એની ફૉલો-અપ કાઉન્સિલના સભ્ય. 'ઇમ-મોર્ટલ ઈંડિયા' (ભા. ૧), 'ગુજરાતી સાહિત્ય કા ઇતિહાસ', 'ગુજરાતી સાહિત્ય સુવર્ણમહોત્સવ.' અને અર્વાચીન સારસ્વત પ્રવાહ' 'વ્યવહાર પ્રકાશ', 'શાક્ત સંપ્રદાય' વગેરે અભ્યસનીય ગ્રંથો સાથે અનેક નિબંધો ને લેખોના લેખક 'બૉમ્બે ઍસ્ટ્રૉલૉજિકલ સોસાએટી'ના ઈ. ૧૯૪૩થી પ્રમુખ. હાલ ભારત સરકાર માટે નવ ભાષ્ય ટીકા સહિત મનુસ્મૃતિના છ ભાગનું સંપાદન પણ કરી રહ્યા છે.

પચ્ચીસ વર્ષ પહેલાં



માર્ચ-૧૯૪૮-સળંગઅંક ૨૯૧

આજથી પચ્ચીસ વર્ષ પહેલાંનો, તા. ૧૫મી ફેબ્રુઆરી ૧૯૪૮, વિક્રમ સંવત ૨૦૦૪ની માહ સુદ પાંચમ-વસંતપંચમીનો દિવસ માત્ર કાઠિયાવાડના જ નહિ પણ મહાગુજરાત ને હિંદના ઇતિહાસમાં અપૂર્વ હતો. તે દિવસે કાઠિયાવાડનાં નાનાંમોટાં ૪૪૯ રજવાડાંની ૮૯૦ સીમાઓ અદૃશ્ય થઈ એક અને અખંડ સૌરાષ્ટ્રનું ખાતમુહૂર્ત થયું, ને એ અખંડ પ્રદેશના સર્વાંગી વિકાસનો એક મહાયોગ જન્મ્યો. એના વિશાળ સાગરકિનારા, એના સઘન ગિરિપ્રદેશો, એનાં રસાળ ખેતરો. એના રિદ્ધિભર્યા ભૂગર્ભમાં રહેલાં મૂલ્યવાન ખનિજ દ્રવ્યો, એની નદીઓનાં નકામાં વહી જતાં જળ, એનાં બહોળાં પશુધન ને એનાં સાવજશૂરાં સંતાન, સૌને મ ટે સ્વાભાવિક ઉત્કર્ષની ક્ષુધા લાગી. એ પ્રસંગે પ્રકટ થએલા 'કુમાર' માંના લેખમાંથી સૌરાષ્ટ્રની ઇતિહાસરેખા સર્વકાળે સ્મરણીય હોઈ તેમાંનો મુખ્ય ભાગ તારવીએ:

કોઇ ભવ્ય અને જાજરમાન ઈમારતના અગ્રભાગે નકસીમય ને રૂપાળો ઝરૂખો શોભે તેવી રીતે ભારતવર્ષના દેહ પર શોભતો સૌરાષ્ટ્રનો પ્રદેશ નાનોસૂનો નથી. અરબી સમુદ્રની વિચિમાળાઓથી ધોવાતો, ૨૫૦ માઈલ લાંબો ને ૨૦૦ માઈલ પહોળો આ દ્વીપકલ્પ ૨૩,૫૦૦ ચો. માઈલનું ક્ષેત્રફળ ધરાવે છે. ત્રણ બાજુ રત્નાકરથી વીંટાએલો આ પ્રદેશ, ડુંગરો ને નદીઓથી રળિયામણો, ખેતીએ ફળદ્રુપ ખનિજે સમૃદ્ધ છે.

આવા આ સમૃદ્ધ સુંદર પ્રદેશનો ઇતિહાસ ઘણા પુરાતન કાળથી શરૂ થાય છે. એક કાળે એ સ્થળે છેક રાજપુતાના રણ સુધી સમુદ્ર ઘૂઘવતો. કુદરતની કાયાપલટને કારણે એની વચ્ચેથી કાઠિયાવાડનો ટાપુ ઊંચો આવ્યો. તે પછી ધીમેધીમે કચ્છના અખાતથી ખંભાતના અખાતની ખાડી સુધીનો આખો સાગરકાંઠો પશ્ચિમ ભારતની નદીઓનાં પાણી સાથે ઠલવાતા કચરાથી ભરાઇને એ પટ્ટી સંધાઈ ગઈ અને સૌરાષ્ટ્ર ટાપુ મટીને દ્વીપકલ્પ થયો.

પ્રાચીન પૌરાણિક ભૂગોળના મત પ્રમાણે ભારતના આ આખા પશ્ચિમ દેશનું નામ 'ગુજરાત' પડતાં અગાઉ ઘણા પુરાતન કાળથી 'સૌરાષ્ટ્ર' હતું, ને તે સાથે જ તેના કેટલાક ભાગનાં નામ 'આનર્ત', 'અપરાંત' વગેરે હતાં. પુરાણો કહે છે કે વૈવસ્વત મનુના પુત્ર શર્યાતિના પુત્ર આનર્તને ભારતનો આ નૈઋર્ત્ય ભાગ મળ્યો, ને એના પુત્ર રૈવતે, પિતાના નામ પરથી ઓળખાતા આ આનર્ત દેશમાં કુશસ્થલી(દ્વારકા)માં રાજધાની કરી. કંસવધ પછી શ્રી કૃષ્ણે યાદવોને આ દેશ પર મોકલ્યા. તેમણે એ આનર્તના એક વંશજ કકુંમી રૈવત પર ચડાઈ કરી. કકુંમીએ પોતાની પુત્રી રૈવતીને શ્રીકૃષ્ણના ભાઈ બલરામને આપી સમાધાન કર્યું. પણ ત્યારથી આનર્તના રાજ્યના ધણી યાદવો થયા. ગિરનાર પર્વતનું પુરાણ સમયનું નામ 'રૈવતક' આ રૈવત કુટુંબના રૈવતે પરથી પડેલું. યાદવોએ કુશસ્થલીનું સુધારી દ્વારકા નામ પાડ્યું.

યાદવો પછી છેક મૌર્ય સામ્રાજ્યના કાળ સુધી આ પ્રદેશના ઇતિહાસમાં અંધારું જ છે. એ અંધકારના સમયમાં યૌધેયો ને આભીરોની સત્તામાં દેશ વહેંચાએલો હશે. તે પછી પહેલી ઐતિહાસિક સાબિતી અહીં મૌર્યોના અમલની મળે છે. હિમાલયથી કન્યાકુમારી અને મગધથી સૌરાષ્ટ્ર સુધીમાં વિસ્તરી રહેલા મૌર્ય વંશના પરાક્રમી રાજા અશોકના શિલાલેખો રૂપ ધન્ય સ્મરણો, એ કાળની કીર્તિ ગાતાં આજે યે સૌરાષ્ટ્રને ટીંબે સુરક્ષિત રહ્યાં છે.

અશોકના અવસાન પછી આ પ્રદેશમાં ગ્રીસની સત્તાનો સૂર્યોદય થયો. કાળક્રમે ગ્રીક સત્તાના ક્ષત્રપ (શક) પ્રતિનિધિઓએ અહીંનું રાજ સ્વાધીન કર્યું. એ વંશની સત્તા તળે આહીર અને મેર આગળ આવ્યા. એ વંશે અગ્નિ અને સૂર્યની પૂજા પ્રચલિત કરી. ક્ષત્રપો(શકો)ના લાંબા રાજ્યકાળનો છેવટે આત્મસિંહ ક્ષત્રપના સમયમાં, ઈ. ૩૯૫માં અંત આવ્યો અને સૌરાષ્ટ્ર સાથે આ આખો પશ્ચિમ દેશ ગુપ્ત સામ્રાજ્યનો ભાગ બની રહ્યો.

ઈ. ૩૯૫થી ૪૭૦ સુધી અહીં ગુપ્ત વંશનાં ઘડિયાળાં વાગ્યાં. ગંગાથી બ્રહ્મપુત્રા સુધીના પ્રદેશ પર કુમારગુપ્તનો કોરડો ફર્યો તે પહેલાં જ સૌરાષ્ટ્રની વામનસ્થલિ પર તેની હાક વાગી. પાર્વતી, મયૂર ને ત્રિશૂળના પુજારી એ ગુપ્ત વંશના મહારાજાઓએ સોરઠની સુબાગીરી વલભી (આજનું વળા)ના સૂર્યવંશી રાજપૂતોને સુપ્રત કરી. ફરી ઇતિહાસનું પુનરાવર્તન મંડાયું ને સોરઠમાં ગુપ્ત વંશને સ્થાને વલભીનું રાજ્ય તપ્યું. એ રાજ્યની પડતીની લોકકથા તો જાણીતી છે. રંક નામના પાલીનો મારવાડી વાણિયો પરદેશીઓને બોલાવીને છેલ્લા રાજા શીલાદિત્યને ઉખેડી નાખવાનું કારણ બન્યો. ૭૮૫માં અરબોએ દરિયામાર્ગે ચડાઈ કરીને વલભી રાજ્યનો નાશ કર્યો.

ઈ. ૮૭૫માં ગુજરાતના કેટલાક પ્રદેશો પર ચાવડાઓની સત્તા બળવાન હતી. એ વેળા યાદવવંશના ચૂડાસમાઓ વંથળી તથા જૂનાગઢમાં પ્રવેશ પામ્યા. એ જ અરસામાં જેઠવા રાજપૂતો કચ્છમાંથી કાઠિયાવાડમાં ઊતર્યા, ને મોરબી જીતીને પોતાની સત્તાનો જમાવ કર્યો. કાળની કપરી બાજી પર આંસુ સારતાં શ્રીનગર ને ધૂમલી આજે પણ એ જેઠવાઓની કીર્તિકથા કથી રહ્યાં છે.

થોડોક વખત વીત્યો ને સોમનાથ પર સવારી આવી. મહમ્મદની આ સવારી વેળાએ સોરઠમાં જેઠવાઓ, ચાવડાઓ ને ગોહીલો, વાળાઓ, કોળીઓ ને ચૂડાસમા રાજપૂતોની સત્તા પ્રચલિત હતી. આમાંની ઘણીક સત્તાઓ સોમનાથનું રક્ષણ કરવાને એકઠી મળી. સોરઠ 'એક અને અતૂટ' બનવાનાં નિશાન ઝબક્યાં. પણ ચાવડાનો વાવટો પડ્યો. સોમનાથ ભાંગવામાં મહમ્મદે સફળતા મેળવી.

૧૦૯૦માં ઝાલા રાજપૂતોએ કાઠિયાવાડમાં પગપેસારો કર્યો. એ પછી પાંત્રીસ વરસે સોરઠે સિદ્ધરાજની હાક સાંભળી. ત્યાર પછીથી વાઘેલા આગળ આવ્યા. પણ તેમનો અમલ વધુ જામે એ પહેલાં તો અલાઉદ્દીન ખીલજી સોમનાથ પર આવ્યો ને જૂનો સોરઠ ધીમેધીમે મુસલમાની સત્તા તળે સરકવા લાગ્યો.

કાઠિયાવાડની આજની રાજસત્તાઓનો ઉપલબ્ધ ને સાધાર ઇતિહાસ ૧૩-૧૪મી સદીથી શરૂ થાય છે. ૧૩મી સદીમાં મારવાડમાંથી સેજકજી ગોહિલ સૌરાષ્ટ્રમાં આવ્યા. તેમણે જૂનાગઢના તે વખતના રાજા રા' ક્વાટને પોતાની પુત્રી આપી અને સૌરાષ્ટ્રમાં વસવાટ શરૂ કર્યો. તેમના વંશજોએ ભાવનગરમાં ગાદી સ્થાપી. વળા, લાઠી ને પાલીતાણા પણ તેમના જ વંશજોએ સ્થાપેલાં.

સૌરાષ્ટ્રનાં બીજાં રાજ્યોનો ઇતિહાસ કચ્છ સાથે સંકળાએલો છે. ૧૫મી સદીમાં સિંધમાંથી જામ લાખા કચ્છમાં આવ્યા ને રાજ્ય સ્થાપ્યું. જાડાના એ પુત્રે તેથી જાડેજા અટક રાખી. તેના પૌત્રો જામ દાદર, હમીર તથા રાવળ ત્રણ વચ્ચે કચ્છનું રાજ્ય વહેંચાયું. તેમની અંદરઅંદર ઝગડો થતાં જામ રાવળ પરાસ્ત બની સૌરાષ્ટ્રના હાલારમાં આવ્યો ને ત્યાં જેઠવાઓને હરાવીને હાલની જામનગરની ગાદીની સ્થાપના કરી. જેઠવાઓ ત્યાંથી સોરઠ ગયા ને પોરબંદરનું રાજ્ય સ્થાપ્યું. જામ રાવળના બીજા વંશજોમાંથી ધ્રોળ, ગોંડળ ને રાજકોટનાં રાજ્ય સ્થપાયાં.

તેરમી સદીમાં કચ્છના મકવાણા કુળનો ઝાલો રાજપૂત હરપાળ ગુજરાતમાં જઈ કરણ ઘેલાને ત્યાં નોકરી રહ્યો. કરણ ઘેલાના પતન પછી તેણે પાટડીમાં પોતાની ગાદી સ્થાપી. તેના વંશજોએ હળવદ-ધ્રાંગધ્રાની ગાદી સ્થાપી.

વાંકાનેર; વઢવાણ, લીમડી, ચૂડા, લખતર એ રાજ્યોની ગાદી પણ એ હરપાળના વંશજોએ જ સ્થાપેલી. આ સિવાય પરમારો ને ચૂડાસમા રાજપૂતોએ પણ રાજ્યો સ્થાપ્યાં.

કાઠિયાવાડની બીજી રાજસત્તા કાઠીઓની હતી. હિંદમાં આવેલા પાર્થિયન લોકોમાંથી જે આર્યો સાથે ભળ્યા તે ક્ષત્રિયો કહેવાયા. તેમના વંશજો તે આ કાઠીઓ. તેઓ સૂર્યના પૂજકો હતા. હિંદભરમાં એક જ સ્થળે સૂર્યનું મંદિર છે ને તે પંચાલના પ્રદેશ થાનમાં. કાઠીઓએ પોતાની રાજસત્તા જેતપુર, ચીતલ, બગસરા આદિ સ્થળે જમાવી. વાળા, ખાચર ને ખુમાણ એવી તેમની જાતો કાઠિયાવાડના જુદાજુદા ભાગોમાં પ્રસરી. સૌરાષ્ટ્રનાં રાજકુળોમાં 'ભાઇએ ભાગ'ની પ્રથા હોવાથી જેટલા ભાઇઓ, તે બધા વચ્ચે રાજ્ય વહેંચાઈ જતું. આ પ્રથાને કારણે સૌરાષ્ટ્રમાં બેપાંચ નહિ પણ સેંકડો રાજ્ય અસ્તિત્વમાં આવ્યાં.

મહમદ બેગડાના જમાનામાં(ઈ.સ.૧૪૫૯) જૂનાગઢનો રા' માંડલિક સોરઠનું નૂર હતો. બેગડાની દાઢ સળકી. ૧૪૭૬માં તેણે જૂનાગઢ પર કૂચ કરી માંડલિકે યુક્તિપ્રયુક્તિથી એ પાછી વાળી. બેગડો બીજી વાર આવ્યો. માંડલિકે તેને સોનું આપી સંતોષ પમાડયો.પણ સુલતાન ત્રીજી વાર આવ્યો, ને જંગ જામ્યો. માંડલિકની અનીતિ, આસપાસના હિંદુ રાજાઓની અલિપ્તતા અને એવાં બીજાં અનેક કારણોસર માંડલિક ભાંગ્યો. તે ઈસ્લામી બન્યો.

જે વેળા શિવાજી દિલ્હીના બાદશાહોને થરથરાવતો હતો એ વેળા કાઠિયાવાડમાં નાનીમોટી અનેક સત્તાઓ મુસલમાન સરદારો સામે માથાં ઊંચકી 'માર મારવાની' પળેપળે પેરવી કરતી હતી. નવાનગરના જામ, છાયાના જેઠવા, શિહોરના ઠાકોરો ને ધ્રાંગધ્રાના ધણીઓએ અવનવી ફાળો ભરી. ૧૭૦૭માં ઔરંગઝેબ આથમી ગયો ને ગુજરાતની સાથે કાઠિયાવાડ પર પણ અંધાધૂંધીનાં ઝાપટાં વરસ્યાં. સોરઠના ફોજદારોનું, ઠાકોરો વગેરે પાસેથી ખંડણી ઉઘરાવવાનું કાર્ય,દિવસે દિવસે કઠિન બન્યું. ખંડણીની વસૂલાતોની સવારીઓ લગભગ કાયમની થઈ ને કાઠિયાવાડની કાલિમા અઘોર બની.

વરસો વીત્યાં ને સૌની બત્રીશીએ ચડેલી સોરઠની એ ફોઝદારીનો અંત આવ્યો. શેર બાબીખાને ફોઝદારી મૂકીને નવાબી ધારી, ને બહાદુરખાનને નામે એ જૂનાગઢનો નવાબ બન્યો.કાળે કરીને તેણે સત્તા વિસ્તારી ને આસપાસના મુલકમાં જોરતલબીની વસૂલાત માંડી.

ઈ. ૧૭૨૨માં સોરઠે પીલાજી ગાયકવાડની સરદારી તળે મરાઠી ફોજો ભાળી. શિહોરના ભાવસિંહજીએ મરાઠાઓનો સામનો કર્યો. મરાઠાઓની હાર થઈ. વિજયી ભાવસિંહજીએ ઈ. ૧૭૨૩માં ભાવનગર સ્થાપ્યું.

ઈ.૧૭૨૯માં ગુજરાતના સૂબા સુબારિઝુ-લમુલ્કે મરાઠાઓને અંદરઅંદર લડાવી મૂકવા પેશ્વા સાથે સંધિ કરી અને પછી તુરત તે ધોરણ મુજબ ખંડણી ઉઘરાવવા સોરઠમાં આવ્યો. ભાવસિંહજીએ તેને કળે કરીને વશ કર્યો, પણ છાયાની ઠકરાઈ સુબાને સંતોષવામાં નિષ્ફળ નીવડી ને સુબાએ, ઠાકોરે દબાવેલા માધવપુરનો નાશ કર્યો. ઈ. ૧૭૩૫માં દામાજી ગાયકવાડે કાઠિયાવાડ પાસેથી ખંડણી લીધી અને પોતે જીતેલા અમરેલી વગેરે પ્રદેશો કબજે કર્યા.

છેક મુસલમાન સમય સુધી આ દેશ 'સોરઠ' જ કહેવાતો. પણ અહીં ચોથ ઉઘરાવવા આવતા મરાઠાઓને મોટા ભાગે કાઠીઓ સામે જ લડવું પડતું હોવાથી તેને કાઠીઓનો જ દેશ ગણીને તેમણે કાઠિયાવાડ નામ આપ્યું. એ નામ દોઢસો વરસથી જૂનું નથી.

મુલ્કગીરી, ખંડણી અને જોરતલબી—કાઠિયાવાડના ઠાકોર-ઠકરાંઓ આવા અનેકવિધ ભરણાંઓ વડે ચુસાવા લાગ્યા. ધીમેધીમે ગાયકવાડ અને પેશ્વાની સત્તા નબળી બનીને મરવા બેઠી, અને ઓગણીસમી સદીના આરંભમાં દ્વારિકાથી ભાવનગર ને માળિયાથી કોડીનાર સુધીનો પ્રદેશ ભયકર અંધાધૂંધીનો ભોગ બન્યો. એ કાળા જમાનામાં કાઠિયાવાડમાં ગજબનાક અંધેર પ્રસરેલું. સૌ એકબીજાની સત્તા ઝડપી લેવાને, જમીનો ખાઈ જવાને ને માલ લૂંટી લેવાને ભાઈભાઈનાં ગળાં વાઢવા સુધી પણ તત્પર બન્યા હતા.

ઈ. સ. ૧૮૦૧ના છેલ્લા દિવસો દરમિયાન ઇંગ્લૅંડની ઈસ્ટ ઇંડિયા કંપનીની સરકારે આ પલટાતી દશા દીઠી અને પોતાના આવતા સમયનાં નિશાન ભાળ્યાં. અંદરઅંદર ભભૂકી ઊઠેલી સોરઠી સત્તાઓને વશ કરવાનું કામ હવે વિકટ નહોતું; એટલે અંગ્રેજોના આશરાનાં ખતપત્રો પર કાઠિયાવાડનાં કાંડાં કપાવી લેવાનું કામ એ સરકારે ઍલેક્ઝાન્ડર વૉકરને સોંપ્યું. વૉકર સમજતો હતો કે પરદેશીઓ માટે કાઠિયાવાડના આકાશમાં હજી ફરકવું સંપૂર્ણ સરળ નહોતું. તેથી તેણે 'કુહાડાના હાથા'ની શોધ માંડી. કાઠિયાવાડના દુર્ભાગ્યે મુનશી મહમદઅલી હાથ આવ્યો. મોરબી સામે માથું ઊંચકીને લોખંડી મિયાણાશાહી આખું કાઠિયાવાડ સર કરવાની કરાલ ફાળો જે વેળા ભરતી હતી એ અણીની પળે મુનશી મહમદઅલી કંપની સરકારના 'ખાનગી માણસ' તરીકે મોરબી ઠાકોરને મળવા આવ્યો. મિયાણાઓને કચડી નાખવાનું રામબાણ મુનશીએ ઠાકોરને અંગ્રેજી એડીમાં જ વસેલું બતાવ્યું. ઠાકોર પાસે મુનશીએ કંપની સરકારની મદદની યાચના કરાવી. ને ૧૮૦૩ની ૧૭મી નવેમ્બરે કાઠિયાવાડમાં અંગ્રેજી અમલના ગણેશ મંડાયા.

તે પછી ૧૮૦૪માં વૉકરની સવારીએ કાઠિયાવાડમાં પાકો પડાવ નાખ્યો, તે આજની ઘડી ને કાલનો દિવસ. આ રીતે સ્થિર થતાં બ્રિટિશોએ ગાયકવાડનો ચોથ ઉઘરાવવાનો હક પોતે ઉઘરાવવાની શરતે લઈ લીધો અને ગાયકવાડની સત્તા નામશેષ કરી નાખી. પછીનાં સોળ વર્ષો દરમિયાન કાઠિયાવાડમાંની કંપની સરકાર ફૂલીફાલી ને ઊંડી ઊતરી; ને ૧૮૨૦માં તો તેણે સારો યે કાઠિયાવાડ સર કર્યો.

ઈ.૧૮૧૬માં ઓખામંડળમાં ચાંચિયાગીરી કરતા વાઘેરોને બ્રિટિશોએ જેર કરીને ૧૮૧૭માં ગાયકવાડ સાથે કરેલી સંધિમાં એ પ્રદેશ ગાયકવાડને સોંપ્યો: પણ ભાવનગરના તાબા હેઠળનો ધંધુકા, ગોઘા વગેરે પ્રદેશ વસઈની સંધિમાં ગાયકવાડ પાસેથી એમણે લીધેલો.

મુંબાઈની નજીક આવેલું જંજીરા હબસીનિયાના સીદીઓનું મથક હતું. તેઓ મુઘલ સામ્રાજ્યના નાવિકો અને નૌકા સેનાપતિઓ હતા. તેમને પશ્ચિમ કિનારે જુદાંજુદાં બંદરોની જરૂર પડતાં તેમણે કાઠિયાવાડના જાફરાબાદ બંદરનો કબજો લીધો જે છેક સુધી ચાલુ રહ્યો. જ્યારે કાઠિયાવાડનાં બધાં રાજ્યો બ્રિટિશ અને ગાયકવાડને ખંડણી ભરતાં ત્યારે માત્ર જાફરાબાદ જ તેમાંથી મુક્ત રહ્યું હતું.

ઈ. સ. ૧૮૨૨માં બ્રિટિશ સત્તાએ સોરઠ પરનું સર્વોપરિપદ ધારણ કર્યું ને કાઠિયાવાડમાં 'નવો જમાનો' ઝગવા લાગ્યો. ઈ. ૧૮૩૧માં ફોજદારી ન્યાયની અદાલત આવી. ૧૮૬૩માં હકૂમતનાં ધોરણો બંધાયાં. રાજાઓની અંદરઅંદરની સત્તાઓના મતભેદને મિટાવવા કાઠિયાવાડનાં રાજ્યોના સાત વર્ગ પાડવામાં આવ્યા તે વર્ગોમાં ન હોય તે બધા બિનહકૂમતી તાલુકદારો કહેવાયા. ગરાસિયાઓ અને રાજાઓ વચ્ચેની તકરારોના નિવેડાને માટે ઈ. ૧૮૭૩માં રાજસ્થાનિક કોર્ટની સ્થાપના થઈ. અંગ્રેજ હકૂમતની આ એજન્સીની સ્થાપના પછીથી ૧૮૭૧થી ૧૮૭૩ વચ્ચેનાં વર્ષો દરમિયાન કાઠિયાવાડની કેડેથી પાણીદાર હથિયારો છોડાવી નંખાયાં. રસ્તાઓ બંધાયા, થાણાંઓ સ્થપાયાં. ફિટ્ઝજિરાલ્ડે રાજકુમાર કૉલેજનાં નિશાન ઝબકાવ્યાં ને કાઠિયાવાડ 'સુખી' થયો.

સોરઠની સુપ્રસિદ્ધ કેરી

કેસર

લેખક
અમીલાલ ઢાંકી
બાગાયાત નિષ્ણાત

દક્ષિણ સૌરાષ્ટ્રની લીલા નાઘેરના ઘેઘૂર આંબાવાડિયાની 'કેસર' કેરી હવે બહુ અજાણી નથી રહી. માધવપુરથી ઉના-દેલવાડાનો વિસ્તાર છોડી હવે તો જૂનાગઢ જિલ્લામાં તાલાલા તેમજ રાણાવાવ તાલુકામાં, રાજકોટ જિલ્લામાં, ધારી-અમરેલી આસપાસ ને ત્યાંથી આગળ વધી છેક ગુજરાતમાં વડોદરા, સૂરત ને વલસાડ જિલ્લા સુધી એનું વાવેતર વધ્યું છે અને હજી વધતું જાય છે.

માંગરોળના શેખ હુસેનમિયાંને રાજ્યના એક અમીર સાલેભાઈએ નવા ઘાટની, રેસા વિનાની ને પાતળી છાલની, સ્વાદે અત્યંત મીઠી એવી એક ખાસ જાતની કેરી ભેટ આપી. શેખ એ ફળથી અત્યંત ખુશ થઈ ગયા અને એ કેરીને 'સાલેભાઈની આંબડી' એવું નામ આપ્યું અને સાલેભાઈને 'સાલે હિન્દ'નો ખિતાબ દીધો. સાલેભાઈ પાસેથી એ ફળના ગોટલા મેળવી એમણે એ પોતાના લાલબાગમાં તથા રહીજ, હુસેનાબાદ વગેરે ગામોમાં રાજ્યની વાડીઓમાં વવરાવ્યા. ધીરેધીરે એ ફળની પ્રતિષ્ઠા આસપાસ ફેલાઈને એનાં વાવેતર વધ્યાં.

જૂનાગઢ રાજ્યમાં પણ એની સુવાસ પ્રસરી અને રાજ્યના ખાહોશ ને અનુભવી ગાર્ડન સુપરિન્ટેન્ડેન્ટ સ્વ. શ્રી આયંગરે ગિરનાર પાસે દુધેશ્વરનું જંગલ સાફ કરાવી, માંગરોળથી ખાસ કલમો મંગાવી 'સાલેભાઈની આંબડી'નું વાવેતર કરાવ્યું. અહીંની લાલચટક જમીન અને પાણીની છત તથા ગિરનારી હવા એને અત્યંત માફક આવતાં એ આંબડીના અસલ લીલાશ પડતા રંગ પર પીળાશ ફોરી અને અંદરનો ગર કેસરી બન્યો; અને શ્રી આયંગરે એ પરથી આ અનોખી જાતને 'કેસર' નામ આપ્યું. 'સાલેભાઈની આંબડી' આમ 'કેસર' બની. કેસરના નામથી બજારમાં પણ એની માગ વધી ને સારા ભાવ ઊપજવા લાગ્યા. આજે સૌરાષ્ટ્રમાં ગુજરાતની હાફુસ કરતાં કેસરનું માન ઘણું વધુ છે. સૌરાષ્ટ્રનું અલગ એકમ હતું ત્યારે ઈ. ૧૯૫૫માં મુંબાઈમાં પશ્ચિમ વિભાગની કેરીઓના પ્રદર્શનમાં જૂનાગઢના બાગાયાત ખાતા તરફથી રજૂ થએલી 'કેસર'ને સુવર્ણચંદ્રક મળેલો. સ્વ. પં. નેહરુ પણ કેસરના પ્રશંસક હતા અને રશિયા ગયા ત્યારે ત્યારના ત્યાંના વડા પ્રધાન નિકિતા ક્રુશ્ચેવને ભેટ આપવા સૌરાષ્ટ્રમાંથી ખાસ મંગાવીને આ 'કેસર' સાથે લઈ ગએલા.

ક્ષાર રહિત અને પાણીના નિતારવાળી લાલ જમીન આ કેસરના વાવેતર માટે બહુ અનુકૂળ રહે છે. અતિ ચીકણી કાળી જમીનમાં એનાં વિકાસવર્ધન થઈ શકતાં નથી. કલમની રોપણી પછી પવનથી એને રક્ષણ આપવું પડે છે. એ માટે, વિસ્તૃત વાવેતર હોય તો, આઠ આઠ ફૂટને અંતરે દેશી સરુનાં ઝાડ રોપી પવન રોકવામાં આવે છે. અગથિયાને પણ અઢી-અઢી ફૂટને અંતરે વાવીને આવી આડશ કરી શકાય છે. જ્યારે એકલદોકલ વાવેતર માટે કંતાનના પરદા બાંધી લેવાય છે.

કલમોના વિસ્તૃત વાવેતર માટે ૩૦-૪૦ ફૂટના અંતરે એકાદ વાર પહોળા ને એટલા જ ઊંડા ખાડા કરી તળિયે અરધી ટોપલી હાડકાંના ટુકડા નાખી ઉનાળે એને તપવા દેવાય છે. ચોમાસું નજીક આવતાં બે ભાગ લાલ માટી કે નદીનો કાંપ, એક ભાગ રેતી, ને એક ભાગ ગળતિયું ખાતર નાખી એ ખાડા પુરાય છે. પાણી આપવા માટે અગાઉથી જ ધોરિયા કરી રાખવા ઉચિત છે. ઘણા ખેડૂતો આવા ધોરિયા ખાડા-ખામણાંમાંથી જ પસાર થાય તેમ ગોઠવે છે, પણ એ રીત ભૂલ ભરેલી છે. ખરી રીતે ખામણાંથી ત્રણેક ફૂટ દૂરથી ધોરિયો વળે એ યોગ્ય છે. એ રીતે દરેક ખામણાને ધોરિયામાંથી વાળીને જોઈતું પાણી આપવું વાજબી છે. આ માટીમિશ્રણ ભરેલા ખાડાને ચોમાસું બેસતાં પહેલાં અઠવાડિયામાં બે વાર પાણી આપવું. આંથી માટીમિશ્રણ જેટલું બેસવાનું હશે એટલું બેસી જશે અને તેમાં ઊગી નીકળતો નેક ઊગી જશે. કલમ રોપતાં પહેલાં એ નેક ખરપી લેવો જરૂરી છે.

કલમો માટે યોગ્ય અને વિશ્વાસપાત્ર નર્સરી સાથે અગાઉથી જ



▷ કેસર કેરીનો ફાલ

નક્કી કરી રાખ્યું હોય તો સમય આવ્યે સારી કલમો મેળવી શકાય. માંગરોળની અમૃતબાગ નર્સરી, શારદાગ્રામની નર્સરી કે રાજકોટના ડૉ. કેશુભાઈની નર્સરીમાંથી કેસરની સારી કલમો મળી શકે છે. એકથી બે વર્ષના રોપા પર બાંધેલી, આંગળા જેટલી જાડી અને કુમળી તથા ઉપરથી ત્રણેક ડાળના ફૂટવાળી કલમ પસંદ કરવી. કલમના સાંધા ઉપરનો મૂળ રોપનો ભાગ કપાએલો હોય તેની ખાસ ખાતરી કરી લેવી. કેટલીક નર્સરીવાળા અસલ રોપ પરની ડાળીઓ દેખાવ ખાતર રાખી મૂકે છે. આવી કલમ રોપતાં એ અસલ રોપ જ વધીને વૃક્ષ થાય છે ને ઊતરતી કક્ષાની કેરી નીપજે છે.


ચોમાસાનો આરંભ થતાં કલમો લાવી. છાંયડે રાખવી, ને જરૂર લાગે તો પાણી પણ આપવું. રોપણી હમેશાં સાંજે જ કરવી. રોપતાં પહેલાં જે કુંડામાં કલમ હોય તો કૂંડું હળવે હાથે ભાંગી ઠીકરાં કાઢી નાખવાં અને વાવવા માટે તૈયાર રાખેલા ખાડામાંથી કલમનો સાંધો જમીનથી અધ્ધર બહાર રહે એટલી માટી ખસેડી તેમાં રોપનું થડિયું સીધું રહે એમ કલમ રોપવી અને માટી પૂરી દેવી. કલમને ટટ્ટાર રાખવા બાજુમાં એકાદ સળિયો ખોડી તેની સાથે કલમને ઢીલી દોરીએ બાંધી દેવી. (લાકડાનો ટેકો સડી જાય છે કે એને ઊધઈ લાગે છે.) આટલું કરી કલમને પાણી આપવું.

આ પછી જરૂર મુજબ રોજ સાંજે પાણી પાવું. દર અઠવાડિયે ખામણાં ખરપવાં ને દર પખવાડિયે આંબાને પાણી છાંટી ધોતા રહેવાથી એની તંદુરસ્તી જળવાય છે. આ પછી દર વર્ષે નીચે દર્શાવેલા પ્રમાણમાં ખાતર આપવાથી આંબાનું વર્ધન સારી રીતે થાય છે–

વર્ષની	છાણિયું ખાતર	હાડકાનો ભૂકો	એરંડીનો ખોળ	લાકડાની રાખ
૧ કલમને	૩૦ રતલ	૨ રતલ	૨ રતલ	૧૦ રતલ
૨ ,,	૪૦	૪	૪	૧૫
૩ ,,	૬૦	૬	૬	૨૦
૪ ,,	૮૦	૧૦	૧૦	૨૫
૫ ,,	૧૦૦	૧૨	૧૨	૩૫

કલમ બરાબર બેસી ગઈ હશે તો શિયાળાની શરૂઆતમાં એને મોર આવશે. પણ આરંભનાં ત્રણેક વર્ષે એ મોર કાઢી નાખવો, એથી રોપ મજબૂત થશે અને વધુ વિસ્તરશે. ઝાડ મોટું થતાં એને દર વર્ષે ખામણાં ફરતી પાળ કરી, તેમાં ચર કરીને ૧૦૦ રતલ છાણિયું ખાતર, ૪ રતલ એરંડીનો ખોળ, ૧૦ રતલ હાડકાંનો ભૂકો ને ૨૦ રતલ લાકડાની રાખ તથા ૨ રતલ ઍમોનિયમ સલ્ફેટ આપતાં રહેવાથી આંબાની તંદુરસ્તી જળવાઈને તેની ઉત્પાદન શક્તિ વધશે. કેટલીક વાર શિયાળામાં ફૂટેલા મોરને 'મધિયો' લાગતાં મોર કાળો પડી ખરી જાય છે. આ માટે મોર ફૂટવાના આરંભમાં ગંધક પાઉડર કે તાતા ફાઈઝરનું 'મૅન્ગો સ્પ્રે' છાંટવાથી એનું રક્ષણ થશે.

(અનુસંધાન પૃ. ૧૧૫)



ભારતનાં પાંચ પવિત્ર વૃક્ષોમાંનું એક અને સૌથી વિશાળ આ વૃક્ષ પહાડી પ્રદેશ સિવાય દેશમાં બધે જ જાણીતું છે. એની લાંબે સુધી ફેલાતી આડી શાખાઓમાંથી લટકતી વડવાઈઓ જમીનમાં રોપાતી જઈ વડનો વિસ્તાર એની નીચે હજારો માણસો સમાઈ શકે એટલો, વીઘાઓ સુધી વિસ્તરે છે. કલકત્તાના બૉટૅનિકલ ગાર્ડનમાંનો બે સદી જૂનો વડ, મધ્યપ્રદેશમાં 'બડચિચોલી'નો વડ, કમતૌલા (બિહાર)નો વડ, ભરૂચ પાસેનો 'કબીર'વડ વગેરે એની વિશાળતાને લીધે વિખ્યાત છે.

એનાં પહોળાં લંબગોળ પાન ને લાલચટક ખટમીઠા ટેટા પણ બહુ પરિચિત છે. પણ આ ટેટા એ ખરી રીતે એનું ફળ નથી. હકીકતે એ સંખ્યાબંધ ફૂલ અને ખસખસના દાણા જેવાં બીજને સમાવતી કોથળી છે. એની અંદર અનેક જીવાત પણ હોય છે. આ ટેટા ખાઈને પક્ષીઓએ કરેલી હગારમાં નીકળેલાં બીજ જ્યાં રોપાય ત્યાં વધુ જલદી ઊગી નીકળે છે. એટલે જ દીવાલની ફાટ, ખંડેર વગેરેમાં વડ ઊગેલો જોવા મળે છે.

ગામને પાદર લોકમિલનનું, વટેમાર્ગુ માટે શીળી છાયાનું, ઉનાળામાં એના ટેટા પાકે ત્યારે પંખીઓના આશ્રયનું આ વૃક્ષ ઢોરબકરાંના ચારા માટે અને એના દૂધ જેવા રસના અનેક ઔષધીય ગુણોને કારણે અનેક રીતે ઉપયોગી હોઈ તેની પૂજા અજાણ નથી.

વડનું દૂધ અને દાતણ દાંતની મજબૂતી ને રોગનિવારણ માટે ઉત્તમ ગણાય છે. એની છાલનો અર્ક મધુમેહમાં અપાય છે. એનાં પાનનું બધાણ ગૂમડું પકવવામાં અને એનું દૂધ ચારાં રૂઝવવામાં વપરાય છે.

એક માત્ર એનું લાકડું, રેસા અને છિદ્રાળુતાને કારણે નકામું છે. બળતણ તરીકે પણ એ યોગ્ય નથી. □



આવું કરો

અહીં હું વિરમું હવે સકલ પૃથ્વીને આવરી
વિરાટ્ ગરુડ શો પ્રલંબ મુજ પાંખ આ વિસ્તરું,
વટાવી ક્ષિતિજો સુદૂર દિક્પ્રાન્તને સ્પર્શતો;
ધરાતલથી ઊર્ધ્વ-દેહ ગિરિઅગ્ર ઉત્તુંગ શો
હવે ગગનમેર ચંચુ મુજ હું વિકાસી રહું,
અહો ગગનશાયિ! આવ મુજ પૃષ્ઠ આસીન થા,
મને વહન સોંપી તારું જયસિદ્ધિમાં લીન થા! –સુન્દરમ્

એક પંગુ સ્ત્રીનો પુરુષાર્થ

'એમ ન ધારશો કે મારી કથની વિષે હું દેખાડો કરું છું. મારા માટે પણ આ માન્યામાં ન આવે એવી અદ્‌ભુત વાત છે. રોજ સવારે જાગું છું ને મને થાય છે કે, એક વધુ દિવસ પસાર થઈ ગયો અને મેં એના પર વિજય મેળવ્યો છે.'

શારીરિક પંગુતાનાં કારણોથી પેદા થએલી અકલ્પ્ય અને અસંખ્ય મુશ્કેલીઓ તથા એના પરિણામે ઊપજતી હતાશા, તનાવ ને રંજ–ઓ–ગમને અતિક્રમી ગએલી બ્રિટનની એક યુવતી જૉન ડ્રાઈવરના આ શબ્દો છે. હજી તો એ ત્રીસીમાં છે. એની યાતનાની ગાથા જેટલી કરુણ છે એટલી જ રોમહર્ષક છે, જેટલી રસપ્રદ છે એટલી જ પ્રેરક.

પુરુષાર્થ અને પરિશ્રમના પ્રતીક રૂપે સામાન્યતઃ પુરુષને જ માન્યતા મળે છે. પ્રતિકૂળતાઓને સ્વીકારી લઈ આપત્તિઓને પણ વિવશ કરનારી સ્ત્રીઓમાં હેલન કેલર પછી બહુ ઓછા સ્ત્રીઓનાં નામ જ્ઞાત છે. એ અલ્પજ્ઞાત સ્ત્રી-પુરુષાર્થીઓમાં જૉન ડ્રાઈવરને અગ્રિમ ગણી શકાય.

અઢારેક વર્ષ પૂર્વે ક્રીનિયામાં એક તળાવમાં ડૂબકી મારવા જતાં એની ડોક ભાંગી ગઈ. દસ અઠવાડિયાં એણે ઇસ્પિતાલમાં છત સામે તાકી રહેવામાં જ કાઢ્યા, કેમ કે એને માથું હલાવવાની યે છૂટ નહોતી. આ પછી એને ઇંગ્લૅંડ લઈ આવીને ત્યાંની સ્ટૉક માન્ડેવિલેની ઑસ્પિટલમાં દાખલ કરવામાં આવી.

એના મનમાં હતું કે આ ઑસ્પિટલમાં કંઈક ઑપરેશન જેવું થશે ને પછી બધું બરાબર થઈ રહેશે. પણ દાક્તરોએ એની આશા પર પાણી ફેરવી દીધું. એના માટે હવે કંઈ જ થઈ શકે તેમ નહોતું. ઇસ્પિતાલમાં બીજાં દુખિયાંઓને જોઈ જોઈ ને એણે એ અસહ્ય આઘાતને જીરવવાનું સામર્થ્ય કેળવ્યું. આનો અર્થ એ નથી કે ભયંકર નિરાશા અને ભવિષ્યની કોરી ખાતી ચિંતાથી એ વિમુક્ત રહી શકી હતી. અઢી અઢી વર્ષ સુધી એ સ્ટૉકની ઑસ્પિટલમાં રહી દૈહિક વાસ્તવિકતા સાથે કામ પાડવા મથી રહી. એમ કરતાં પૈડાંવાળી ખુરશીમાં બેસવા જતાં એ એક પગ ને એક હાથ પણ ભાંગી બેઠી. ત્યારે એને એમ થઈ ગયું કે આમાંથી હવે પોતે કદાપિ બહાર નીકળી નહિ શકે. બે વર્ષ માટે વચ્ચે એ ફરી ક્રીનિયા પણ જઈ આવી, પણ ત્યાંની અન્ય અનેક મુશ્કેલીઓને કારણે એમનું કુટુંબ બ્રિટન પાછું ફર્યું. ઓછામાં પૂરું એનાં માતાપિતાએ છૂટાછેડા લીધા.



હવે જૉને ક્યાં રહેવું? કોની સાથે જવું? કઈ રીતે જીવવું? પણ ગમે તેમ કરીને એ 'ચેશાયર હોમ'માં પહોંચી. આ જગ્યા એનાં જેવાં માટે ખોટી નહોતી પણ અંતે તો એ એક પરોપકારી સંસ્થા હતી, એના પર અવલંબી રહેવાને બદલે ગમે તે કામ મેળવી એણે પોતાના પગ પર ઊભા રહી સ્વમાનભેર જીવવાના મનસૂબા ઘડવા માંડ્યા.

પણ આવી પંગુતા સાથે સ્વતંત્ર જીવન જીવવાના એના ખયાલને અવ્યવહારુ ગલત ને બેવકૂફીભર્યા ગણી કોઈ એને પ્રોત્સાહિત કરવાની પણ હિંમત બતાવી શકે તેમ નહોતું. એ પોતે જ કહે છે: 'જિંદગીભર આ સંજોગોમાંથી હું

આ માસના આકાશમાં] ૩ [માર્ચ-એપ્રિલ



આકાશનાં અતિખ્યાત તારામંડળોમાં મૃગમંડળ (ઓરાયન) એક મુખ્ય તારામંડળ છે. એક કથા છે કે પ્રજાપતિના નૈતિક સ્ખલનથી કોપિત દેવોએ પશુયાન, રાક્ષસ ઉત્પન્ન કર્યો. પ્રજાપતિએ હરણીનું રૂપ લઈ નાસવા પ્રયાસ કર્યો, પણ પશુયાને ત્રિખંડ બાણથી એનો વધ કર્યો. એ હરણી તે આ 'મૃગમંડળ' ને એનો શિકારી તે 'વ્યાધ'. આ મૃગ (તારામંડળ)માં મૃગશીર્ષ, મૃગપુચ્છ તથા બાણના તારા જાણીતા છે. તેમાં યે 'વ્યાધ' તો આકાશમાં સૌથી વધુ તેજસ્વી તારો હોઈ વિખ્યાત છે જ.

આ તારામંડળમાં પ્રજાપતિની માનવસદશ આકૃતિ કલ્પીને બાણના તારાને એનું ઉપવિત ગણવામાં પણ આવે છે. ગ્રીક પુરાણના એક સુંદર, ભીમકાય શક્તિશાળી શિકારીને પશ્ચિમના દેશોએ આ તારામંડળમાં ગોઠવ્યો છે. એમના મતે બાણના તારા એ એનો કમરબંધ અને મૃગપુચ્છના તારા એની કટાર છે. પણ આ કલ્પનાઓ છોડી આપણે આગળ જોઈએ.

મૃગમંડળમાં 'મૃગશીર્ષ' નક્ષત્ર છે. ૨૭ ચાંદ્ર નક્ષત્રોમાંનું એ પાંચમું નક્ષત્ર, અને એની બાજુમાં 'આર્દ્રા' એ છઠ્ઠું. મૃગશીર્ષના પૂર્વાર્ધમાં 'વૃષભ' રાશિ ને અપરાર્ધમાં 'મિથુન' રાશિની ગણના થાય છે. વેદકાળમાં આ મૃગશીર્ષ નક્ષત્રમાં વસંતસંપાત થતો હતો, જે હવે ઉત્તરા ભાદ્રપદા નક્ષત્રમાં થાય છે. બંને નક્ષત્રો વચ્ચે ૮૩ અંશનું અંતર છે. સંપાતના એક અંશ જેટલા સ્થળાંતરને ૭૨ વર્ષ લાગે છે. એ રીતે ૮૩×૭૨=૫૯૭૬ વર્ષ થાય. આ ગણ તરી કરી લોકમાન્ય ટિળકે વેદકાળને ઈ. પૂર્વે ૪૦૦૦ વર્ષ પહેલાંનો સમય ઠેરવ્યો છે.

વેદકાળમાં વસંતસંપાતથી વર્ષારંભ ગણાતો. એટલે મૃગશીર્ષ પરથી માગશર માસ તરીકે ઓળખાતા એ કાળના વર્ષના પહેલા આ માસને 'અગ્રહાયન' કહેતા. એ અગ્ર માસ હોઈ શ્રીકૃષ્ણે પણ ગીતામાં કહ્યું, 'માસોમાં માર્ગશીર્ષ હું'. વસંતસંપાતથી વર્ષારંભની ગણના પ્રાચીન ગ્રીસ અને જર્મનીમાં પણ પ્રચલિત હતી. એક કાળે ઉત્તર ધ્રુવપ્રદેશમાં વસતી આર્ય પ્રજા ત્યાંના વધુ ને વધુ શીત થતા હવામાનને કારણે દક્ષિણ તરફ ખસતી જઈ ભારત ઉપરાંત ગ્રીસ અને જર્મની બાજુ પણ વહેંચાઈ ગઈ હોવાની માન્યતાને પણ ટેકા મળી આવ્યા છે.

મૃગશીર્ષ પછીના આર્દ્રા નક્ષત્રમાં ૨૧મી જૂનથી ૫મી જુલાઈ દરમિયાન સૂર્ય પ્રવેશે ત્યારે વરસાદ થાય છે, એ પરથી એ નક્ષત્રને આર્દ્રા કહ્યું છે. એક ભડલી વાક્ય છે કે, 'આર્દ્રા વરસે નહિ, મૃગશર પવન ન હોય; ભડલી કહે એ જાણજે, બરખા બુંદ ન હોય.' આર્દ્રાનો વરસાદ ખેડૂતોને બહુ ઉત્સાહિત કરી દે છે. એમાં જો વાવણી થાય તો મગફળીનો ઘણો સારો પાક ઊતરે એમ મનાય છે. જ્યોતિષીઓ કહે છે કે મૃગશીર્ષમાં જન્મેલો જાતક મૃગાક્ષી, અતિબળવાન, સુંદર કપાળવાળો, સાહસી, સ્થિરપ્રકૃતિ, અલ્પધન અને બહુ મિત્ર-પુત્રવાળો થાય છે. □

બહાર નહિ આવી શકું એ ખયાલથી લાગણીની દૃષ્ટિએ હું ઊંડે ને ઊંડે ઊતરતી ચાલી. જાણે ધીરે ધીરે મારો સર્વનાશ ઘેરાઈ રહ્યો છે એમ જ મને લાગ્યા કરતું હતું.'

છેવટે એવું ગોઠવવામાં આવ્યું કે 'ઔદ્યોગિક પુનર્વ્યવસ્થા અને વસવાટના ઘટક' પર આઠ અઠવાડિયાં જઈને એ પોતાની સહનશક્તિ અને ક્ષમતાનું મૂલ્યાંકન કરાવી જુએ. આ પણ ઘણું કપરું હતું એ માટે 'ચેશાયર હોમ'ના સ્થળેથી એને રોજ નવ માઈલ દૂર જવાનું હતું. સમયસર એ ત્યાં પહોંચવા અંગે જૉન સિવાય બધાં જ સાશંક હતાં. પણ એણે એ કસોટી પસાર કરીને છ સપ્તાહમાં જ 'નોકરી કરી શકવાને પાત્ર' હોવાનું પ્રમાણપત્ર મેળવ્યું!

અને પછી શ્વાસ ખાવાનો યે વિચાર કર્યા વિના એણે નોકરીની સતત ખોજ આદરી. દરમિયાન એની આંતરિક વિચાર-સંકલ્પ શક્તિનો ચમત્કાર ગણો કે દૈવી મદદ માનો, આ પંગુ સ્ત્રીને જ્યાં કેવળ સ્વમાનભેર જાતમહેનત કરી જીવતા પંગુજનોને જ પ્રવેશ અપાય છે એ નાનકડી એવી સેન્ટ ગાઈલ્સ હાઉસિંગ સોસાયટીમાં વસવાટ માટે એક સ્વતંત્ર ઘર મળી ગયું. લંડનની આ અદ્વિતીય વસાહતમાં પંગુજનોની વ્હીલચેર સરળતાથી આવજા કરી શકે એવાં માર્ગ અને ઘરો છે.

અહીં રહેવા આવ્યા પછી પણ નોકરીની તલાશમાં એને બહુધા આશ્વાસન અને મુરબ્બીવટ ભરી સલાહના શબ્દો જ સાંભળવા મળતા. અપંગોને કામે લગાડી આપવાના ઘટકના અધિકારીના પ્રયાસોના સાથ છતાં, અને પૈડાંખુરશીની મદદથી પોતે ટેલિફોન-ગર્લ તરીકે કામ કરી શકે તેમ હોવા છતાં જૉનની અપંગતાની કથા સાંભળ્યા પછી એને એ સ્થાને પણ નોકરી મળી શકી નહિ. અરે એની વીતક સાંભળીને પણ ઘણા તો હબકી જતા હતા. પણ છેવટ એને કામ મળ્યું, એટલું જ નહિ, એને કામે રાખનારાઓએ જૉનને ખાતર દફતરના સંડાસનું બારણું અલગ કરવા તથા ઘેરથી એને મોટરમાં બેસાડવા અને સાંજે પાછી મોટરમાંથી ઘરમાં વ્હીલચેરમાં બેસાડી જવાની પણ સગવડ કરી આપી. સમાજે આપેલી સગવડો અને સલામતીના અવલંબન પર પડી રહેવાને બદલે જાતમહેનત કરી જીવનયાત્રાએ નીકળનાર સ્ત્રીના સાહસોનાં કેટલાં પાસાં હોઈ શકે છે!

બરાબર સાડા છ વાગ્યે જૉન ઊઠી જાય છે. નિત્યકર્મથી પરવારી પોતાને ગમતાં 'ટાઈટ્સ' જેવાં વસ્ત્રો પહેરી કામે જવા માટે તૈયાર થવામાં જૉનને પૂરા બે કલાક લાગે છે. એ કહે છે: 'મારા જડ શરીરને ઊંચકીને ખસેડવાનું બધું જ કામ કેવળ હાથ અને ખભાની સહાયથી જ કરવાનું હોઈ ઘણું દુષ્કર છે.' સ્નાયુઓની કાર્યશીલતાના અભાવે શરીરની હરફરના કોયડા એને બહુ પજવે એ સ્પષ્ટ છે. નહાવા બેસવા માટે ઊંચકીને ટબમાં મૂકવા એને ખાસ પ્રકારનું વીજળિક સાધન વાપરવું પડે છે.

આખો દિવસ નોકરી કરવા દરમિયાન જૉન બપોરે રીસેસમાં સૅન્ડવિચથી ચલાવી લે છે. સાંજે જાતે મોટર હાંકી સાત પહેલાં ઘેર આવી જઈ એ ઘરકામની ચક્કીમાં જોતરાઈ જાય છે. રજાના દિવસે ખરીદી માટે પણ એ જાતે જાય છે. લોકોને મળવાનું ને જાતભાતની વાતો કરવાનું અને ખાસ તો હસતે મોંએ જીવવાનું એને ગમે છે. ખભાથી નીચેના એનાં બધા અંગો લગભગ નિષ્ક્રિય બની ગએલાં છે. સંવેદનશૂન્ય બની ગએલા

'કુમાર'નાં વાર્ષિક અને ચાલુ પારિતોષિકોનો નિર્ણય


પારિતોષિક	શા માટે	કોને	નિર્ણાયકો
 ઈ. ૧૯૭૨નો 'કુમાર'-ચન્દ્રક	વર્ષભરની કૃતિઓમાં શ્રેષ્ઠ પ્રદાન માટેનો; એમની લેખમાળા 'અંગ્રેજી સાહિત્યનું આચમન' માટે	 ડૉ. મધુસૂદન પારેખને	સર્વશ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી અનંતરાય રાવળ યશવંત શુક્લ
'કુમાર' તરફથી રૂ. ૩૦નું પારિતોષિક	ઈ. ૧૯૭૨ના વર્ષની શ્રેષ્ઠ વાર્તા માટેનું : બે લઘુકથાઓને સરખે ભાગે 'પુનર્લગ્ન' માટે 'કિટ્ટા' માટે	રતિલાલ બોરીસાગરને અશ્વિન વસાવડાને	શ્રી અનંતરાય રાવળ અને 'કુમાર'ના તંત્રી
'એક લેખક' તરફથી રૂ. ૩૦નું પારિતોષિક	ઈ. ૧૯૭૨ના શ્રેષ્ઠ કાવ્ય માટે	પ્રિયકાન્ત મણિયારને 'સવાર' માટે	પ્રો. રમણલાલ શાહ અને શ્રી રાજેન્દ્ર શાહ
હરિઃ ૐ આશ્રમ નડિયાદ તરફથી રૂ. ૫૦નું માસિક પારિતોષિક	ગયા માસ (ફેબ્રુઆરી)માં આવેલા અશફાકઉલ્લાખાંના જીવનચરિત્ર માટે	મનહર ડી. શાહ અને રવીન્દ્ર અંધારિયાને	'કુમાર'ના તંત્રી
હરિઃ ૐ આશ્રમ નડિયાદ તરફથી રૂ. ૫૦નું પારિતોષિક	ડિસેમ્બર ૧૯૭૨ અંકમાં આવેલા શ્રેષ્ઠ અપ્રકટ ચિત્ર 'રોકી પાડયાં વાટવાટમાં' માટે	કલાકાર સોમાલાલ શાહને	'કુમાર'ના તંત્રી

એના હાથપગ કેવળ સાઠ ટકા જેટલું જ કામ આપી શકે છે. પણ પોતાની આપવીતી એ એટલી સહજતાથી ને સરળતાથી વર્ણવે છે કે જાણે એ કોઈ બીજી વ્યક્તિ અંગે જ વાત કરી રહી હોય!

અશક્ત અને એ પણ એક સ્ત્રીની આ શક્તિ આશ્ચર્યજનક નથી? છે તો એ પણ શેરીમાંની, સૌમાંની, સૌ જેવી સામાન્ય સ્ત્રી, પણ એની તિતિક્ષા અને સહનશીલતા અસામાન્ય છે. —રાધેશ્યામ શર્મા

ચલણી નોટનું અવનવું

કાગળ-નાણાનો પહેલો પ્રયોગ ઈ. સ. પૂર્વે ૧૧૯માં ચીનમાં થયો મનાય છે, પછી ઈ. સ.ની ૭મી સદીના ત્યાંગ વંશથી તો તેનો વપરાશ જાણીતો છે. યુરોપમાં સ્વીડનમાં સ્ટૉકહોમ્સ બૅન્કોએ ઈ. ૧૬૬૧ના જુલાઈમાં પહેલી કરન્સી નોટ બહાર પાડી. ઈ. ૧૬૯૨ના ડિસેમ્બરની છઠ્ઠી તારીખની એક નોટ આજે જૂનામાં જૂની સંઘરાએલી નોટ છે.



બૅન્ક ઑવ ઈંગ્લૅંડની જૂનામાં જૂની સંઘરાએલી નોટ ૫૫૫ પાઉન્ડની ૧૯મી ડિસેમ્બરની ૧૬૯૯ની છે. એનું કદ ૪ા×૭ા ઈંચનું છે.

ચીનની 'ધી ચેકાઇંગ પ્રૉવિન્શીઅલ બૅન્કે' નાનામાં નાની, એટલે કે માત્ર ૫૫ મિ. મી (૨·૧૬")×૩૦ મિ. મી (૧·૧૮")ના કદની ૫ સેન્ટની કિંમતની કાઢી હતી. તો ચીનના મિંગ વંશની ઈ. ૧૩૬૮–'૯૯ના ગાળાની ૯×૧૩ ઈંચના કદની નોટો કદાચ મોટામાં મોટી ગણી શકાય.

કાગળ-નાણામાં ભારેમાં ભારે કિંમતની નોટ યુનાઈટેડ સ્ટેટ્સના ગોલ્ડ સર્ટિફિકેટને ગણી શકાય. એની કિંમત ૧,૦૦,૦૦૦ ડૉલરની હતી. એના પર પ્રેસિડન્ટ ટૉમસ વૂડરો વિલ્સનની છબિ હતી. ઈ. ૧૯૩૪માં યુ. એસ. ટ્રેઝરીએ એ બહાર પાડેલી. ૫૦,૦૦,૦૦,૦૦૦ (પચાસ કરોડ) ડૉલરની નોટનો એક નમૂનો પણ ત્યાં છે. એની સાથે ૧૪ વર્ષ સુધીના ૬ા ટકાના દરે છ માસિક વ્યાજની કૂપનો પણ સાંકળેલી છે.

ધી યુ. એસ. ફેડરેલ રીઝર્વ બૅન્કની ૧૦,૦૦૦ ડૉલરની નોટ વર્તમાન કાળની મોટામાં મોટી કિંમતની નોટ ગણાય છે.

ઈ. ૧૯૪૧ની આખરે એ ૪૬૦૦ની સંખ્યામાં વ્યવહારમાં હતી તે ઈ. ૧૯૬૭ના જૂનની આખરે ઘટીને કેવળ ૩૯૪ની સંખ્યાએ પહોંચી હતી. પણ પછી વધીને ૧૯૬૯ના માર્ચ સુધીમાં તે ૧૯૦૦ની સંખ્યાએ પહોંચેલી. ૧૯૪૪ના જુલાઈ પછી એ ફરી છપાઈ નથી. ૧૯૬૯ની ૧૫મી જુલાઈએ ટ્રેઝરીએ હવે ૧૦૦ ડૉલરથી વધુ કિંમતની નોટ બંધ કરી છે.

બૅન્ક ઑવ ઇંગ્લૅંડની ૧૦,૦૦,૦૦૦ પાઉન્ડની બે નોટ હજી પણ હયાત છે. ઈ. ૧૮૧૨ પહેલાંની એ છે અને માત્ર આંતરિક હિસાબો પૂરતી જ વપરાઈ છે. 'જે. આર્થર રૅન્ક' નામની ફિલ્મકંપનીએ પોતાની એક વિખ્યાત ફિલ્મ 'ધી મિલિયન પાઉન્ડ નોટ'ની જાહેરાત અર્થે ઈ. ૧૯૫૪માં એ 'મિલિયન પાઉન્ડ નોટ'ની નકલો છાપેલી જેના પર ૧૯૦૩-ની ૨૦મી જૂનની તારીખ મૂકી હતી.

ઇંગ્લૅન્ડમાં વધુમાં વધુ કિંમતની નોટ ૧૭૨૫માં પહેલી વાર છપાએલી ૧૦૦૦ પાઉન્ડની હતી. ૧૯૪૩માં એનો ઉપયોગ બંધ કરાવી ૧૯૪૫માં એ પાછી ખેંચી લેવાઈ હતી. એમાં ૧૯૬૮ના જુલાઈ સુધીમાં ૬૩ નોટોની ઘટ જાણવા મળી હતી. આ પછી તો એને વિષેની કોઈ માહિતી બૅન્કે પણ પ્રકટ કરી નથી. ત્યાર બાદ ૧૦ પાઉન્ડથી વધુ કિંમતની નોટ બૅન્ક ઑવ ઇંગ્લૅન્ડે બહાર પાડી નથી. જો કે સ્કોટિશ બૅન્કોએ ૧૦૦ પા.ની નોટ બહાર પાડેલી છે.

કેસર (અનુસંધાન પૃ. ૧૧૧થી) ફળ બેસવા માંડે છે ત્યારે એ બેથી ચારનાં ઝૂમખાંમાં બેસે છે. પવનથી ખરી પડતી કાચી કેરીઓ રોજિંદા વપરાશમાં કામ લાગી જાય છે. પણ અથાણાં માટે કેસર વપરાતી નથી.

કેસરનો આકાર કંઈક લાંબો હોય છે. લાલ માટીની જમીન હોય તો દીંટ પાસે એનો રંગ સુરખી પકડે છે. વૈશાખી પૂનમ પછી એટલે મે માસમાં એની ખાવાની ઋતુ શરૂ થાય છે, જે દોઢેક મહિનો ચાલે છે. વરસાદના આરંભ પછી ઊતરતી કેરી ટકી શકતી નથી. શાખ પડવા માંડે ત્યારે આંબો વેડવાનો સમય થયો સમજવો. વેડતી વખતે દાંડલી સહિત ઉતારેલી કેરીને દીંટ પર ચીકાશ લાગતી નથી ને તેની સુંદરતા જળવાઈ રહે છે. આ રીતે ઉતારેલી કેરી દાંડી સહિત ટોપલામાં ઘાસ પાથરી તેના પર દાબે નખાય છે. જ્યાં એ ખાવા યોગ્ય પ્રમાણમાં પરિપક્વ થાય છે. પાકી કેરી લાલ સુરખી સાથે આછી પીળી થાય છે, ને અંદરનો ગર કેસરી. રેસા વિનાના એ ગરનો સ્વાદ એ જ તો કેસરની અદ્વિતીયતા છે. પાકયા પછી કેસર વધુ દિવસ ટકતી નથી. પાકી કેરી હૃદયને શક્તિ આપે છે, શરીરનો વાન સુધારે છે અને પિત્ત તથા વાયુ મટાડે છે. દૂધ સાથે લેવાથી વજન વધે છે. હાફુસની સરખામણીમાં કેસરની મોસમ ટૂંકી છે. પણ એ દરમિયાન 'કૅનિંગ' દ્વારા એને સંઘરી લીધી હોય તો બારે માસ એનો લાભ લઈ શકાય. વેપારી ધોરણે આ દિશામાં હજી ઘણી તક છે.

સુવર્ણજયંતી વર્ષનાં ચન્દ્રક-પારિતોષિકો

લેખકો-ચિત્રકારો-ફોટોગ્રાફરોને નિમંત્રણ

'કુમાર'ના કનકપર્વ અંગે કુલ નીચે મુજબના ચન્દ્રકો તથા પારિતોષિકો આપવામાં આવનાર છે.

૧) **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ સુવર્ણચન્દ્રક**: ૬૦૦મા અંકમાં શ્રેષ્ઠ સાહિત્ય-સર્જન હોય તેના લેખકને

૨) **કુમાર-ચન્દ્રક**: વર્ષ દરમિયાનની શ્રેષ્ઠ કૃતિ માટે વર્ષોવર્ષ અપાતો ચન્દ્રક

૩) રૂ. ૧૦૧ **યશવંત પંડયા પારિતોષિક**: સુવર્ણજયંતી વર્ષ (૧૯૭૩) દરમિયાન પ્રકટ થનાર શ્રેષ્ઠ એકાંકી નાટિકા માટે

૪) રૂ. ૫૧ **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક–૧**: સુવર્ણજયંતી વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ ચિત્રના સર્જકને

૫) રૂ. ૫૧ **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક–૨**: સુવર્ણજયંતી વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ ગદ્યલેખના લેખકને

૬) રૂ. ૫૧ **શ્રી વિઠ્ઠલભાઈ પટેલ પારિતોષિક–૩**: સુવર્ણજયંતી વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ વાર્તાના લેખકને

૭) રૂ. ૫૦ **હરિઃૐઆશ્રમ પારિતોષિક–૧**: જીવનઘડતરમાં પ્રેરણારૂપ કોઈ પણ ચરિત્રલેખ અથવા મૌલિક વાર્તા માટે.

૮) રૂ. ૫૦ **હરિઃૐઆશ્રમ પારિતોષિક–૨**: ભારતીય સંસ્કારપરંપરાને ઉજમાળતા કોઈ પણ વ્યક્તિચિત્ર કે પ્રસંગચિત્ર માટે

૯) રૂ. ૫૦ **હરિઃૐઆશ્રમ પારિતોષિક–૩**: વાચકોની રુચિને પોષે તથા ઉન્નત કરે એવા કોઈ પણ પૂર્ણરંગી ચિત્ર માટે.

૧૦) રૂ. ૫૧ **દીક્ષિત-સ્મૃતિ પારિતોષિક**: સપ્ટેમ્બર ૧૯૭૨ થી ઑગસ્ટ ૧૯૭૩ સુધીના અંકોમાં પ્રકટ થએલા ભારતીય સંસ્કારપરંપરાને પોષક અને જીવનઘડતરમાં સહાયક થાય તેવા શ્રેષ્ઠ લેખના લેખકને

૧૧) રૂ. ૩૦ **એક લેખક તરફથી**: ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલા શ્રેષ્ઠ કાવ્ય માટે

૧૨) રૂ. ૩૦ **'કુમાર' તરફથી**: ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ પરાક્રમકથા, ડિટેકટિવવાર્તા કે વિજ્ઞાનવાર્તા માટે

૧૩) રૂ. ૩૦ **'કુમાર' તરફથી** ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી શ્રેષ્ઠ ઐતિહાસિક નવલિકા માટે

૧૪) રૂ. ૨૫ **એક સદ્‌ગૃહસ્થ તરફથી**: ઈ. ૧૯૭૩ના વર્ષ દરમિયાન પ્રકટ થએલી જીવસટોસટના સાહસ કે વિકરાળ પ્રાણીનો સામનો નિરૂપતી વાર્તા માટે

૧૫) **ફોટોહરીફાઈ પારિતોષિકો**: 'કુમાર'માં ચાલતી દ્વિમાસિક હરીફાઈમાં ઈનામ પામેલાં ચિત્રો પૈકી વર્ષભરનાં એવાં ચિત્રોમાં પહેલી, બીજી તથા ત્રીજી કક્ષા પ્રાપ્ત કરનાર કૃતિઓને અનુક્રમે રૂ. ૫૦, રૂ. ૩૦ તથા રૂ. ૨૦.

આ માસ (માર્ચ) ઈતિહાસમાં

૨ (૧૯૪૯) પોતાના કાવ્યગાનની ધારા અને કવિત્વભરી વાક્છટા વડે દેશદેશાંતરમાં 'હિંદના બુલબુલ' તરીકે વિખ્યાત તથા હિંદના સ્વાતંત્ર્ય-સંગ્રામની લડતોમાં હિંદી નારીના એક અગ્રણી પ્રતિનિધિ કવયિત્રી સરોજિની નાયડુનું અવસાન. વિદ્વાન સંસ્કારી બંગાળી બ્રાહ્મણ અઘોરનાથ ચટ્ટોપાધ્યાયને ત્યાં નિઝામ હૈદરાબાદમાં ઈ. ૧૮૭૯ની ૧૩મી ફેબ્રુઆરીએ એમનો જન્મ. ૧૧ વર્ષની વયે એમણે અંગ્રેજીમાં પોતાનું પ્રથમ



કાવ્ય લખ્યું, ૧૨મે વર્ષે મૅટ્રિક થયાં. ૧૩ની વયે ૧૩૦૦ પંક્તિનું કાવ્ય અને ૨૦૦૦ લીટીનું નાટક લખ્યું. ૧૯ની વયે મદ્રાસના ગોવિંદ રાજાલુ નાયડુ સાથે આંતરપ્રાંતીય લગ્ન કરીને એથી જાગેલા સામાજિક ખળભળાટને હિંમતથી વેઠી લીધો. 'ગોલ્ડન થ્રેશોલ્ડ', 'પોએમ્સ ઑવ લાઈફ ઍન્ડ ડેથ', 'બર્ડ ઑવ ટાઈમ' અને 'બ્રોકન વિંગ' એ એમના કાવ્યસંગ્રહો. જલિયાંવાલાના હત્યાકાંડ પછી ગાંધીજીની સ્વાતંત્ર્ય લડતોમાં એમણે સક્રિય સાથ આપેલો. પાર્લમેન્ટરી જોઈન્ટ કમિટી પાસેથી પોતાના વેધક અને પ્રેરક વક્તવ્ય વડે એમણે હિંદી સ્ત્રીઓને મતાધિકાર અપાવેલો. યુરોપ-અમેરિકાની યાત્રામાં એમણે હિંદની સ્વાતંત્ર્ય-એષણા તથા રાજકીય પરિસ્થિતિનો ખરો ખ્યાલ આપ્યો. લખનૌમાં મળેલી કૉંગ્રેસની ૪૦મી બેઠકનાં તેઓ પ્રમુખ હતાં. સ્વાતંત્ર્ય બાદ તેઓ પશ્ચિમ બંગાળનાં ગવર્નર બનેલાં.


૪ (૧૯૫૧) એશિયા ખંડની પ્રથમ ઑલિમ્પિક રમતો–'એશિયાડ'નો દિલ્હીમાં પ્રારંભ. પાકિસ્તાન સિવાય એશિયાના ૧૧ દેશોના ૫૫૦ ખેલાડીઓએ એમાં ભાગ લીધેલો. પ્રથમ સ્થાન જાપાનને અને બીજું ભારતને મળેલું. શ્રેષ્ઠ શરીર-સૌષ્ઠવ માટે ભારતના પરિમલ રૉયને 'શ્રી એશિયા–૧૯૫૧' જાહેર કરાએલા.

૯ (૧૯૨૦) ગાંધીજીએ પોતાની અસહકારની યોજનાની સૌ પહેલી જાહેરાત કરીને સ્વાતંત્ર્યની ચળવળને એક નવો જ વળાંક આપ્યો.

૧૫ (૧૯૫૧) અખિલ ભારત સંસ્કૃતિ પરિષદનો દિલ્હીમાં પ્રારંભ થયો અને એના એક ફલસ્વરૂપ ભારતીય સંસ્કૃતિ સંગમ-'ઇન્ડિયન કલ્ચરલ અકેડેમી'ની તા. ૧૮મીએ સ્થાપના થઈ.

૧૧ (૧૭૦૨) લંડનનું પ્રથમ દૈનિક વર્તમાનપત્ર 'ધ ડેઈલી કરન્ટ' ચાલુ થયું. મુંબાઈના 'બૉમ્બે ક્રૉનિકલ'નો આરંભ પણ આ જ માસની ૩જીએ ઈ. ૧૯૧૩માં થએલો.

૧૩ (૧૭૮૧) સર વિલિયમ હર્શલે 'યુરેનસ' ગ્રહની શોધ કરી. છ વર્ષ પછી એણે એના બે ચંદ્ર—'ઑબેરૉન' અને 'ટિટાનિયા' પણ શોધ્યા. યુરેનસ ત્રીજો મોટામાં મોટો અને વાયુ તથા બરફથી છવાએલો ગ્રહ છે. સૂર્ય આસપાસની તેની એક પ્રદક્ષિણા પૂરી થતાં ૮૪ વર્ષ લાગે છે. શક્તિશાળી દૂરબીનમાં આછા લીલા રંગનો દેખાય છે. મિરાન્ડા, એરિયલ, અંબ્રિયેલ, ટિટાનિયા અને ઑબેરૉન નામે એને પાંચ ચંદ્રો છે જે આપણા



ચંદ્રની માફક પૂર્વ-પશ્ચિમ આડા નહિ પણ ઉત્તર-દક્ષિણ ઊભા એની આસપાસ ફરે છે. ખુદ યૅરેનસ પણ પોતાની ધરી લગભગ એ જ રીતે ફરે છે. ઉપરના ચિત્રમાં એ દર્શાવ્યું છે. સૂર્યથી પૃથ્વી કરતાં એ વીસ ગણો દૂર છે. યુરેનસ પૃથ્વી કરતાં કદમાં ૬૪ ગણો છે, પણ વજનમાં માત્ર ૧૫ ગણો જ વધારે છે. પોતાની ધરી પર એ ૧૦/૦ાા કલાકમાં ફરી રહે છે, પણ સૂર્યની આસપાસ એક પ્રદક્ષિણા કરતાં એને ૮૪ વર્ષ લાગે છે. 'પ્લૂટો' ગ્રહની શોધ પણ આ જ માસની ૧૪મી તારીખે ઈ. ૧૯૩૦માં થએલી.

૧૯ (૧૯૫૨) કલકત્તામાં ભારતની નવી ટંકશાળનું ઉદ્‌ઘાટન થયું. એશિયાભરમાં આવી અદ્યતન આ એક જ ટંકશાળ છે.

૧૮ (૧૯૬૫) સોવિયેત એર ફોર્સ ઑફિસર લેફ. કર્નલ ઍલેક્સેઈ લીઓનૉવે પૃથ્વીથી અધ્ધર ૩૦૦ માઈલ દૂર સૌપ્રથમ અવકાશયાનની બહાર નીકળીને થોડાં ગોઠમડાં ખાઈ તથા થોડી પળ ઊંધે માથે લટકી રહ્યા બાદ કૅમેરા વડે કેટલીક છબિઓ લીધી અને અમુક વૈજ્ઞાનિક પ્રયોગો કર્યા. અવકાશમાં યાનની બહાર નીકળીને કંઈ કામગીરી કરવાનો આ સૌપ્રથમ પ્રયોગ હતો.

૨૦ (૧૬૦૨) પોર્ટુગીઝ હરીફ વેપારીઓ સામે ટકી રહેવા હિંદી-મહાસાગરના ટાપુઓમાં વેપાર ખેડવાનો પરવાનો મેળવી, ડચ ઈસ્ટ ઈંડિયા કંપની સ્થપાઈ. એનું મુખ્ય મથક જાવામાં હતું. બસો વર્ષ પછી ઈ. ૧૭૯૮માં તેને સંકેલી લેવામાં આવી.

૨૩ (૧૮૫૪) હિંદુસ્તાનમાં પહેલવહેલી વીજળી નખાઈ.

૨૬ (૧૮૩૮) ઇંગ્લૅંડની રૉયલ જીઓગ્રાફિક સોસાએટીએ ઑસ્ટ્રેલિયાના વાયવ્ય પ્રદેશની શોધસફરે મોકલેલા સર જ્યૉર્જ ગ્રેને, ત્યાંના તદ્દન અજાણ પ્રદેશની અને ગરમીની ભારે હાડમારી વેઠ્યા પછી કેટલાંક પ્રાચીન ગુફાચિત્રો મળી આવ્યાં. આફ્રિકાનાં અંધારાં ઉલેચનાર વિખ્યાત શોધ સફરી ડેવિડ લિવિંગ્સ્ટનનો જન્મ પણ આ જ માસની ૧૯મીએ ઈ. ૧૮૧૩માં થએલો. અને દક્ષિણ ધ્રુવની શોધે ગએલા કૅપ્ટન સ્કૉટનું પાછા ફરતાં ભયાનક બરફીલાં તોફાનોમાં ફસાઈ ને અવસાન પણ આ જ માસમાં ૨૯ તારીખે ઈ. ૧૯૧૨માં થએલું.

૨૮ (૧૯૪૧) ઉઝ નદીમાંથી બ્રિટિશ લેખિકા વર્જીનિયા વૂલ્ફનું શબ મળ્યું. મનાય છે કે એણે આત્મહત્યા કરેલી. પોતાની નવલકથાઓનાં પાત્રો શું કરે છે કે શું બને છે તેના બદલે શું વિચારે છે ને શું અનુભવે છે તે દર્શાવવા પ્રતિ એનો વધુ ઝોક હતો. એનું લખાણ પાત્રોના મનોવિચારોને અનુસરતું. પણ એનું પોતાનું જીવન વારંવારની માનસિક યાતનાઓથી પીડાતું હતું જેની ઉદાસીનતા એને મોત ભણી દોરી ગઇ. એનું લખાણ સમજતું ઘણું અસરળ છે.



આપમદદ વિણુ કાંઈ ન વળશે, વિના સ્વબળ નહિ ફળશે;
એક મરણિયો સૌને ભારે કાયર ક્રોડ રઝળશે.

પુસ્તકાલય પ્રવૃત્તિના જનક મોતીભાઈ અ-મીનની સેવા ને સાદગી પર મુગ્ધ થઈ શ્રી સયાજીરાવે એમને સમ્માનવાનો વિચાર કર્યો. આ વાતની ખબર પડતાં મોતીભાઈએ મહારાજાને એવું કશું ન કરવા વિનતિ મોકલી; છતાં કદરદાન સયાજીરાવે એક થેલી તો આગ્રહપૂર્વક એમને મોકલી આપી. નિર્મોહ મોતીભાઈએ તે એક શિક્ષણ-સંસ્થાને ભેટ મોકલી સાથેના પત્રમાં લખ્યું. 'શ્રીમંત મહારાજા સયાજીરાવ તરફથી ભેટ.'

ꟹ

કહેવતોના અર્થ: 'ગાયને દોહીને કૂતરીને પાવું'—વક્તવ્ય સ્પષ્ટ છે તેમ વાછરડાના મોંમાંથી દૂધ છોડાવી લઈને નિકૃષ્ટ પ્રાણીને તેનો લાભ આપવા જેવું કૃત્ય વર્ણવતી આ કહેવત, એ જ પ્રકારે, શુભ હેતુઓ માટેની વસ્તુઓ, ઊતરતા હેતુઓ માટે નિરર્થક વેડફી દેવા જેવાં કાર્યો કરવા માટે વપરાય છે.

ꟹ

અનેકાર્થી શબ્દ: **ઘાણ**=એક ફેરે રંધાય કે ખંડાય એટલો જથ્થો; સંહાર કે ખરાબી; મોટો હથોડો–ઘણ; લાકડું કોરી ખાનાર એક કીડો; બદનામી; લગ્ન વેળા વરકન્યાને પ્રથમ પીઠી ચોળવાની ક્રિયા; સીમંત વખતની એક શુભ ક્રિયા.

ꟹ

જેનો સરવાળો તથા ગુણાકાર એક જ આવે એવી બે સંખ્યાઓ શોધવાની સહેલી રીત એ છે કે, પહેલાં ગમે તે એક પૂર્ણાંક આંકડો પહેલી સંખ્યા તરીકે લેવો. પછી તે આંકડામાંથી ૧ બાદ કરીને જે આવે તે વડે મૂળ આંકડાને ભાગવો. એમ કરવાથી જે બને તે બીજી સંખ્યા. દા.ત. એક સંખ્યા ૩ લીધી. તેમાંથી એક બાદ: $૩-૧=૨$; હવે $૩÷૨=\frac{૩}{૨}$ એ બીજી સંખ્યા. તાળો મેળવી જુઓ: $૩+\frac{૩}{૨}=\frac{૯}{૨}$ અને $૩×\frac{૩}{૨}=\frac{૯}{૨}$. એ જ પ્રમાણે ૪ અને $\frac{૪}{૩}$, ૫ અને $\frac{૫}{૪}$, ૬ ને $\frac{૬}{૫}$ અને એમ આગળ. —ગૌતમ વખારિયા




મુસાફરીમાં મજૂરો ન મળતા હોય ત્યારે બિસ્રામાં આ પ્રમાણે બે બાજુ બહાર રહે તે રીતે લાકડી વીંટી રાખવાથી બે જણા બે છેડેથી પકડીને તેને સહેલાઈથી ઊંચકી જઈ શકશે.



અકબરનો પાડેલો આ ઉપરનો ૧૭૫ ગ્રેનનો રૂપિયો ઘાટમાં તો સામાન્ય છે. પણ તે અમદાવાદની ટંકશાળમાં પાડેલો છે એ તેની વિશિષ્ટતા ખાતર અહીં આપ્યો છે. તેમાં કાંગરીવાળા ચોરસની વચ્ચે 'જલાલુદ્દીન મુહમ્મદ અકબર બાદશાહ ઘાઝી ૯૮૨ (હીજરી સન)' એમ લખેલું છે અને ચોમેરના હાંસિયામાં 'અસ્સુલતાનુ લ-આઝમ ખલ્લદ અલ્લાહુ તઆલા મુલ્કહુ વ સલ્તનતહુ ઝુરીબ દરૂ-સ-સલ્તનતી અહમદાબાદ (સલ્તનતના અહમદાબાદ મથકે પાડેલો)' એવા લખાણનો ભાગ જણાય છે.

ꟹ

નાના બાળકને નવા જોડા પહેરાવતાં પહેલાં તેમાં શંખજીરાની ભૂકી છાંટવી સુંવાળા રહેશે.



જંગલી ગણાતા આદિવાસીઓની સંસ્કૃતિમાંની કલાકણિકા. A આગળથી શરૂ થઇને B આગળ પહોંચતાં સુધીમાં માત્ર એક જ સળંગ રેખામાં પૂરી થાય છે એ તેની ખૂબી છે.



નોંધાએલા વૈદકીય ઇતિહાસમાં અત્યાર સુધીમાં વધુમાં વધુ ૨૩ $\frac{3}{4}$ રતલનું બાળક જન્મ્યું છે! ઈ. ૧૮૭૯માં નોવાસ્કોશિયાની આનાબિટસ નામની ૭ ફૂટ ૫$\frac{1}{2}$ ઇંચ ઊંચી એક બાઈએ એ વજનના બાળકને જન્મ આપેલો.

ꟹ


આફ્રિકાની મહાનદી ઝાઇરે (કૉંગો) દર સેકંડે ૧૪,૦૦,૦૦૦ ઘનફૂટ પાણી આટલાંટિક મહાસાગરમાં ઠાલવે છે. અને એને પરિણામે દરિયામાં ૩૦ માઈલ દૂર સુધીનું પાણી નદીની સાથે તણાઈ આવેલા કાંપને કારણે માટીરંગું દેખાય છે.

ꟹ

ઈ. ૧૯૨૬માં તુર્કીના તારણહાર કમાલ આતાતુર્કે પ્રાચીન તુર્કી પંચાંગમાં ફેરફાર દાખલ કર્યો ત્યારે માણસોએ જાણે કે એક લાંબામાં લાંબી (૫૮૨ વર્ષની) રાતનો અનુભવ કર્યો! નવા વર્ષની આગલી રાત્રે જ્યારે લોકો સૂતા ત્યારે જૂના પંચાંગ મુજબ તેઓ ત્યાંની ૧૩૪૪-ની સાલમાં હતા અને જાગ્યા ત્યારે ૫૮૨ વર્ષ પછીની સાલમાં.



'મો. ક. ગાંધી' એવા નામાક્ષરોમાં રચાએલી ગાંધીજીની મુખાકૃતિ (આલેખક: બંસીલાલ વર્મા)






દરિયાકિનારાની સૃષ્ટિ

(ફોટો · અશ્વિન મહેતા)

પ્રકૃતિના એ ગહનગંભીર સ્વરૂપને નથી કાળની કોઈ અસર કે નથી માનવજીવનનાં સુખદુઃખ જેવી ફિકર. દિનરાત સતત એનો ધીરગંભીર નાદ ગાજતો જ રહે છે. ધસતાં મોજાંના પડઘાતા નાદ પછી એટલી જ મનોહર એનાં ઓસરતાં પાણીની સ્વપ્નશી ફેનરેખા લાગે છે. એ ખસી ગએલાં પાણી તળેની ભીની ભીની રેતીની અસીમ બિછાત પર ક્યાંક જલપંખીઓ સજીવતા આરોપે છે, તો ક્યાંક એના પર પગલી પાડી માણસ તૃપ્તિની છાપ મૂકે છે. આ ચિત્રોના ફોટો-કલાકારને એ સતત બદલાતી સૌંદર્યસૃષ્ટિની લગની છે. હમણાં જ એમણે મુંબાઈમાં પોતાના પાંચમા ફોટોચિત્ર-પ્રદર્શન 'સી ઈમેઈજિઝ-૧'-માં દરિયાકાંઠાની અનેરી લીલા રજૂ કરી હતી.




પ્રદેશવાદ
કોમવાદ
રાષ્ટ્રીય એકતા
ગુજરાત સરકારના માહિતી ખાતા તરફથી પ્રકાશિત